SATURDAY
૩૦-૦૧-૨૦૨૧
વિ.સં. ૨૦૭૭,
પોષ વદ ૦૨
અંક : ૯૮
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત...

# ચક્રવાત

ગાંધી નિર્વાણ દિન નિમીતે ચક્રવાત પરિવાર તરફથી બાપુને કોટી કોટી વંદન

રાજકોટથી પ્રસિધ્ધ થતું અને સમગ્ર ગુજરાતમાં બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર

● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ● કિંમત રૂા. ૪


### બજેટ સત્રના પ્રારંભે સંસદના બંન્ને ગૃહોને રાષ્ટ્રપતિએ સંબોધન કર્યું

# લોકસભામાં નાણામંત્રીએ આર્થિક સર્વેક્ષણ રજૂ કર્યું

### વર્તમાન નાણાંકિય વર્ષનો આર્થિક વિકાસદર ૭% જ્યારે આગામી વર્ષનો દર ૧૧% રહેવાની ધારણા

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૨૯

આજથી સંસદના બજેટ સત્રની શરૂઆત થઈ. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના અભિભાષણથી આ સત્રની શરૂઆત થઈ. પોતાના અભિભાષણમાં રાષ્ટ્રપતિએ સરકારની ઉપલબ્ધિઓ ગણાવી. આ ઉપરાંત તેમણે નવા કૃષિ કાયદા, ગણતંત્ર દિવસે ખેડૂતોની ટ્રેક્ટર રેલી દરમિયાન ફેલાયેલી અરાજકતાનો પણ ઉલ્લેખ કર્યો.

બજેટ સત્રની શરૂઆત રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના અભિભાષણથી થઈ. અભિભાષણની શરૂઆતમાં રાષ્ટ્રપતિએ કોરોના મહામારીના સમયમાં થઈ રહેલા આ સત્રને મહત્વપૂર્ણ ગણાવ્યું. તેમણે કહ્યું કે નવા દાયકા અને નવા વર્ષનું પહેલું સત્ર છે. આ સાથે આપણે ભારતની આઝાદીના ૭૫માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છીએ. તેમણે કહ્યું કે પડકાર ગમે તેટલો મોટો કેમ ન હોય, અમે ઝૂકીશું નહી.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યું કે મહામારી વિરુદ્ધની આ લડતમાં આપણે અનેક દેશવાસીઓને અકાળે ગુમાવ્યા પણ છે. આપણા બધાના પ્રિય અને પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીનું નિધન પણ કોરોના કાળમાં થયું. સંસદના ૬ સભ્ય પણ કોરોનાના કારણે કસમયે આપણને છોડીને જતા રહ્યા. હું તમામ પ્રત્યે વિનમ્ર શ્રદ્ધાંજલિ અર્પિત કરું છું. તેમણે વધુમાં કહ્યું કે સરકારે લગભગ ૩૧ હજાર કરોડ રૂપિયા ગરીબ મહિલાઓના જનધન ખાતામાં સીધા ટ્રાન્સફર કર્યા. દેશભરમાં ઉજ્જ્વલા યોજનાના લાભાર્થી ગરીબ મહિલાઓને ૧૪ કરોડથી વધુ મફત ગેસ સિલિન્ડર પણ મળ્યા.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યું કે આપણા માટે ગર્વની વાત છે કે આજે ભારત દુનિયાનું સૌથી મોટું રસીકરણ અભિયાન ચલાવી રહ્યું છે. આ પ્રોગ્રામની બે રસી ભારતમાં જ નિર્મિત છે. સંકટના આ સમયમાં ભારતે માનવતા પ્રત્યે પોતાની






જવાબદારીનું નિર્વહન કરતા અનેક દેશોને કોરોના રસીના લાખો ડોઝ ઉપલબ્ધ કરાવ્યા છે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણએ શુક્રવારે સંસદમાં આર્થિક સમીક્ષા રજૂ કરી. ૧ ફેબ્રુઆરીના રોજ રજૂ થનારા સામાન્ય બજેટ પહેલા સંસદના માળખા પર રાખવામાં આવેલી સમીક્ષામાં અર્થવ્યવસ્થાની સ્થિતિ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી છે. મુખ્ય આર્થિક સલાહકાર કૃષ્ણમૂર્તિ વેંકટ સુબ્રમણ્યમની અધ્યક્ષતાવાળી ટીમે ૨૦૨૦-૨૧ માટે આર્થિક સમીક્ષા તૈયાર કરી છે.

આમાં, અર્થવ્યવસ્થાના વિવિધ ક્ષેત્રો વિશે માહિતી આપવાની સાથે, આર્થિક વિકાસને વેગ આપવા માટે વધુ સુધારા માટે સૂચનો કરવામાં આવ્યા છે. તેમાં જણાવ્યું છે કે, કોરોના વાયરસ મહામારી અને તેના નિવારણ માટે લાદવામાં આવેલા 'લોકડાઉન'થી પ્રભાવિત અર્થવ્યવસ્થામાં નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ઝડપથી પુનઃપ્રાપ્તિની અપેક્ષા છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં આર્થિક વિકાસ દર ૨૩.૯ ટકા, જ્યારે બીજા ત્રિમાસિક ગાળામાં ૭.૫ ટકાનો ઘટાડો આવ્યો છે. સમગ્ર નાણાકીય વર્ષમાં ૭.૭ ટકાના ઘટાડાનું અનુમાન છે. આગામી નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં જીડીપી (જીડીપી)નો વૃદ્ધિ દર ૧૧ ટકા હોવાનો અંદાજ છે.

ઈકોનોમી સર્વેમાં ઈકોનોમીમાં ફ-જરટ્ટીદ્ઘં રિકવરીનો અંદાજ છે. આમાં, અર્થવ્યવસ્થા જેટલી ઝડપથી ડાઉન થાય છે, તેટલી ઝડપથી ઉપર જાય છે. સરકારી પ્રોત્સાહનો અને નીતિઓને કારણે માંગ ઝડપથી વધી જાય છે. ઈનકમ અને આઉટપુટ વધે છે, માંગ વધે છે અને લોકો વધુ ખર્ચ કરે છે. કંપનીઓ તેમની ક્ષમતામાં વધારો કરે છે અને વધુ લોકોને રોજગારી આપે છે. સર્વેમાં કહેવામાં આવ્યું છે કે હેલ્થકેર પર સરકારી ખર્ચને જીડીપીના ૨.૫થી ૩% સુધી વધારવો જોઈએ. આ ૨૦૧૭ની નેશનલ હેલ્થ પોલિસીમાં પણ આ લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો. આ છતાં એ હજી પણ ૧%ની આસપાસ છે. ઈન્ટરનેટ કનેક્ટિવિટી અને આરોગ્ય માળખાના ખર્ચમાં વધારો થવો જોઈએ. ટેલિમેડિસિનને પણ પ્રોત્સાહન આપવાની જરૂર છે.

આ સર્વેમાં આર્થિક વિકાસદરને વેગ આપવા માટે અપનાવવામાં આવેલા પગલાંનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એમાં કહેવામાં આવ્યું છે કે અત્યારે ભારત તે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા ધરાવે છે. જો તેને ત્રીજા સ્થાને પહોંચવું હોય તો નવીનીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.

## દિલ્હી બોર્ડર પર ભાડૂતી ગૂંડાઓ અને આંદોલનકારી ખેડૂતો વચ્ચે હિંસક અથડામણ

### પોલીસ પર તલવારથી હુમલો તો પોલીસનો લાઠીચાર્જ

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૨૯

દિલ્હીની સિંઘુ બૉર્ડર પર જોરદાર બબાલ ચાલું થઈ છે. અહીં પર ખેડૂત પ્રદર્શનકારીઓ અને સ્થાનિક પ્રદર્શનકારીઓની વચ્ચે પથ્થરમારો થયો છે. સાથે જ બંને જૂથોની વચ્ચે ઘર્ષણ થયું છે. બબાલની વચ્ચે રહેલી પોલીસે પણ પ્રદર્શન કરી રહેલા લોકો પર લાઠીચાર્જ કર્યો છે. શુક્રવારની સવારે જ દિલ્હી ની સિંઘુ બૉર્ડર પર મોટી સંખ્યામાં લોકો ખેડૂત પ્રદર્શનકારીઓની વિરુદ્ધ પ્રદર્શન કરવા આવ્યા હતા. અહીં "તિરંગે કા અપમાન, નહી સહેગા હિન્દુસ્તાન"ના નારા લાગ્યા અને તરત હાઈવે ખાલી કરવાની માંગ કરી છે.



## અન્ના ઓન : ખેડૂતોના સમર્થનમાં આજથી આમરણ ઉપવાસ પર

(જી.એન.એસ.)રાલેગણ સિદ્ધિ,તા.૨૯

ભારતીય લશ્કરના નિવૃત્ત સૈનિક અને સામાજિક કાર્યકર અન્ના હજારે રાષ્ટ્રપિતા ગાંધીજીની પુણ્યતિથિ એટલે કે ૩૦ જાન્યુઆરી શનિવારથી આમરણ ઉપવાસ પર ઊતરશે. હાલ ચાલી રહેલા ખેડૂત આંદોલનના ટેકામાં અન્નાએ કહ્યું કે ખેડૂતો માટે રચાયેલા સ્વામીનાથન પંચના રિપોર્ટનો અમલ કરવા માટે હું સતત ૨૦૧૮થી કેન્દ્ર સરકારને વિનંતી કરતો રહ્યો છું. પરંતુ મારી વિનંતી એળે ગઈ હોય એવું આ ખેડૂત આંદોલન પરથી લાગે છે. હાલ આંદોલન કરી રહેલા ખેડૂતોના ટેકામાં અન્નાએ શનિવાર ૩૦ જાન્યુઆરીથી આમરણ ઉપવાસ પર ઊતરવાની ધમકી આપી હતી. અન્નાના વતન રાલેગણ સિદ્ધિ ગામના યાદવબાબા મંદિરમાં અન્ના ઉપવાસ પર ઊતરશે. જો કે કેન્દ્રના ખેતીવાડી ખાતાના રાજ્ય પ્રધાન કૈલાસ ચૌધરી આજે રાલેગણ સિદ્ધિ પહોંચી રહ્યા હતા.



## દિલ્હીમાં ઈઝરાયલના દૂતાવાસમાં નજીક બ્લાસ્ટ : ૬૩ એરપોર્ટ હાઈએલર્ટ કરાયા

નવી દિલહી,તા.૨૯

દિલ્હીમાં ઈઝરાયલના દૂતાવાસની બહારે શુક્રવારે સાંજે બ્લાસ્ટ થયો છે. જેના કારણે દૂતાવાસની બહાર ઊભેલી પાંચ ગાડિઓના કાચ તૂટી ગયા.

દિલ્હીમાં ઈઝરાયલની એમ્બેસીની નજીક બ્લાસ્ટ થયો છે. દૂતાવાસની ઈમારતથી લગભગ ૧૫૦ મીટરના અંતરે શુક્રવારે સાંજે લગભગ ૫ વાગ્યે થયેલા આ બ્લાસ્ટમાં કોઈ ઈજાગ્રસ્ત નથી થયા, પરંતુ આજુબાજુ ઊભેલી ચારથી પાંચ ગાડીઓને નુકસાન થયું છે. ઈઝરાયેલે આ ઘટનાને આતંકી હુમલો ગણાવ્યો છે.આ બ્લાસ્ટને લઈને ચિંતા એટલા માટે પણ વધી ગઈ છે કેમકે આજે જ ભારત-ઈઝરાયલના કૂટનીતિક સંબંધોની ૨૯મી વર્ષગાંઠ છે. દિલ્હીના અતિ સુરક્ષિત વિસ્તારમાં થયેલા બ્લાસ્ટથી દેશભરના ૬૩ એરપોર્ટ્સ હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યા છે.




ચક્રવાત દૈનિક

સત્ય માટે સત્ય સાથે સતત
સામાન્ય જનતાનું પોતીકું અખબાર
નેતાઓના મનની નહિ, મારી તમારી આપણી વાત એટલે "ચક્રવાત"

વાર્ષિક લવાજમ માત્ર
રૂપિયા ૧૨૦૦/-



આપનો અમૂલ્ય સહયોગ ચોથી જાગીરના પડકારને જીવંત રાખશે

સાગરભાઈ
મો.૯૧૦૬૬૧૭૮૬૭


## હૈદરાબાદમાં એરટેલ દ્વારા લાઈવ 5Gનું સફળ પરિક્ષણ

(જી.એન.એસ)હૈદરાબાદ,તા.૨૯

ભારતી એરટેલ સસ્તાં ટૈરિફ પ્લાન અને સબસ્ક્રાઈબર્સની રેસમાં ભલે જિયો કરતાં પાછળ હોય, પરંતુ પચ્ની રેસમાં એરટેલે બાજી મારી છે. એરટેલે હૈદરાબાદમાં કમર્શિયલ નેટવર્ક પર લાઈવ 5G સર્વિસ ટેસ્ટિંગ સફળતાપૂર્વક કર્યું છે. કંપનીએ તેનો લાઈવ ડેમો વીડિયો પણ શેર કર્યો છે.

એરટેલે આ પરીક્ષણ પોતાના લિબરલાઈઝ્ડ સ્પેક્ટ્રમને ૧૮૦૦ મેગા હટ્ર્ઝમાં નોન સ્ટેન્ડ અલોન નેટવર્ક ટેક્નોલોજીનાં માધ્યમથી કર્યું. 4Gની સરખામણીએ પ૮પર ૧૦ગણી વધારે સ્પીડ મળી. આ પ્રકારનું ટેસ્ટિંગ કરનાર એટરેલ દેશની પ્રથમ ટેલિકોમ કંપની બની છે. ભારતી એરટેલના MD અને CEO ગોપાલ વિઠ્ઠલે કહ્યું કે, મને મારા એન્જિનિયર્સ પર ગર્વ છે. તેમણે હૈદરાબાદમાં આ ટેક્નોલોજીનું સફળ ટેસ્ટિંગ કર્યું છે. હૈદરાબાદમાં આ ટેસ્ટ ગેમ ચેન્જર સાબિત થયો. એરટેલ કંપની આ ક્ષમતા પ્રદર્શન કરનાર પ્રથમ કંપની બની છે. ભારતમાં 5G ઈનોવેશન માટે ગ્લોબલ સેન્ટર બનવાની ક્ષમતા છે. હૈદરાબાદમાં ટેસ્ટિંગ દરમિયાન 5G યુઝર્સે ફોનમાં આંખના પલકારે આખી ફિલ્મ ડાઉનલોડ કરી દીધી. એરટેલને હવે આ સર્વિસ શરૂ કરવા માટે સરકારની મંજૂરીની જરૂર છે. કંપનીના જણાવ્યાનુસાર, ગ્રાહકો સુધી 5G ટેક્નોલોજી ત્યારે ઉપલબ્ધ થશે જ્યારે પર્યાપ્ત સ્પેક્ટ્રમ સાથે સરકારની અનુમતિ મળશે.

## વધુ એક ખાનગીકરણ : મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેનનો કોન્ટ્રાક્ટ એલએન્ડટી હસ્તક

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૨૯

કન્ટ્રક્શન અને એન્જીનિયરિંગ કંપનીએ શુક્રવારે કહ્યું કે તેમને મુંબઈ-અમદાવાદ હાઈ સ્પિડ રેલ કોરિડોર પરિયોજના માટે ૨૫૦૦૦ કરોડ રૂપિયાનો એક કોન્ટ્રાક્ટ મળ્યો છે. જોકે કંપનીએ કોન્ટ્રાક્ટની માહિતી આપી નથી. પરતુ તેમણે તેને મહત્વપૂર્ણ શ્રેણીનો કોન્ટ્રાક્ટ ગણાવ્યો છે. આ શ્રેણીના કોન્ટ્રાક્ટ એક હજાર કરોડથી લઈને ૨૫૦૦૦ કરોડ સુધીના હોય છે.

કંપનીએ શેર બજારને જણાવ્યું, એલએન્ડટી કંસ્ટ્રક્શન હેવી સિવિલિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર બિઝનસે આ કોન્ટ્રાક્ટ હેઠળ તેમને ૨૮ પુલની ખરિદી, નિર્માણ, સંયોજન, પેન્ટ અને પરિવહનનું કામ મળ્યું છે. કંપનીએ કહ્યું કે, તેમણે જાપાનની IHI Infrastructure Systems (IIS)ની સાથે કન્સોર્ટિયમના માધ્યમથી આ કોન્ટ્રાક્ટ પ્રાપ્ત કર્યો છે. બીએસઈ પર એલએન્ડટીનો શેર ૦.૫૬ પ્રતિશતના ઘટાડા સાથે ૧૩૩૭.૪૫ પર કારોબાર કરી રહ્યો છે.

આ દેશની પહેલી બુલેટ ટ્રેન પરિયોજના છે, મુંબઈ- અમદાવાદના ૫૦૮.૧૭ કિમી લાંબા બુલેટ ટ્રેન કોરિડોરનો ૧૫૫.૭૬ કિમી ભાગ મહારાષ્ટ્રમાં, ૩૪૮.૦૪ કિમી ગુજરાતમાં અને ૪.૩કિમી દાદરા નગર હવેલીમાં છે. આ પરિયોજનાનો ખર્ચ અંદાજે ૧.૧ લાખ કરોડ રૂપિયા છે.

## ઘરમાંથી એક સભ્ય દિલ્હી પહોંચે, નહીં તો ૧૫૦૦ દંડ અથવા સામાજિક બહિષ્કાર

### પંજાબના બઠિંડાની પંચાયતનો આદેશ

(જી.એન.એસ)બઠિંડા,તા.૨૯

પંજાબના બઠિંડા જિલ્લાના ગામ વિર્ક ખુર્દની પંચાયતે આંદોલનકારી ખેડૂતોના સમર્થનમાં એક આશ્ચર્યજનક આદેશ કર્યો છે. એમાં કહેવામાં આવ્યું છે કે ગામના દરેક પરિવારમાંથી એક સભ્યએ દિલ્હી બોર્ડર જવું પડશે. જે પરિવાર આ આદેશ નહીં માને તેમને ૧૫૦૦ રૂપિયાનો દંડ કરાશે અથવા તેમનો સામાજિક બહિષ્કાર કરવામાં આવશે. પંજાબની બીજી પંચાયતો પણ આવો પ્રસ્તાવ પસાર કરવાની તૈયારી કરી રહી છે.

૨૬ જાન્યુઆરીએ દિલ્હીમાં થયેલી હિંસા અને ત્યાર પછી સરકારના કડક વલણને ધ્યાનમાં રાખીને ખેડૂતો ઘરે પરત ફરી રહ્યા છે. એને કારણે આંદોલન કરતા ખેડૂતોની ચિંતા વધી ગઈ છે. આ સંજોગોમાં હવે પંચાયતોએ મોરચો સંભાળ્યો છે. ગુરુદ્વારામાંથી એવી જાહેરાત કરવાનું કહેવામાં આવ્યું છે કે દિલ્હીમાં આંદોલન હજી ચાલુ જ છે, વધુ ને વધુ લોકો દિલ્હી પહોંચો. કોઈપણ પ્રકારની અફવાઓ પર વિશ્વાસ ન રાખવો. વિર્ક ખુર્દ પંચાયતના આદેશમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે આંદોલનમાં જનારી વ્યક્તિએ ત્યાં ઓછામાં ઓછા સાત દિવસ રહેવું પડશે. આંદોલનમાં જો કોઈના વાહનને નુકસાન થશે તો એ નુકસાન ભરપાઈ કરવાની જવાબદારી સંપૂર્ણ રીતે ગામની રહેશે. ભારતીય કિસાન યુનિયન ફરી લોકો સુધી સોશિયલ મીડિયા દ્વારા પહોંચવાનો પ્રયત્ન કરી રહ્યું છે. તેઓ અપીલ કરી રહ્યા છે કે ગામડાંના ગુરુદ્વારાથી જાહેરાત કરીને જણાવવામાં આવે છે કે દિલ્હી બોર્ડર પર આંદોલનનું સ્ટેજ ફરી લાગી ગયું છે. બધા ફરી શાંતિથી ધરણાં કરવા બેસી ગયા છે. ટીવી પર આંદોલનકારીઓ પરત ફરી રહ્યા છે એવી ખોટી અફવા ચાલી રહી છે. હકીકત એના કરતાં સાવ ઊંધી છે કે દિલ્હીમાં બમણી ભીડ ભેગી થવા લાગી છે. દિલ્હીમાં ઈન્ટરનેટ બંધ છે, નહીં તો તમને ઘટનાસ્થળની સ્થિતિ લાઈવ કરીને બતાવી દેત.

## એટલાન્ટાના પ્લાન્ટમાં બ્લાસ્ટ : ૬ના મોત, ૧૨થી વધુ ઘાયલ

(જી.એન.એસ.)એટલાન્ટા,તા.૨૯

અમેરિકાના એટલાન્ટાના હોલ કાઉન્ટીમાં એક ફૂડ પ્રોસેસિંગ પ્લાન્ટમાં કેમિકલના ગળતરથી છ લોકોનાં મોત થયાં છે અને કમસે કમ ૧૨થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે, જેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સ્થાનિક અધિકારીઓએ કહ્યું હતું કે ફાઉન્ડેશન ફૂડ ગ્રુપમાં અમેરિકી સમય અનુસાર સવારે ૧૦ કલાકની આસપાસ એક તરલ નાઈટ્રોજન લાઈન ફાટી ગઈ હતી. આ લીકને પ્રારંભમાં કેટલાક અધિકારીઓ દ્વારા વિસ્ફોટ બતાવવામાં આવ્યો હતો, પણ તપાસકર્તાઓએ કહ્યું હતું આ એકમાત્ર ગળતર હતું.

સત્ય માટે, સત્ય સાથે સતત..
ચક્રવાત

# બાલકૃષ્ણ વિદ્યામંદિરમાં ૨૬મી જાન્યુઆરીની ઉત્સાહભેર ઉજવણી



ચક્રવાત ટીમ રાજકોટ,તા.૨૯

તાજેતરમાં શહેરની નામાંકિત શાળા બાલકૃષ્ણ વિદ્યામંદિરમાં ૨૬મી જાન્યુઆરીની ઉમંગભેર ઉજવણી કરવામાં આવેલ. શ્રીમતી મિતલબેન નેનુજીના માર્ગદર્શન હેઠળ બાળકોએ વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લીધેલ. "આઝાદીના ઘડવૈયા" વિષય પર બાળકોએ સુંદર વ્યક્તવ્ય ની રજૂઆત કરેલ. સહુ કોઈ મહેમાનો ને મંત્રમુગ્ધ કરી દીધેલા. અતિથિ વિશેષ શ્રી વિજયભાઈ વાંક ( કોર્પોરેટરશ્રી ), શ્રી મનીષભાઈ રાઠોડ (મેંગોપીપલ પરીવાર), તથા શ્રી અભિષેકભાઈ રાદડીયાના વરદ હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ કરવામાં આવેલ. સ્પર્ધામાં ભાગ લેનાર દરેક બાળકોને પુરસ્કાર અને કાર્યક્રમ પૂર્ણ થયે ઘરનો જ બનાવેલ શુદ્ધ અને પૌષ્ટિક નાસ્તો આપવામાં આવેલ. આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે શાળાના સંચાલક શ્રી વિશાલભાઈ નેનુજી તથા સમગ્ર સ્ટાફે સુંદર જહેમત ઉઠાવેલી.

# પરણીતાને મારીને સળગાવવાના કેસમાં સસરાના જામીન મંજૂર

ચક્રવાત ટીમ ગીર સોમનાથ,તા.૨૯



બનાવ ની ટૂંક માં હકીકત એવી છે કે સન ૨૦૨૦ માં ઉગમણા બારા ગામ,દેવભૂમિ દ્વારકા માં પરણીતા ને પતિ અને સસરા દ્વારા શારીરિક - માનસિક ત્રાસ આપી જીવતી સળગાવી દેવાની ઘટના ની તારીખ ૧૦/૦૨/૨૦૨૦ ના રોજ આઈપીસી ૩૦૨,૩૦૭,૪૯૮,(એ)૫૦૪,૫૦૬ (૨),૩૨૩,૧૧૪ મુજબ ની ફરિયાદ સલાયા મરીન પોલિસ , માં નોંધાયેલ હતી.ત્યારબાદ પતિ અને સસરા ની ધરપકડ કરવામાં આવી હતી.તેથી ફેબ્રુઆરી ૨૦૨૦ થી જ્યુડિશિયલ કસ્ટડી માં હતા.ત્યારબાદ સસરા દ્વારા જામ-ખંભાળિયા,સેસન્સ કોર્ટ માં જમીન મુક્તા નામદાર કોર્ટ દ્વારા જમીન નામંજૂર કરવામાં આવેલ હતા.ત્યાર બાદ આરોપી સસરા દ્વારા નામદાર ગુજરાત હાઈ કોર્ટ માં જમીન અરજી દાખલ કરવામાં આવેલ હતી. અરજદાર સસરા તરફ થી ગુજરાત હાઈ કોર્ટ માં એડવોકેટ પ્રશાંત ચાવડા એ ધારદાર રજૂઆત કરેલ.જેના ભાગ રૂપે નામદાર ગુજરાત હાઈ કોર્ટે એડવોકેટ પ્રશાંત ચાવડા શ્રી ની રજૂઆત અને બચાવ ના મુદ્દા ગ્રાહ્ય રાખી ને તારીખ ૨૯/૦૧/૨૦૨૧ ના રોજ અરજદાર ને જમીન ઉપર મુક્ત કરેલ છે. તેમાં અરજદાર તરફ થી નામદાર ગુજરાત હાઈ કોર્ટ માં વરીષ્ઠ એડવોકેટ પ્રશાંત ચાવડા હાજર થયેલ હતા.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કાલે ૯૧ હજાર બાળકોને પોલીયો રસીકરણ

ચક્રવાત ટીમ જામ ખંભાળિયા, તા.૨૯

વિશ્વમાંથી પોલીયો રોગ નાબુદ કરવા માટે સંપુર્ણ ભારત દેશમાં આગામી રવિવાર તા. ૩૧ ના રોજ પોલીયો વેકસીનના રાઉન્ડનું આયોજન કરેલ હોય જે અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ પોલીયો રાઉન્ડનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં જિલ્લા કક્ષા તથા તાલુકા કક્ષાના અધિકારીઓ, સ્વૈચ્છીક સંસ્થાઓના કાર્યકરો તેમજ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના સંકલનમાં રહી કામગીરી ગુણવતા સબબ, યોજનાબધ્ધ કામગીરીની પધ્ધતિઓ મુજબ હાઈરીસ્ક વિસ્તાર, સ્લમ વિસ્તાર, ઈંટોના ભઠઠા, ઔદ્યોગિક એકમો, દુર્ગમ ઝુપડપટીઓ, નેસ વિસ્તારને આવરી લઈ, પોલીયો રસીકરણ કામગીરી હાથ ધરવામાં આવશે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દેવભૂમિ દ્વારકા ડો. આર.વી. પટેલ દ્વારા જણાવ્યા મુજબ દેવભૂમિ દ્વારકામાં આશરે ૯૦,૬૩૫ બાળકોને પ્રથમ દિવસે ૪૫૮ પોલીયોના બુથ ઉપર તેમજ બીજા અને ત્રીજા દિવસે ૮૭૮ ટીમો તેમજ ૮૬ મોબાઈલ ટીમ દ્વારા ઘરે ઘરે ફરી જિલ્લાના પાંચ વર્ષ સુધીના તમામ બાળકોને પોલીયો રસીથી આરક્ષિત કરાશે. જિલ્લાની દરેક આંગણવાડી કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, પેટા આરોગ્ય કેન્દ્રો, સરકારી હોસ્પિટલો, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશનો, ધાર્મિક સ્થળો ઉપર બુથનું આયોજન કરવામાં આવેલ છે. જિલ્લાના હાઈરીસ્ક વિસ્તારો તમેજ બાવીસ ટ્રાન્ઝીસ્ટર પોઈન્ટ પર પોલીયોની રસી પીવડાવવામાં આવશે. જનસમુદાયમાં જનજાગૃતિ લાવવા જાગૃત નાગરીકો દ્વારા તેમના આજુબાજુના વિસ્તારમાં બાળકોને રવિવારના રોજ પોલીયોના બુથ ઉપર જઈને પોલીયો રસી અપાવવા માટે પ્રોત્સાહિત કરવા અને આ કાર્યક્રમને સંપુર્ણ સહકાર આપી પાંચ વર્ષ સુધીના તમામ બાળકોને પોલીયોની રસી પીવડાવી પોલીયોથી રક્ષિત કરવા દેવભૂમિ દ્વારકાના કલેકટર ડો. નરેન્દ્રકુમાર મીના તથા જિલ્લા વિકાસ અધિકારી ડી.જે. જાડેજા દ્વારા અપીલ કરવામાં આવી છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાના આહીર સમાજનું ગૌરવ



ચક્રવાત ટીમ જામ ખંભાળિયા, તા.૨૯

દેવભૂમિ દ્વારકા જિલ્લાના વતની અને હાલ ગાંધીનગર ખાતે હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવવા બદલ નારણભાઈ ભોચીયાને પ્રજાસત્તાક પર્વ નિમિત્તે દેશના મહામહિમ રાષ્ટ્રપતિ દ્વારા ઈંડખ- પોલીસ મેડલથી સન્માનિત થવા માટે હકદાર જાહેર કરવામાં આવ્યા છે. નારણભાઈ ભોચીયાની આ અનેરી સિદ્ધિ બદલ દેવભૂમિ દ્વારકાના આહીર એક્સ. એસ.એસ. બી.ના આગેવાનો- કાર્યકરો દિલીપભાઈ સોલંકી, રામભાઈ સુવા, નારણભાઈ આંબલીયા વિગેરે દ્વારા હાર્દિક અભિનંદન તથા શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

# જામકંડોરણા : તરવડામાં રવિવારે સર્વરોગ નિદાન-રક્તદાન કેમ્પ

**નિ:શુલ્ક નિદાન કેમ્પમાં જુદા જુદા રોગોનાં નિષ્ણાંત તબીબો સેવા આપશે, મંત્રી જયેશ રાદડીયા ઉપસ્થિત રહેશે**

ચક્રવાત ટીમ રાજકોટ તા.૨૯

અહીં ભાદર નદીનાં કાંઠે આવેલ મચ્છો માતાજીના મંદિર તરવડા ખાતે તા.૩૧ને રવિવારનાં સવારે ૯ થી ૧૨ દરમ્યાન મંત્રી જયેશ રાદડીયનાં મુખ્ય મહેમાનપદે શહેર-તાલુકાના ગ્રામ્ય વિસ્તારનાં લોકો માટે નિ:શુલ્ક સર્વરોગ નિદાન તથા મહા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

રાજ્યનાં કેબીનેટ મંત્રી જયેશ રાદડીયાની ઉપસ્થિતીમાં યોજાનાર સર્વરોગ નિદાન કેમ્પમાં જુદા જુદા રોગોનાં તબીબો ડો. હાર્દિક સંઘાણી (એમ.ડી. ફીઝીશ્યન) ડો. નિલેષ જોષી, ડો. કલ્પેશ ભાલોડિયા તથા ડો. ગૌરવ કાલરીયા (ધોરાજી) ઉપરાંત જામકંડોરણાના ડો. રાકેશ ઠેસીયા, ડો. ચિરાગ પોંકિયા અને રાહુલ જે. કથીરીયા દર્દીઓને તપાસી માર્ગદર્શન આપશે.

રક્તદાન કેમ્પમાં ધોરાજી-જામકંડોરણા વિસ્તારનાં રક્તદાન કરવા ઈચ્છુક રક્તદાતાઓએ માલધારી સેનાના અધ્યક્ષ નાજાભાઈ મો. નં.૯૬૨૪૫ ૬૧૩૬૧, દિપક ગજેરા ૯૮૭૯૯ ૨૪૮૭૫, વિજય રાણપરીયા ૯૭૧૪૪ ૭૨૩૯૬નો ફોન પર અથવા રૂબરૂ સંપર્ક સાધવા સમસ્ત તરવડા ગામ, માલધારી સેના, ભરવાડ સમાજ અને શિક્ષક સંગઠન (રાજકોટ)નો સંપર્ક સાધવા જણાવાયુ છે.

# દેવભુમિ દ્વારકામાં ચૂંટણી સંદર્ભે સુત્રો કે અન્ય ચિત્રો પ્રદર્શિત કરવા પૂર્વે મંજૂરી જરૂરી

ચક્રવાત ટીમ જામ ખંભાળિયા, તા.૨૯

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સામાન્ય સંદર્ભે ચૂંટણી પંચે જાહેર કરેલી આચાર સંહિતાનો અમલ કરાવવા અને લોકોની તેમજ જાહેર માલ મિલ્કતને થતી હાનિ, બગાડ અટકાવવા માટે દેવભૂમિ દ્વારકા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ કે.એમ. જાનીએ કોઈ પણ વ્યકિત, સંસ્થા, ચુંટણીના ઉમેદવારો અને તેઓના કાર્યકરોને અથવા તેમના દ્વારા નિયુકત કરેલ વ્યકિત, સંસ્થા કે પેઢી વગેરેને સબંધિત જાહેર મિલ્કત અને ખાનગી માલીકોની લેખિત અને પૂર્વ પરવાનગી લીધા વિના જાહેર અથવા ખાનગી મિલ્કત ઉપર ચુંટણીલક્ષી પ્રચારપત્રો ચોડીને, સુત્રો લખીને, નિશાનો ચીતરીને દિવાલો ન બગાડવા, તેમજ રાજકીય પક્ષ અથવા ઉમેદવારો પોતાના કાર્યકરનો ધ્વજદંડ ઉભા કરવા, બેનરો લટકાવવા, નોટીસો ચોટાડવા, સુત્રો લખવા અથવા અન્ય કોઈપણ રીતે જાહેર અથવા ખાનગી મિલ્કત બગડે તેવી રીતે ચૂંટણી પ્રચાર કરવા વિગેરે માટે માલીકની લેખિત અને પુર્વ પરવાનગી લીધા વિના કોઈપણ વ્યકિતની જમીન કે મકાન, કમ્પાઉન્ડ, દિવાલ, વાહનો, રોડ રસ્તા વિગેરેનો ઉપયોગ ન કરવા કે બગાડવા નહીં તેવો હુકમ કર્યો છે. જાહેર મકાન એ શબ્દ પ્રયોગમાં મિલ્કત જેવી કે ધોરી માર્ગ, શેરી ગલી, ચારરસ્તા, ચાર રસ્તા પર માર્ગ દિશા બતાવાતા સાઈન બોર્ડ, ધોરી માર્ગ ઉપરના માઈલ સ્ટોન, રેલ્વે ફાટક ઉપર ચેતવણી રૂપ નોટીસ બોર્ડ, રેલ્વે પ્લેટફોર્મ, બસ, વાહન, ટર્મીનલમાં નામના બોર્ડ અથવા જાહેર જનતાની સગવડ માટે પ્રદર્શિત કરેલા કોઈ અન્ય નોટીસ સાઈન બોર્ડનો સમાવેશ થાય છે. આ હુકમ જિલ્લા તથા તાલુકા પંચાયત અને નગરપાલિકાની સામાન્ય ચુંટણીની સમગ્ર પ્રક્રિયા પુર્ણ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમગ્ર વિસ્તારની લાગુ પડશે. હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે તેમ વધુમાં જણાવાયું છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચૂંટણી સંદર્ભે લાઉડ સ્પીકરની પરવાનગી આપવાના અધિકારો સોંપાયા

ચક્રવાત ટીમ જામ ખંભાળિયા, તા.૨૯

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચૂંટણી સિવાયના સમયગાળામાં જાહેર સ્થળો તથા જાહેર મનોરંજનની જગ્યામાં લાઉડ સ્પીકર વગાડવા માટે પરવાની આપવાના અધિકારો જિલ્લાના પોલીસ અધિક્ષક, વિભાગીય પોલીસ અધિક્ષક, પોલીસ ઈન્સપેકટર અને પોલીસ સબ ઈન્સપેકટરને આપવામાં આવ્યા છે. આગામી જિલ્લા તથા તાલુકા પંચાયત, નગરપાલિકાની સામાન્ય ચૂંટણી અંતર્ગત મતદાન તા.૨૮ના રોજ થનાર છે. ચૂંટણી યોજવા અંગેતી જાહેરાત તા. ૨૩ ના રોજ કરાયા બાદ આ વિસ્તારમાં આદર્શ આચાર સંહિતા અમલમાં છે. જેથી જિલ્લા તથા તાલુકા પંચાયત, અને નગરપાલિકાની સામાન્ય ચૂંટણી દરમ્યાન જિલ્લાના મતદાર વિભાગમાં ઉમેદવારો તરફથી લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગીઓ ઉતાવળે માંગવામાં આવે તે સમયે પોલીસ અધિકારીઓ કોઈ ગુનાની તપાસમાં રોકાયેલા હોય, અગર કાયદો અને વ્યવસ્થા જાળવવાની કામગીરીમાં રોકાયેલ હોય તેવા સમયે ઉમેદવારોને પરવાનગી મેળવવામાં સુગમતા રહે તેમજ આચાર સંહિતાનું યોગ્ય રીતે પાલન થાય તે હેતુથી ચુંટણીના હેતુ માટે તેમજ તે સિવાયના અન્ય તમામ હેતુઓ માટે જિલ્લા મેજીસ્ટ્રેટ ડો. નરેન્દ્રકુમાર મીનાએ એક આદેશ કરી, માંગવામાં આવતી પરવાનગીઓના સંદર્ભમાં લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગી આપવાના અધીકારો (ચુંટણી પ્રક્રિયા પુર્ણ થવા સુધી) લાઉડ સ્પીકર વગાડવા અંગેના નિયમો-૧૯૬૦ નિયમ ૧ અને ૭ હેઠળ નીચેના અધિકારીઓને આપેલ છે. ચુંટણી પ્રચારમાં ફરતા વાહનમાં લાઉડ સ્પીકર વગાડવાની મંજુરી તેમજ ફકત ચુંટણી સરઘસમાં લાઉડ સ્પીકર વગાડવાની મંજુરી દેવભૂમિ દ્વારકા જિલ્લાના એકથી વધુ તાલુકા વિતાસ્તાર માટે દેવભૂમિ દ્વારકા જિલ્લા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટને, ખંભાળિયા અને ભાણવડ તાલુકા પ્રાંત વિસ્તારમાં તેમજ કલ્યાણપુર અને દ્વારકા તાલુકા વિસ્તારમાં પ્રાંત અધિકારી- ખંભાળિયાને અધિકાર અપાયો છે. આ ઉપરાંત ચુંટણી પ્રચારમાં ફરતા વાહનોમાં લાઉડ સ્પીકર વગાડવાની મંજુરી અને ફકત ચુંટણી સભા કે સરઘસમાં લાઉડ સ્પીકર વગાડવાની મંજુરી ખંભાળિયા, ભાણવડ, કલ્યાણપુર અને દ્વારકા તાલુકા વિસ્તારમાં સ્થાનિક મામલતદારને અધિકાઓ અપાયા છે. લાઉડ સ્પીકરની પરવાનગી ભારતના ચુંટણીપંચના વખતો વખતની સુચના, આદેશ અને નિયત થયેલા આચાર સંહિતા લક્ષમાં લઈ આપવાની રહેશે તેમ વધુમાં જણાવાયું છે.

# જોડીયામાં શ્રી રામ ચરીત્ર માનસ અખંડ પાઠ કાલે ૨૯માં મંગલ પ્રવેશ

ચક્રવાત ટીમ જોડીયા, તા.૨૯

શ્રી રામકૃષ્ણ સાધના ટ્રસ્ટ સંચાલીત ગીતા વિદ્યાલયના સંસ્થાપક ચીરાગમુનીની પ્રેરણા તથા પૂ. મોરારીબાપુના શુભાષિશથી સંસ્થાના પટાંગણમાં તા.૨૯-૧-૧૯૯૩થી નીરંતર શ્રી રામ ચરીત્ર માનસના અખંડ પાઠ માનસ મંદિરમાં ચાલી રહ્યો છે, આજરોજ અખંડ પાઠનો ૨૮ વર્ષમાં પૂર્ણ થઈને ગઈકાલે ૨૯મો અખંડ પાઠનો મંગળ પ્રવેશ થશે, આજથી શ્રી રામ ચરીત્ર માનસની ચોપાઈ પે હોમાત્મક યજ્ઞનો પ્રારંભ થયેલ, ગઈકાલે પુર્ણાહુતી થશે, હોમાત્મક યજ્ઞમા ગીતા વિદ્યાલયના બાળકો તથા ગામના ભાવિકો યજ્ઞનો લાભ લઈ રહ્યા છે. શ્રી હનુમાન મહારાજ સમક્ષ અખંડ પાઠનો અખંડ દિવા સામે શ્રી રામ ચરીત્ર માનસ અખંડના પાઠ નીરંતર ૨૪૭, ૩૬૫ દિવસ જોડીયાના રામભકતો પઠન કરી રહ્યા છે, સમગ્ર ઉપરોકત કાર્યક્રમ સંસ્થાના ટ્રસ્ટી વિનુભાઈ ચંદારાણા તથા વિનુભાઈ કાનાણીના માર્ગદર્શનમાં ગીતા પરિવારના સેવકો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# ઓખા-અર્નાકુલમ અને ઓખા-રામેશ્વરમ સ્પેશ્યલ ટ્રેન વધુ ફેરા સાથે લંબાવાઈ

ચક્રવાત ટીમ જામનગર, તા.૨૯

રેલવે દ્વારા ઓખા-અર્નાકુલમ અને ઓખા રામેશ્વરમ સ્પેશ્યલ ટ્રેનો વધારાના ફેરાની સાથે લંબાવવાનો નિર્ણય લેવાયો છે. જે મુજબ ઓખા અર્નાકુલમ જંકશન સ્પેશ્યલ ટ્રેન દર સોમવારે અને શનિવારે ઓખાથી સવારે ૬-૪૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે રાત્રે ૨૩-૫૫ વાગ્યે અર્નાકુલમ જંકશન પહોંચશે. આ ટ્રેન ૬ ફેબ્રુઆરીથી ૩ એપ્રિલ સુધી ચાલશે. આ ટ્રેન અર્નાકુલમ જંકશન ઓખા સ્પેશ્યલ અર્નાકુલમ જંકશનથી દર બુધવારે અને શુક્રવારે રાત્રે ૨૦-૨૫ વાગ્યે ઉપડશે જે ત્રીજા દિવસે બપોરે ૧૬-૪૦ કલાકે ઓખા પહોંચશે આ ટ્રેન ૩ ફેબ્રુઆરીથી ૩૧ માર્ચ સુધી ચાલશે. ઓખા-રામેશ્વરમ સ્પેશ્યલ ટ્રેન દર મંગળવારે ઓખાથી સવારે ૮-૪૦ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે સાંજે ૧૯-૧૫ કલાકે રામેશ્વરમ પહોંચશે. આ ટ્રેન ૯ ફેબ્રુઆરીથી ૩૦ માર્ચ સુધી ચાલશે. જયારે રામેશ્ર્વરમ ઓખા સ્પેશ્યલ ટ્રેન રામેશ્ર્વરમથી દર શુક્રવારે રાત્રે ૨૨-૧૦ વાગ્યે ઉપડશે અને ચોથા દિવસે સવારે ૧૦-૨૦ કલાકે ઓખા પહોંચશે.આ ટ્રેન ૫ ફેબ્રુઆરીથી ૨૬ માર્ચ સુધી ચાલશે. આ ટ્રેનની ટીકીટનું બુકીંગ ૨૯ જાન્યુઆરીથી શરૂ થશે.

# બાલંભડી ગામમાં બીમારીથી કંટાળીને વૃદ્ધાનો આપઘાત

ચક્રવાત ટીમ જામનગર, તા.૨૯

જામનગરના બાલંભડી ગામમાં એક વૃદ્ધાએ માનસિક બીમારીથી કંટાળીને ગળાફાસો ખાઈ લેતાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું છે. જામનગર તાલુકાના બાલંભડી ગામમાં રહેતા ધીરજબા બોધુભા જાડેજા ઉમર ૬૫ ને બીપી તથા માનસિક બીમારી હોય જેનાથી કંટાળી જઈને ગઈ તારીખ ૨૬ ના રોજ પોતાના ઘરની આડીમાં કપડા સુકવવાની દોરી વડે ફાંસો ખાઈ લેતા બેભાન હાલતમાં સારવાર અર્થે જીજી હોસ્પિટલમાં લઈ જતા જ્યાં ફરજ પરના તબીબે તપાસીને મરણ ગયાનું જણાવ્યું હતું.આ બનાવની જાણ અનોપસિંહ જાડેજા દ્વારા સિક્કા પોલીસમાં કરવામાં આવી હતી.

# ગુજરાત કિસાન કોંગ્રેસના પ્રમુખ પાલભાઈ આંબલીયા કોરોનાગ્રસ્ત

ચક્રવાત ટીમ ખંભાળીયા, તા.૨૯

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળીયાના અગ્રણી તથા કોંગ્રેસી આગેવાન તથા ગુજરાત કિસાન કોંગ્રેસના પ્રમુખ પાલભાઈ આંબલીયા ગઈકાલે કોરોના સંક્રમિત થયા છે તથા તેમનો રિપોર્ટ પોઝિટિવ આવેલો છે. દિલ્હી ખેડૂત આંદોલનમાં, રાજકોટ ધરણાંમાં તથા સાઈકલ પર પ્રવાસ જેવા અનેક કાર્યક્રમો તેમણે હાલમાં કર્યા હોય, આ આંદોલનો તથા કાર્યક્રમોમાં તેઓ અનેક કાર્યકરોના સંપર્કમાં પણ આવ્યા હોય, તેમનો ગઈકાલે કોરોના રિપોર્ટ પોઝિટિવ નીકળતા તેમણે તેમના સંપર્કમાં આવેલા વ્યક્તિઓને ટેસ્ટીંગ કરાવા વિનંતી કરી છે. જેથી કોરોના સંક્રમણ હોય તો તેઓ તબીબી સારવાર કરાવી શકે.

# ઓખા-બેટ દ્વારકા વચ્ચેની ફેરીબોટના ભાડા વધારા અંગે બોટચાલકો દ્વારા જિલ્લા કલેકટરને રજૂઆત


ચક્રવાત ટીમ દ્વારકા, તા.૨૯

દ્વારકા ઓખા બેટ દ્વારકા વચ્ચે યાત્રાળુઓના આવાગમન માટે હાલ સુધી એકમાત્ર ફેરીબોટ સર્વિસ ઉપલબ્ધ છે. આ ફેરીબોટના સંચાલકો દ્વારા જિલા કલેકટરને રજૂઆત કરી ભાડા વધારવા માંગ કરાઈ છે. જે અનુસાર આશરે એકાદ વર્ષ પૂર્વે સરકાર દ્વારા ફેરીબોટમાં મુસાફરી કરતા મુસાફરોનું ભાડું ૨૯ રૂા. નકકી કરાયું હતું જે આજસુધી ચાલી રહયુ છે. કોરોના કાળમાં લોકડાઉન સમયમાં છ માસ બોટો બંધ રહી હોય અને ત્યારબાદની મંદી તેમજ ફેરીબોટ સેવા લોકડાઉન બાદ પુનઃ શરૂ કરાયા બાદથી હજુ સુધી પણ ૬૦ ટકાની કેપેસીટીમાં જ ભરવાનો



કલેકટરનું :હેરનામું હોય તેમજ છેલાં સમયમાં ડીઝલના સતત વધતા ભાવોને લીધે ફેરીબોટના ધંધાર્થીઓને માત્ર ૨૯ રૂા.નું ભાડુ તથા મેન્ટેનન્સ પણ પરવડતું ન હોવાનું જણાવી જો પેસેન્જર ભાડામાં વધારો નહિં કરાય તો બોટચાલકોને ભુખે મરવાનો વારો આવે તેમ હોવાનું જણાવી તેઓને પડતી વ્યાપક હાલાકી વિશે રજૂઆત કરી છે. વધુમાં હાલમાં ૧૬૦ જેટલા ફેરીબોટ ચાલકો હોય ત્યારે એક બોટનો વારો પણ આશરે ૭ દિવસે આવતો હોય ત્યારે બોટમાં કામ કરનારા માણસોનો પણ પગાર નિકળતો ન હોવાનું જણાવી પેસેન્જર ભાડામાં વધારો કરવા મંજૂરી આપવા રજૂઆત કરાઈ છે.

# સાળંગપુરમાં આજે કષ્ટભંજનદેવ હનુમાનને દ્રાક્ષનો અન્નકૂટ



ચક્રવાત ટીમ બોટાદ, તા.૨૯

બોટાદ જીલ્લાના સાળંગપુર ખાતે શ્રી કષ્ટભજનદેવ હનુમાનજી મંદિર મા દાદા ના દરબારમા આવતી કાલે લીલી દ્રાક્ષ અને કાળી દ્રાક્ષનો અન્નકોટ કરવામાં આવશે. મંગળા આરતી સવારે ૫:૩૦કલાકે અને શણગાર આરતી સવારે ૭ :૦૦ કલાકે તેમજ લીલી દ્રાક્ષના અન્નકોટની આરતી સવારે ૧૧:૦૦ કલાકે તેમજ લીલી દ્રાક્ષના અન્નકોટના દર્શન ૧૧:૦૦થી ૧:૦૦ કલાકે ખુલ્લા મુકવામાં આવશે તેમા હજારો હરિભકતો દાદા ના લીલી તથા કાળી દ્રાક્ષના અન્નકોટના દર્શન કરશે.

# ઉપલેટામાં તાલુકા પત્રકાર સંઘના પત્રકારોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું

**પૂર્વ પ્રમુખ દાનાભાઈ અને પૂર્વ ઉપપ્રમુખ રણુંભા દ્વારા હાર પહેરાવી અને શાલ ઓઢાડી પત્રકારોનું કરાયું સન્માન**



ચક્રવાત ટીમ કાનભાઈ સુવા, તા. ૨૯


ઉપલેટા નગરપાલિકામાં લોકોના પ્રનીનિધી તરીકે અનેક વર્ષો સુધી પોતાની ફરજ અને જવાબદારી નિભાવનારા પૂર્વ પ્રમુખ દાનાભાઈ ચંદ્રવાડીયા અને પૂર્વ ઉપપ્રમુખ રણુભા જાડેજા દ્વારા સ્વેચ્છીક આપેલ રાજીનામા બાદ પત્રકાર તરીકેની ચોથી જગીરમાં નિષ્પક્ષ, નીડર અને તટસ્થ રીતે કામગીરી કરતાં ઉપલેટા તાલુકા પત્રકાર સંઘના તમામ હોદેદારો અને સભ્યોનું આ તકે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું જેમાં પાલિકાના પૂર્વ પ્રમુખ અને પૂર્વ ઉપપ્રમુખ દ્વારા પત્રકારોને હાર પહેરાવી અને શાલ ઓઢાડી વિશેષ સન્માનિત કર્યા હતા. આ તકે ઉપલેટા તાલુકા પત્રકાર સંઘના કૃષ્ણકાંત ચોટાઈ, જગદીશભાઈ રાઠોડ, ભરતભાઈ રાણપરિયા, કિરીટભાઈ રાણપરિયા, વિપુલભાઈ ધામેચા, જયેશભાઈ મારડિયા, કરણ ચાવડા, કાનભાઈ સુવા, આશિષ લાલકિયા, રોનક ચોટાઈ, અરશીભાઈ આહીર, પ્રવીણભાઈ શુકલ શહિતનાઓનું આ તકે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

# કાતિલ ઠંડી વચ્ચે પણ સ્થાનિક રાજકારણમાં વધતો જતો ગરમાવો

ચક્રવાત ટીમ જામ ખંભાળિયા, તા.૨૯

રાજ્યમાં ગત સપ્તાહમાં ચૂંટણીપંચ દ્વારા જાહેર કરવામાં આવેલી મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, તથા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ જુદા જુદા સ્થળોએ ચૂંટણી યોજાનાર છે. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયત, ખંભાળિયા નગરપાલિકા, રાવલ નગરપાલિકા, ખંભાળિયા તાલુકા પંચાયત, કલ્યાણપુર તાલુકા પંચાયત અને દ્વારકા તાલુકા પંચાયતનો સમાવેશ થાય છે. દેવભૂમિ દ્વારકા જિલ્લો અલગ થયા બાદ બીજી વખત યોજાનારી જિલ્લા પંચાયતની ચૂંટણીમાં પણ આ વખતે ભારે રસાકસી થનાર છે. ૨૨ બેઠકો ધરાવતી દ્વારકા જિલ્લા પંચાયતમાં ગત વખતે કોંગ્રેસનાં સિમ્બોલ ઉપર ૧૧, ભાજપના ૯ તથા ૨ અપક્ષ ઉમેદવાર વિજેતા થયા હતા. જેમાં છેલ્લે ભાજપનું શાસન રહ્યું હતું. આ વખતે પણ વધુ બેઠક અંકે કરવા ભાજપ તથા કોંગ્રેસ દ્વારા એડી ચોટીનું જોર લગાવવામાં આવશે. આ સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બે નગરપાલિકાની સામાન્ય ચૂંટણી પણ આગામી માસમાં યોજાનાર છે. જેમાં જિલ્લાના મુખ્યમથક ખંભાળિયા અને કલ્યાણપુર તાલુકાની રાવલ નગરપાલિકાનો સમાવેશ થાય છે. છેલ્લી ત્રણ ટર્મથી સ્પષ્ટ બહુમતી ધરાવતી ભાજપ શાસિત ખંભાળિયા નગરપાલિકામાં સાત વોર્ડના કુલ ૨૮ સભ્યો માટેની ચૂંટણી પણ નગરજનોમાં ભારે રસાકસીપૂર્ણ મનાય છે. ગત ટર્મમાં ભાજપના ૨૧ સભ્યો વચ્ચે કોંગી સદસ્યોએ પણ વિપક્ષ તરીકે મહત્ત્વની ભૂમિકા અદા કરી હતી.

# રાજકોટ : પોલીસ દ્વારા થતી હેરાનગતિ દૂર કરવા સુવર્ણ સમાજ દ્વારા આવેદન



ચક્રવાત ટીમ રાજકોટ તા.૨૯

અહીંની સોની બજારમાં સોના-ચાંદીના દાગીના બનાવતા-વેચાણ કરતા વેપારીઓના રાજકોટ જિલ્લા સુવર્ણકાર સમાજ દ્વારા વેપારીઓને કેટલાક પોલીસ કર્મચારીઓ દ્વારા બીન જરૂરી રીતે પરેશાન કરવામાં આવતા હોવાથી વેપાર-ધંધાને પણ નુકશાન થતું હોથી પોલીસ કર્મચારીઓની ખોટી દાદાગીરી અટકાવવા સુવર્ણકાર સમાજના આગેવાનો દ્વારા શહેર પોલીસ કમિશ્નરને આવેદન પાઠવી વેપારીઓને થતી અગવડતા-હેરાનગતી દૂર કરવા રજૂઆત કરેલ છે. સોની બજારમાં કાયદેર ધંધો કરતા વેપારીઓની દુકાનમાં ગતે ત્યારે અચાનક કેટલાક ચોક્કસ કર્મચારીઓ વોરન્ટ કે ફરીયાદ વગર જ પ્રવેશી તમે ડબ્બો ચલાવો છો. એમ.સી. એકસના વહેવાર કરો છો તેમ કહી ખોટી દાદાગીરી કરી વેપારીઓને બીનજરૂરી રીતે પરેશાન કરતા હોવાથી વેપારીઓને નુકશાન થઈ રહ્યું હોવાની વિસ્તૃત વિગતો આવેદનપત્રમાં જિલ્લા સુવર્ણકાર સમાજના આગેવાનો-સભ્યોએ વ્યક્ત કરી વેપારીઓને પડતી મુશ્કેલી દૂર કરવા માંગ ઉઠાવી છે.

માત્ર પાંચ માસના શાસનના ટુંકા ગાળામાં ઉપલેટા શહેરના વિકાસ માટે રૂપિયા ૧૭૦ કરોડના કામોને મંજૂર કરતા પાલિકાના પૂર્વ પ્રમુખ દાનાભાઈ ચંદ્રવાડીયા

# ઉપલેટામાં ભૂગર્ભ ગટર માટે રૂા. ૯૩ કરોડનું ટેન્ડર મોકલતા દાનાભાઈ

**૩૧ કરોડ રૂપીયાના ખર્ચે શહેરની તમામ પાણીની પાઈપલાઈન નવી નખાશે. ૨૦-લાખ લીટરની ક્ષમતા ધરાવતા ૬ વોટર ટેન્ક નવા બનશે**

ચક્રવાત ટીમ, તા.૨૯

શહેરના વિકાસ માટે છેલ્લા ૧૭ વર્ષથી જાહેર જીવનમાં રહી નાના માણસના પણ કામ કરી આપનાર પાલીકાના પ્રમુખ દાનાભાઈ ચંદ્રવાડીયાએ રાજીનામુ આપતા પૂર્વે પત્રકાર પરિષદમાં તેઓ ત્રીજી વખત પ્રમુખ બન્યાના પાંચ માસમાં ૧૭૦ કરોડના વિકાસ કામો મંજુર કરી રાજીનામુ ગઈ કાલે કલેકટરને આપેલ છે. શહેરના વિકાસમાં જેનુ અમુલ્ય યોગદાન રહેલ છે તેવા પાલીકા પૂર્વ પ્રમુખ દાનાભાઈ ચંદ્રવાડીયા દ્વારા બોલાવાયેલ પત્રકાર પરિષદમાં જણાવેલ કે હું ત્રીજી વખત નગરપાલીકાના પ્રમુખ બનેલ અગાઉ બે વખત મારા પત્ની પણ નગરપાલીકાના પ્રમુખપદે તરીકે જવાબદારી નિભાવી ચુકયા છે. ત્રીજી વખત પ્રમુખ બનેલ ત્યારે શહેરના આમ નાગરિકો વેપારીઓ તથા પ્રબુધ નાગરિકો સાથે વિચાર-વિમર્શ કરી પ્રશ્નોની જાણકારી માગતા શહેરના વિવિધ જગ્યાએ જુદા-જુદા પ્રશ્નનો આવેલ જેમા પાયાના પ્રશ્નોને અગ્રતા આપી પ્રથમ સરકાર દ્વારા ભૂગર્ભ ગટર માટે ૯૯ કરોડ રૂપીયા મળેલ આ ભૂગર્ભ ગટર બનાવવા માટે નગરપાલીકાની સામાન્ય સભામાં ઠરાવ કરી સરકારમાં મોકલી આપેલ. ટુંક સમયમાં આ કામના ટેન્ડર બહાર પડશે. ૩૧ કરોડ રૂપીયાના ખર્ચે શહેરના લોકોને પીવા માટે 'નલ સે જલ' જે પાઈપલાઈનમાથી પાણી આપવામા આવે છે તે તમામ પાઈપલાઈન નજી નખાવેલ અને શહેરીજનોને સહેલાઈથી પાણી મળી રહે તે માટે ૧૫ થી ૨૦ હજાર લીટરની ક્ષમતાવાળી ૬ વોટર ટેન્ક ખાખીજાળીયા રોડ, પોરબંદર રોડ, કે.જી.સોલંકી સ્કુલ પાછળ કોલેજના ગ્રાઉન્ડમાં, સ્મશાન ચોકમાં તેમજ દ્વારકાધીશ સોસાયટીમાં બનાવવામાં આવશે. ઉપરાંત ૫૦ લાખના ખર્ચે દરબારગઢમાંથી નદીના સામા કાંઠે સોમનાથ મંદીર તથા તનાશાપીર દરગાહ જવા માટે કોઝવે બનાવી રાજાશાહી વખતના પ્રશ્નનો નિકાલ કરેલ. આ ઉપરાંત જયા સ્લમ વિસ્તારના નાના બાળકો પ્રાથમિક શાળામાં અભ્યાસ કરેલ



છે તે સિંહાર શાળા, દરબારગઢ શાળા, મિનાબેન એમ.સુવા શાળા એક કરોડ કરતા વધુ રકમના ખર્ચે નવા બિલ્ડીંગ બનશે તેમજ અનેક શાળાઓમાં રીનોવેશન કરવા માટેનો ખર્ચ પણ મંજુર કરાવવામાં આવેલ છે. છેલ્લા પાંચ વર્ષ થયા ધોરાજી અને પાટણવાવ તરફથી ગામમાં પ્રવેશ માટે જે રોડ છે તે બિસ્માર હાલતમાં છે. આ ફરિયાદ નાગરિકો તરફથી ઘણા સમયથી હતી તેના નિરાકરણ માટે પણ ફંડ ફાળવી આ બન્ને રસ્તા આર.સી.સી. તથા ડામર રોડથી બનાવવામાં આવશે તેની કામગીરી ચાલુ થઈ ગયેલ છે.આ ઉપરાંત સ્મશાન, બગચો, મ્યુની.કોલેજ તથા ઉપલેટાના ૧ થી ૯ વોર્ડમા સંડાસ-બાથરૂમ, નવી લાઈબ્રેરી સહીતના કામો માટે અંદાજે ૩૨ કરોડ રૂપીયા મંજુર કરેલ છે. આ તકે રાજીનામુ આપ્યા બાદ પાલીકા પ્રમુખ દાનાભાઈ ચંદ્રવાડીયાએ જણાવેલ કે ૧૭ વર્ષ ભાજપની વિચારધારા સાથે પાર્ટીના આગેવાનો સાથે સંકલનમાં રહી શહેરના વિકાસમાં ખુબજ મહેનત કરેલ છે. શહેરના વેપારીઓ, સામાજીક સંસ્થાઓ તથા દરેક સમાજના સામાજીક આગેવાનો, પત્રકારો તરફથી ખુબ જ સાથ-સહકાર મળેલ છે. આવનારા દિવસોમાં ફરી પાછા પાર્ટી મોકો આપશે તો શહેરના હજી ઘણા પ્રશ્નો ઉકેલવાના બાકી છે તે ઉકેલવા પ્રયત્ન કરીશ. હિન્દુ સ્મશાનથી મોજ નદી તરફ જતા રસ્તા પર આર.સી.સી. રોડ બનાવવાનું રૂપીયા બાવીસ લાખનું કામ. વિવિધલક્ષી વિનય મંદીર શાળાના ગ્રાઉન્ડમાં આવેલ ટાઉન હોલની કમ્પાઉન્ડ વોલ બનાવવાનુ રૂપીયા પંદર લાખનું કામ. કોલેજ ગ્રાઉન્ડમાં રનીંગ ટ્રેક પાસે સ્ટેજ બનાવવાનુ રૂપીયા સવા આઠ લાખનું કામ. સ્પોર્ટ કોમ્પલેક્ષ અને રનીંગ ટ્રેક પાસે પેવર બ્લોક ફીટ કરવાનું ૩૦.૬૫ લાખનું કામ મ્યુનીસીપલ કોલેજમાં પાર્કીંગ રોડ બનાવવાનુ રૂા.૬.૪૫ લાખનું કામ. જનતા ગાર્ડન સામે તાલુકા શાળાની કમ્પાઉન્ડ વોલ બનાવવાનું રૂા.૧૭.૫૧ લાખનુ કામ. વિવિધલક્ષી વિનય મંદીર શાળા ગ્રાઉન્ડમાં પેવર બ્લોક ફીટ કરવાનુ રૂા.૪૬ લાખનું કામ વિવિધલક્ષી વિનય મંદીર ગ્રાઉન્ડમાં આવેલ ટાઉન હોલના પાકલ્લગમાં પેવર બ્લોક ફીટ કરવાનું રૂા.૨૬.૫૫ લાખનું કામ સોમનાથ મંદીરથી તતાલાપીર દરગાહ સુધીમાં બોકસ કલ્વર્ટ બનાવવાનુ રૂા.૪૯,૫૫ લાખનુ કામ. મ્યુનીસીપલ કોલેજ પ્લીન્થ પ્રોટેકશન,ગ્રાઉન્ડમાં પેવર બ્લોક તેમજ વોલ બનાવવાનું રૂા. ૧૮.૭૫ લાખનું કામ. મીનાબેન સુવા પ્રાથમિક શાળા રીનોવેશન કરવાનુ રૂા.૬ લાખનુ કામ. મીનાબેન સુવા પ્રાથમિક શાળામાં ટોયલેટ બ્લોક તેમજ ઉપરના માળે હોલ બનાવવાનુ રૂા.૧૨/- લાખનું કામ. સિહાર પ્રાથમિક શાળાનું નવુ બિલ્ડીંગ બનાવવાનું રૂા.૧૧૫/- લાખનુ કામ. આરાધના સોસાયટીમાં એસ.વી.કરમુરના ઘરથી રામદેવ પ્રોવીઝન સ્ટોર સુધી પીવાના પાણીની પાઈપલાઈન નાખવાનું રૂા.૨.૫૦ લાખનું કામ. કે.જી.સોલંકી સ્કુલ પાસે ભવાની પાનથી રામદેવપીર મંદીર સુધી પીવાના પાણીની પાઈપલાઈન નાખવાનુ રૂા.૧/- લાખનું કામ. ઢાંકની ગાળી શિવ પેલેસથી શિવ એપાર્ટમેન્ટ સુધી પીવાના પાણીની પાઈપલાઈન નાખવાનું રૂા.૧-૫૦ લાખનું કામ.

## સુરેન્દ્રનગર જીલ્લા પંચાયત સદસ્યના પતિ દ્વારા સરપંચ પતિને ગ્રાન્ટમાં તોડ અંગેનો ઓડીયો ક્લીપ વાઈરલ



ચક્રવાત ટીમ ધ્રાંગધ્રા, તા.૨૯

રાજકારણ અને રાજકીય નેતાઓ ખરેખર લોકોની સેવા માટે હોય છે પરંતુ આજના યુગમાં રાજકારણ રુપિયા કમાવવા માટે સૌથી સરળ રસ્તો હોવાનુ લોકો માને છે અને રાજકારણમાં એજ્યુકેશનની જરુર પણ નથી હોતી. ત્યારે રાજકીય નેતાઓ લોકોના વિશ્વાસમાં લીધા બાદ મત હાશીલ કરી પાંચ વર્ષ સુધી પોતાની મનમાની કરે છે અને ભ્રષ્ટાચાર પણ ! તેવામાં રાજકીય ક્ષેત્રે ભ્રષ્ટાચારનો એક નવો પ્રયોગ સામે આવ્યો છે જેમા ધ્રાગધ્રા તાલુકાના મોટી માલવણ સીટ જીલ્લા પંચાયતના મહિલા સદશ્યના પતિ દ્વારા નિમકનગર ગામના મહિલા સરપંચ પતિ સાથેની એક ઓડીયો ક્લીપ વાઈરલ થતા રાજકીય ભૂકંપ મચી જવા પામ્યો છે જેમા જીલ્લા પંચાયત સદશ્યના પતિ દ્વારા સરપંચ પતિને ફોન પર જણાવે છે કે તમારા ગામમા વિકાસના કામોમા વધતા નફાનું શુ કરાય છે ? ત્યારે સરપંચ પતિ જણાવે છે કે કામ જ સારુ કરવાનુ હોય નફો શુ વધે ? પરંતુ પોતાના પત્નિ જીલ્લા પંચાયત સીટના સદશ્ય હોવાથી તેઓ કહે છે કે અગાઉ જશમતપુર ગામમા ગ્રાન્ટ નખાવી હતી અને આ ગ્રાન્ટમાં દોઢ લાખ વધારો થતા જશમતપુર ગામના સરપંચ સાથે મળી અમો બંન્ને ૭૫-૭૫ હજારના ભાગ પાડી લીધા હતા. જો તમે કહો તો તમને પણ ગ્રાન્ટ આપુ પરંતુ અડધો-અડધો(૫૦-૫૦ ટકા) ભાગ થાય ? જેનો મતલબ સ્પષ્ટ થાય છે કે અત્યાર સુધી સરકારી અધિકારી અથવા રાજકીય નેતાઓ ટકાવારી લઈને સંતોષ માનતા હતા તેઓ હવે પચાસ ટકામા ભાગીદારી કરવા માંગે છે. આ તરફ નીમકનગર ગામના સરપંચ પતિ 'હા મા હા' ભણે છે જેથી આખરે જીલ્લા પંચાયત સદશ્યના પતિ કુલ પાંચ લાખની ગ્રાન્ટ આપવાનુ જણાવે છે જેમા ૨.૫૦લાખના બે હપ્તા કરશે તેવુ જણાવી સ્થળ નક્કી કરી રાખો તેવી વાત પણ કરે છે. જો કે 'ચક્રાવત' ન્યુઝ' આ ઓડીયો ક્લીપની પુષ્ટી નથી કરી રહ્યા.

## વિશ્વ ઉમિયાધામનું બાંધકામ નિર્વિઘ્ને પૂર્ણ કરવા શુભદાયી યજ્ઞ





ચક્રવાત ટીમ, તા.૨૯

જગત જનની મા ઉમિયાની અસીમ કૃપાથી અમદાવાદના જાસપુર ખાતે નિર્માણ પામનાર વિશ્વના સૌથી ઉંચા (૪૩૧ ફૂટ) ઉમિયા માતાજી મંદિરનું ટુંક સમયમાં શરૂ થનાર બાંધકામ વિના વિઘ્ને સંપન્ન થાય તે માટે તારીખ ૨૮/૧/૨૦૨૧ને ગુરૂવાર ( પોષી પૂનમ)ના શુભદિને વિશ્વ ઉમિયાધામ સંકુલ-જાસપુરમાં આવેલાં મા ઉમિયાના સ્મૃતિ મંદિર ખાતે 'શુભદાયી યજ્ઞ'નું આયોજન કરાયું હતું. જેમાં મુખ્ય યજમાન તરીકે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની પ્લાનિંગ અને ડિઝાઈન કમિટીના ચેરમેન સુરેશભાઈ એમ. પટેલે પરિવાર બિરાજ્યો હતો. આ સાથે જ શુભદાયી યજ્ઞમાં સંસ્થાના પ્રમુખ આર.પી પટેલ પરિવાર, ઉપપ્રમુખશ્રી ડી.એન.ગોલ પરિવાર. ઉપપ્રમુખ દિપકભાઈ પટેલ પરિવાર તથા પ્રખર વાસ્તુશાસ્ત્રી અને જ્યોતિષાચાર્ય પી. સી પટેલ પરિવાર સહભાગી થયા હતા. આ ઉપરાંત સંસ્થાના અન્ય ટ્રસ્ટી અને કમિટીના ચેરમેન તથા મા ઉમિયાના ભક્તજનોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા આવનાર તારીખ ૬ ફેબ્રુઆરીને સાંજે ૮ કલાકે બ્રહ્માકુમારી સંસ્થાના યંગ સ્પિરચ્યુલ લીડર પૂજ્ય શિવાની દીદીના સંવાદ સેતાં કાર્યક્રમનું આયોજન કરાયું છે.હાલમાં સમાજમાં પ્રવર્તિ રહેલાં પ્રશ્નોને ધ્યાને લઈ પૂજ્ય શિવાની દીદી 'આધ્યાત્મિક ઊર્જા - સામાજિક શક્તિ' વિષય પર ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા સંબોધન કરશે. પૂ. શિવાની દીદીના કાર્યક્રમમાં ગુજરાત સહિત વિશ્વના અન્ય દેશો જેવા કે અમેરિકા, બ્રિટન અને કેનેડાથી પણ હજારો લોકો જોડાશે. શિવાની દીદીના સંબોધનનું સીધું લાઈવ પ્રસારણ ૬ ફેબ્રુઆરીએ સાંજે ૮ કલાકે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના ફેસબુક પેઈઝ (https://www.facebook.com/VishvUmiyaFoundation) અને યુટ્યુબ ચેનલ (https://www.youtube.com/channel/UCHALi9H6LveN7B3FK1ITrdQ) પર નિહાળી શકાશે. આ ઉપરાંત સંબોધનને વિશ્વભરમાં ફેલાવો ધરાવતાં નવગુજરાત સમય (https://www.facebook.com/NavGujaratSamay) અને અમદાવાદ મિરરના(https://www.facebook.com/theahmedabadmirrro) ફેસબુક પેઈઝ પર પણ લાઈવ નિહાળી શકાશે. એવુ મીડીયા કન્વીનર ધવલ માકડીયાએ જણાવ્યુ હતું.

## પુરેપુરી ગ્રાન્ટનો ઉપયોગ કરતા યુવા સરપંચને જિલ્લા કલેકટર દ્વારા સન્માન



ચક્રવાત ટીમ રાજકોટ, તા.૨૯

રાજકોટ ગોંડલ તાલુકાના ભોજપરા ગામના યુવા સરપંચ એવા વિપુલભાઈ પરમાર દ્વારા આ ભોજપરા ગામના વિકાસ માટે સૌપ્રથમવાર વિકાસમાં અત્યંત મહત્વની ભૂમિકા પુરી પાડી છે. જેમાં રાજકોટ જિલ્લામાં પ્રથમવાર ભોજપરાગામના વિકાસ માટે સરકાર શ્રીની પૂરેપૂરી ગ્રાન્ટનો ઉપયોગ કરીને આ ગામના વિકાસ માટે ૨૧મી સદીમાં અત્યંત આધુનિક મોડલ ગામ બનાવવા માટે પ્રેરણાદાયી કામ કરવા બદલ રાજકોટ જિલ્લા વહીવટીતંત્ર અને જિલ્લા કલેકટર રૈમ્યા મોહનના હસ્તે સન્માનપત્ર આપીને સન્માન જાહેરમાં કરવામાં આવ્યું હતું અને સમગ્ર સમાજ તરફથી અભિનંદન વર્ષાઓ થઈ રહી છે.

## ઊનાના સૈયદ રાજપરા દરીયામાં બોટ જળસમાધી લેતા ૭ ખલાસીઓનો આબાદ બચાવ


**બોટમાં ખલાસીઓ રાત્રીના સુતા હતા અચાનક બોટમાં પાણી ઘુસી જતાં દરીયાના ઉંડા પાણીમાં બોટ ગરકાવ**



ચક્રવાત ટીમ ઊના, તા.૨૯

ઊના તાલુકાના દરીયાઇ કાંઠે આવેલ સૈયદ રાજપરા બંદર ગામના મધ દરીયામાં બોટનું મશીન ખરાબ થતાં અને અચાનક દરીયાના પાણી બોટમાં ધુસી જતાં બોટ જળસમાધી લીધી હતી. જ્યારે બોટમાં રહેલા તમામ માછીમારોનો આબાદ બચાવ થયો હતો. સૈદય રાજપરા ગામે રહેતા બાબુભાઇ રામાભાઇ ગોહીલની ગણેશ પ્રસાદ નામની બોટમાં સાત ખલાસીઓ સાથે મધ દરીયામાં દિવસ દરમ્યાન માછીમારી કરવા ગયેલા હતા. અને સૈયદ રાજપરા બંદરથી ૧૫ નોટીકલ માઈલ દૂર માછીમારી કરતા હોય રાત્રીના સમયે તમામ માછીમાર ખલાસીઓ બોટમાં સુતા હતા. એ વખતે બોટનું મશીન અચાનક બંધ પડી ગયેલ હોય અને મધદરીયામાં કરંટ હોવાના કારણે દરીયાના ઉછળતા મોજાના પાણી બોટના અંદર ધુસી જતાં બોટ દરીયાના પાણીમાં ડુબવા લાગી હતી. ત્યારે માછીમારો પોતાનો જીવ બચાવવા એકાએક દરીયાના પાણીમાં કુદવા લાગ્યા હતા. અને રાડારાડ કરતા નજીકમાં રહેલી અન્ય બોટના માછીમારોને જાણ થતાં તાત્કાલીક તમામ ખલાસીઓનો પાણીમાંથી બહાર કાઢી જીવ બચાવી લેતા બોટના તમામ ખલાસીઓનો આબાદ બચાવ થયો હતો. અને બોટ દરીયામાં જળસમાધી લેતા બોટ માલીકને લાખો રૂપિયાનું ભારે નુકસાન થયેલ હતું.

## ઊના તાલુકામાંથી ૧૫ જેટલા હુમલાખોર દિપડાઓને પાંજરે પુરી સક્કરબાગ ઝૂ જૂનાગઢ ખાતે ખસેડાયા



ચક્રવાત ટીમ ઊના, તા.૨૯

ઊના તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં જંગલી જાનવરો દ્વારા હિંસક હુમલાની સંખ્યાબંધ ધટનાઓ વધી રહી છે. જેમાં ખાસ કરીને દિપડાઓ દ્વારા માનવજાતિ ઉપર હુમલોઓની ફરીયાદો ધારી રેન્જ હેઠળ આવતા જશાધાર રેન્જને મળેલ હતી. જેમાં એ.સી.એફ પરમારના મોનીટીરીંગ અને માર્ગદર્શન તેમજ આર.એફ.ઓ. જશાધાર રેન્જના જે.જી. પંડ્યાની રાત દિવસ મહેનત કરી આ માનવજાતિ ઉપર થતાં દીપડાઓના હુમલાઓને રોકવા એક્શન પ્લાન બનાવવામાં આવેલ છે. જે જગ્યા વિસ્તારોમાંથી ફરીયાદો આવેલી હોય તેવા વિસ્તારોને ધ્યાને લઇ તાત્કાલીક સ્થળ પર પાંજરા મુકી ૧૫ જેટલા હુમલાખોર દિપડાઓને પાંજરે પુરવામાં આવેલ છે. અને આ દીપડાઓને સક્કરબાગ ઝું જુનાગઢ ખાતે મોકલી આપેલ છે. જેમાં સર્વજીવન પર્યાવરણ ટ્રસ્ટના પ્રમુખ અબ્બાસભાઈ બ્લોચ, મહામંત્રી પ્રકાશભાઈ ટાંક, મંત્રી ભરતભાઈ બાંભણીયા, તેમજ પ્રકાશભાઈ બાંભણીયાએ સાથે રહી ફિલ્ડવર્ક કરી ફોરેસ્ટ ખાતાને મદદરૂપ થઈ આ ઓપરેશન પાર પાડેલ જેનાથી આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં દિપડાના આંતક બાબતે લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

## મુળી તાલુકાના સરલા તથા ગઢડા ગામના આશરે ૩૦૦ ભાજપના કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા



ચક્રવાત ટીમ મુળી, તા.૨૯

રાજ્યમા ચુંટણીની તારીખો જાહેર થતા જ એક બીજા રાજકીય પક્ષોના નેતાઓ તથા કાર્યકરોને એક-બીજા પક્ષના આગેવાનો પોતાના પક્ષમા ખેચી જાય છે ત્યારે પહેલા તો માત્ર ભાજપ જ કોગ્રેસ પક્ષના કાર્યકરોને તોડવામાં સફળ થતી હતી પરંતુ હવે કોગ્એસ દ્વારા પણ આ યુક્તિ અજમાવી ભાજપના કાર્યકરોને તોડવા નિપુર્ણતા તરફ આગળ વધી રહ્યુ છે જેમા સુરેન્દ્રનગર જીલ્લાના મુળી તાલુકાના અંદાજે ૩૦૦થી પણ વધુ ભાજપના કાર્યકરોને કોંગ્રેસમાં પ્રવેશ કરાવી ભાજપના ગઢમાં ગાબડું પાડ્યુ હોવાનુ સામે આવ્યુ છે. મુળી તાલુકાના સરલા તથા ગઢડા ગામના અંદાજે ૩૦૦થી વધુ કાર્યકરો કોંગ્રેસમાં જોડાતા આ બંન્ને ગામોમા લગભગ ભાજપ પડી ભાંગ્યુહોય તેવી સ્થિતી સર્જાઈ છે. સરલા તથા ગઢડા ગામના પટેલ, ઠાકોર અને કારડીયા રાજપુત સમાજના વર્ષાથી ભાજપ સાથે જોડાયેલા કાર્યકરો એ અચાનક જ ભાજપને અલવિદા કહેતા રાજકીય ભુકંપ સર્જાયો છે. કોગ્રેસ જીલ્લા પંચાયતના કલ્પનાબેન મકવાણા, ચોટીલા ધારાસભ્ય ઋત્વીકભાઈ મકવાણા, દુધઈ ગામના આગેવાન રામકુભાઈ કરપડા સહિતના આગેવાનો દ્વારા જન સંપર્ક અભિયાન દરમિયાન આ કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા હતા. મુળી ભાજપના આગેવાનોને પોતાના કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા હોવાની વિગતો મળતા જ દોડધામ શરુ થઈ હતી.

## જૂનાગઢના પોલીસ અધિકારીઓની ઈ-કોપ એવોર્ડ પસંદગી



ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૨૯

ગુજરાત પોલીસમાં ઇ ગુજકોપ પ્રોજેકટ અંતર્ગત શરૂ કરવામાં આવેલ પોકેટ કોપ પ્રોજેકટ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ સારી કામગીરી કરનાર પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓને દર માસે ઈ-કોપ એવોર્ડ એનાયત કરવાનું નક્કી કરવામાં આવે છે. જેમાં ગુજરાત રાજ્યના દરેક જિલ્લા તથા બ્રાન્ચમાંથી સારી કામગીરી કરનાર પોલીસ અધિકારીઓ તથા પોલીસ કર્મચારીઓની દરખાસ્ત મંગાવી, કમિટી દ્વારા વિજેતાઓના નામ નક્કી કરી, ઈ-કોપ એવોર્ડ એનાયત કરી, ગુજરાત રાજ્યના ડીજીપી શ્રી આશિષ ભાટિયા ના હસ્તે સન્માન કરી, સન્માન પત્ર પણ એનાયત કરવામાં આવે છે. જેમાં ખૂન, લૂંટ, છેતરપિંડી, હની ટ્રેપ, જેવા ગંભીર ગુન્હાઓમાં સંડોવાયેલ એવા આરોપીઓ ને ટેકિનલોજીનો ભરપૂર ઉપયોગ કરી, પકડવામાં સરાહનીય કામગીરી કરવા બદલ જિલ્લામાં ઇ ગુજકોપ પ્રોજેકટ અન્વયે સારી કામગીરી કરનાર પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓની દરખાસ્ત ડીજીપી કચેરી ખાતે મોકલવામાં આવી હતી. જેમાં જૂનાગઢ જિલ્લા પોલીસ ટીમના જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજા, ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ આર.કે.ગોહિલ તથા વાયરલેસ પીએસઆઇ પી.એચ. મશરૂની ઈ-કોપ એવોર્ડ ડિસેમ્બર ૨૦૨૦ માટે પસંદગી કરી, એવોર્ડ એનાયત કરવામાં આવતા, પોલીસ અધિકારીઓને જૂનાગઢ રેંજના ડીઆઈજી મનીંદર પ્રતાપ સિંહ પવાર તથા જૂનાગઢ જિલ્લા પોલીસ વડા શ્રી રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા પણ અભિનંદન આપવામાં આવેલ હતા.

## વેરાવળમાં મોટી શાક માર્કેટમાં જલારામ બાપાને ૨૫૧ રોટલા ધરાયા




ચક્રવાત ટીમ વેરાવળ, તા.૨૯

તા. ૨૮/૦૧/૨૦૨૧ ગુરૂવારના દિવસે વેરાવળની મોટી શાક માર્કેટ પાસે આવેલ જલારામ મંદિરમાં પૂજ્ય જલારામ બાપાને વિવિધ પ્રકારનાં ૨૫૧ રોટલા ધરીને રોટલા મનોરથનું આયોજન કરવામાં આવ્યું તેમજ રાત્રે ૧૦:૩૦ કલાકે ધૂન અને ૧૨ કલાકે મહાઆરતીનો લ્હાવો લઈ ભક્તોએ ધન્યતા અનુભવી.

તંત્રીસ્થાનેથી......

# રાકેશ ટિકૈત : એક પોલીસ કર્મીથી ખેડૂત નેતા-આંદોલનકારી સુધીની સફર...

૨૬ જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ટ્રેક્ટર રેલીના દરમિયાન અનેક સ્થળોએ હિંસાના બનાવો બન્યા હતા. પ્રદર્શનકારીઓ પૈકી કેટલાકે લાલ કિલ્લા પર ધાર્મિક અને અન્ય ધ્વજ ફરકાવ્યા, જે બાદ ખેડૂત આંદોલનના નેતાઓની નેતાગીરી સામે સવાલ ઊભા થવા લાગ્યા અને તેમના પર લોકોની ઉશ્કેરણી કરવાના આરોપો લાગવા લાગ્યા. આ ઘટનાને પગલે ઘણા નિષ્ણાતો માની રહ્યા હતા કે હવે ખેડૂત આંદોલન નબળું પડી જશે. પરંતુ ગુરુવારે સાંજે ખેડૂત નેતા રાકેશ ટિકૈતનો એક વીડિયો ફરતો થયો. જેમાં તેઓ નિઃસહાય અનુભવી રડી પડ્યા હતા. આ વીડિયો વાઈરલ થતાં દિલ્હીની ગાઝીપુર સરહદેથી બધું સમેટીને ગામભેગા થવા નીકળેલા ખેડૂત પ્રદર્શનકારીઓ રોકાઈ ગયા અને તેમનામાં નવા જુસ્સાનો સંચાર થયો હોવાના અહેવાલો આવવા લાગ્યા. રાકેશ ટિકૈતના આ વીડિયોએ મંદ બની રહેલા ખેડૂત આંદોલનને ફરી ખડેપગ કરી દીધું. તેમના વીડિયોની ઈમોશનલ અપીલને કારણે ન માત્ર પ્રદર્શનકારીઓ સીમા પર અડગ રહ્યા પરંતુ વધુ સંખ્યામાં સાથે જોડાવવાનો નિર્ધાર પણ હવે વ્યક્ત થવા લાગ્યો છે. જ્યારથી ખેડૂતો પોતાની માગણીઓને લઈને આંદોલન કરી રહ્યા છે ત્યારથી કેટલાક મહત્ત્વના ખેડૂત નેતાઓમાં રાકેશ ટિકૈતનું નામ આગળ પડતું રહ્યું છે. અને હવે તેમનો વીડિયો વાઈરલ થતાં તેઓ સોશિયલ મીડિયા પર પણ છવાઈ ગયા છે.... ૫૨ વર્ષીય રાકેશ ટિકૈત ખેડૂત સંગઠન ભારતીય કિસાન યુનિયનના પ્રવક્તા છે. તેમનો જન્મ ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરના એક મધ્યમવર્ગીય પરિવારમાં થયો હતો અને તેમણે સર તાશી નામગ્યાલ હાઈસ્કૂલથી પોતાનું શાળાકીય ભણતર પૂરું કર્યું. તેમજ સ્નાતક કક્ષાનું ભણતર ઉત્તર પ્રદેશથી પૂરું કર્યું છે. આ ઉપરાંત તેમણે મેરઠ યુનિવર્સિટીથી એમ.એ. અને એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કર્યો. આ સાથે જ તેઓ દિલ્હી પોલીસમાં કૉન્સ્ટેબલ પણ હતા. રાકેશ ટિકૈત ભારતીય કિસાન યુનિયનના નેતા મહેન્દ્રસિંઘ ટિકૈતના નાના પુત્ર છે. રાકેશ ટિકૈતના પિતા મહેન્દ્ર સિંઘ ટિકૈત ભૂતપૂર્વ વડા પ્રધાન ચૌધરી ચરણસિંહ બાદ ભારતના સૌથી મોટા ખેડૂત નેતા હતા. મહેન્દ્ર સિંઘ ટિકૈતની આગેવાનીમાં ઘણી વાર રાજ્ય અને કેન્દ્ર સરકારોએ ખેડૂતોની માગણી આગળ શીશ ઝુકાવવું પડ્યું છે. ભારતીય કિસાન યુનિયનનો પાયો ૧૯૮૭માં નખાયો. જ્યારે વીજળીની કિંમતોને લઈને ખેડૂતોએ શામલી જનપદના કરમુખેડીમાં મહેન્દ્ર સિંઘ ટિકૈતની આગેવાનીમાં એક મોટું આંદોલન કર્યું હતું. તેમાં બે ખેડૂતોનું પોલીસના ગોળીબારમાં મૃત્યુ થયું. ત્યાર બાદ ભારતીય કિસાન યુનિયનનું ગઠન કરાયું અને તેના અધ્યક્ષ ચૌધરી મહેન્દ્ર સિંઘ ટિકૈત બન્યા. તેઓ લાંબા સમય સુધી આ પદ પર રહ્યા. પશ્ચિમ ઉત્તર પ્રદેશના હિંદુ અને મુસ્લિમ બંને સમુદાયના ખેડૂતોનાં મનમાં મહેન્દ્ર સિંઘ ટિકૈત માટે ઘણો આદરભાવ હતો. તેમનાં આંદોલનોમાં ક્યારેય જાતિગત ભેદભાવ જોવા ન મળતો. જોકે, બાદમાં જાટ આરક્ષણને સમર્થન આપવા મુદ્દે અને ઉત્તર પ્રદેશનાં રાજકીય સમીકરણો બદલવા મુદ્દે ટિકૈત કુટુંબની છબિ પર અસર પડી. અંતે વર્ષ ૨૦૧૧માં રાકેશ ટિકૈતના પિતા મહેન્દ્ર સિંઘ ટિકૈતનું કૅન્સરની માંદગીમાં મૃત્યુ થતાં ભારતીય કિસાન યુનિયનનો રાજકીય પ્રભાવ ઘટતો ગયો હોવાનું મનાય છે.



યાકુબ બાદી
તંત્રી

# ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્‌ભૂત ફ્યૂચર ફીક્શન નવલકથા.....

## ‘Krossing ગર્લ’

ધ જર્ની ઓફ ક્રિએટીવ હાર્ટિસ્ટ

રવિ વિરપરીયા

## પ્રકરણ ૫૨

“કાના ઘણા સમય પછી મારા ડેડી આજે રીલેક્સ મૂડમાં છે. ચારેક વર્ષ પહેલાં તેમણે આ રીતે કપલ ડાન્સ કર્યો હતો. જો આજે તે કેટલા ખુશ લાગે છે.”તેને મારો હાથ પકડી લીધો.

મીરા મારું ઈશિતા સાથે બ્રૅકઅપ થઈ ગયું. ગઈકાલે રાતે મધુમાસીને ત્યાં સાગરે રસગુલ્લા ખવડાવી મારી ફર્સ્ટ બ્રેકઅપ પાર્ટીનું સેલિબ્રેશન કરાવ્યું. મારી આંગળીઓ તેના હાથનો સ્પર્શ પામતાં બોલી ઉઠી.

“તમારા બંને વચ્ચે ક્યાં એવા રિલેશન હતાં કે બ્રૅકઅપ કરવું પડે. એને ફિઝિકલ નહીં પણ ઈમોશનલ નીડ માટેનું શોર્ટ ટાઈમ અફેર કહેવાય. એન્ડ આ બ્રૅકઅપમાં તું ઉદાસ કરતાં ખુશ વધુ થયો હોય એવું લાગે છે.” તે મારી આંગળીઓ સાથે રમી રહી હતી.

મને મસ્તી સૂઝી. “હા એ તો છે. ગમે તેમ થોડું દુઃખ તો થાય ને ...! પણ આજે તને તૈયાર થયેલી જોઈને મારી બધી ઉદાસી ગાયબ થઈ ગઈ. ખરેખર આજે તારી સુંદરતા જોઈને હું તારા પ્રેમમાં પડતાં માંડ બચ્યો.”

તેને મારી કમર પર પોતાના હાથની મુઠ્ઠી મારી. “વાયડા તને બધા વચ્ચે કેક શું ખવડાવીપ મારી સાથે જ ફર્લટિંગ ચાલુ કરી દીધું. મારા પ્રેમમાં પડતાં પહેલાં વિચારી લેજે. તે એકવાર ઈઝહાર કરી દીધો. પછી હું આજીવન તારો પીછો નહીં મુકું, યાદ રાખજે. એટલે ગમે ત્યારે પ્રપોઝ કર ત્યારે સમજી વિચારીને કરજે.” તેને પણ મસ્તી ચડી હતી.

"ઓહો... યે હુઈના બાત. મીરું તું ધમકી આપે છે. કે મને ઈનડારેકટલી પ્રપોઝ કરે છે” મેં પૂછ્યું.

“તારે જે સમજવું હોય તે. છોકરીઓને સામેથી પ્રપોઝ કરવાની ક્યારેય ઈચ્છા ના હોય. ભલે ને તે દિલ ફાડીને પ્રેમ કરતી હોય. તે પોતાનો પ્રેમ વાતોમાં કે ઈશારામાં જતાવતી રહે. મને નથી લાગતું તું લાઈફમાં મને કે બીજી કોઈ છોકરીને પ્રપોઝ કરવાનું ડેરિંગ કરી શકે ?”તેને મારી ફીરકી લેતાં કહ્યું.

“જોઈ લેજે. મારી ચૅલેન્જ છે. જે કરીશ તે ખુલ્લે આમ કરીશ. કોઈનો ડર રાખ્યા વિના. ’ચોરી ચોરી ચૂપ કે ચૂપ કે’ આપણને ના ફાવે.” મેં કહ્યું.

તે મારી સામે ફરી. મારી આંખોમાં જોઈને બોલી. "કાના, લવને રુલ્સના કોઈ ફોરમેટમાં કે ફ્રેમમાં કેદ ના કર. તે જે દિવસે થશે તે દિવસે તારા બધા રુલ્સની ધજ્જિયાં ઉડી જશે. એ બસ એમ જ થઈ જશે. તારે કશું કરવું નહીં પડે. રિમેમ્બર, પ્રેમ સાચો હશે તો તે આપમેળે મંઝીલ સુધી પહોંચવાનો રસ્તો કરી લેશે.. પછી શું કરવું મિન્સ આગળ વધવું કે અટકી જવું એ આપણાં હાથની વાત છે."

"તું તો સાગરની જેમ પ્રેમગુરુ હોય એવી વાતો કરે છે. તને પ્રેમ થયો છે કોઈ દિવસ ?" મેં ડર્યા વિના તેની આંખોમાં જોઈને કહ્યું.

"હમમમ.. આઈ ડોન્ટ નો. બટ તારા જેવા બબૂચક જોડે તો નહીં જ થાય. બિકોઝ એવું બહુ ઓછા કિસ્સામાં બને છે. ’છોકરી જેની પાસે દિલ ખોલે એને જ દિલ આપી દે. મિન્સ કે રિસ્પેક્ટને પ્રેમમાં કન્વર્ટ કરવાની કોઈ પરફેક્ટ ફોર્મ્યુલા હજુ અવેલેબલ નથી. જેની હેલ્પ લઈ શકાય. સો જોઈએ આગળ શું થાય છે." તેના ચહેરા પર શરારતી સ્માઈલ હતી.

"મીરા તું શું બોલે છે ? મને કંઈ સમજાતું નથી. આ રિસ્પેક્ટ અને પ્રેમ ? આ બંન્ને વચ્ચે.... પ્લીઝ, સરખું સમજાવ." હું કન્ફ્યુઝ થતાં તેને નિહાળી રહ્યો.

"આપણી પાસે આ સમજવા અને સમજાવવા માટે આખી લાઈફ પડી છે. લિવ ઈટ. આજે હું મસ્ત મૂડમાં છું. ચાલ આપણે ડાન્સ કરીએ." મારો જવાબ સાંભળ્યા વિના તે મારો હાથ પકડી લોનમાં ડાન્સ કરી રહેલાં કપલ વચ્ચે દોરી ગઈ. હાજર રહેલા તમામ લોકો અમારી સામે જોઈ રહ્યા હતા. મારી પાસે તેની સાથે ડાન્સ કરવા સિવાય કોઈ વિકલ્પ નહોતો. મારી મરજી કે નામરજી આજે ગૌણ હતી. આજે મીરાની ખુશી અગત્યની હતી.

ઈશીતને લીધે હું સારો ડાન્સર બની ચુક્યો હતો. સંગીતની ધૂન સાથે અમારા પગ પણ તાલ મિલાવી રહ્યા હતાં. મારી આંગળીઓમાં પરોવાયેલી તેની નાજુક આંગળીઓ અને કમરના સ્પર્શને લીધે હું જાતને ભૂલવાની કગાર પર હતો. તેની આંખોમાં એક જાતનું અદમ્ય ખેંચાણ હતું. જેના આકર્ષણથી બચી રહેવું મારા માટે અશક્ય હતું. થોડીવાર પછી તેનું માથું મારા ખભે ઢળેલું હતું. તે આજે દિલ ખોલીને વરસવાના મૂડમાં લાગતી હતી. મારા કાન પાસે આવીને તેના હોઠ સ્થિર થયા."થેન્ક્સ કાના, મારો આ બર્થ ડે સ્પેશ્યલ બનાવવા માટે. આપણે હંમેશાં સાથે રહીશું. કાનાને રાધા મળે કે ના મળે પણ મીરા તો ચોક્કસ મળશે."

’જબ કોઈ બાત બીગડ જાયે.... જબ કોઈ મુશ્કિલ પડ જાયે...તુમ દેના સાથ મેરા...’ ગીતની ધૂન પર મારા અને મીરાના ફીલિંગ વેવ્સ એકબીજા સાથે મેચ થવા પ્રયત્ન કરી રહ્યા હતાં. હું ત્યારે મીરાના શબ્દોનો અર્થ કે તે પાછળની ફીલિંગ્સ નહોતો સમજી શક્યો. પણ એ શબ્દો જ્યારે ફીલ થવાના હતાં ત્યારે ઘણું બદલાઈ જવાનું હતું.....

★ ★ ★ ★ ★ ★

આજે પહેલાં બે પીરિયડ્સ ફ્રી હતાં. એટલે સાવ ફ્રી નહીં. અમારે એક ટાસ્ક માટે આખું અઠવાડિયું ’ફ્યુચર લેબ’ ના કેમ્પસમાં ફરવાનું હતું. અમારું ઓબ્ઝર્વેશન નોટ્સ કરવાનું હતું. આ ટાસ્કમાં પાર્ટનર જોડે નહીં પણ સિંગલ ફરવાનું હતું. પણ દરવખતની જેમ ગ્રુપ ટાસ્ક જ હતો. હું ’ક્રિએશન પેડ’ ને બદલે પોકેટ ડાયરી, પેન અને કેમેરો લઈને નીકળી પડ્યો હતો. એડમિશન વખતે ’કેમ્પસ ટૂર’ માં આખા કેમ્પસમાં ફર્યા હતાં. પણ ત્યારે બધું નવું હોય અચરજ અને અહોભાવ થી બધું જોયું અને જાણ્યું હતું. ત્યારે સામેનું દ્રશ્ય કેમ જોવું એની કોઈ સમજ નહોતી.

એ સમયે અમને બધું ઝટ જાણી લેવાનો ઉત્સાહ હતો. આજે અમે આ સિસ્ટમનો એક ભાગ બની ચુક્યા હતાં. હવે દરેક બાબતને જાણવા સાથે માણવાનો પણ ઉત્સાહ રહેતો. મારા કેમેરાનું શટર ગિરનાર યાત્રા પછી આજે પાછું ખુલ્યું હતું. કેમ્પસ પણ જાણે ફોટો શેશન કરાવવાના મૂડમાં હતું. આજે તેની સુંદરતા મન ભરીને કેમેરાની મેમરીમાં સેવ કરી હતી. મને લાગતું હતું આ ટાસ્ક માટે અઠવાડિયું ઓછું પડશે. આજે બપોરે કેન્ટીનમાં આ વિશે ગ્રુપ ડિસ્કશન કરવું પડશે.

ફરતાં ફરતાં મારી નજર ઘટાટોપ વૃક્ષ નીચે બેસેલાં રાહુલ પર પડી. તેની સાથે કોઈ છોકરી બેઠી હતી. જેને હું ઓળખી ના શક્યો. મારાથી ના રહેવાયું. ’અમે ત્રણેય કેમ્પસમાં રખડીએ છીએ અને આ ભાઈ અહીં શાંતિથી છોકરી જોડે રોમાન્સ કરી રહ્યા છે ?’

મેં તેને દૂરથી સાવચેત કરવાને બદલે પાસે જઈને કહ્યું." હાય રાહુલ તું અહીયા શું કરે છે ?"

"મારી સિસ્ટર જોડે વાતો કરું છું. તું જોઈ નથી રહ્યો ?" તે મને ઈગ્નોર કરી રહ્યો હોય એમ બોલ્યો.

મને ખબર હતી ત્યાં સુધી રાહુલની કોઈ સગી બહેન નહોતી. મેં છોકરી સામે જોયું. મારી આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. સામે ફેમસ મોડેલ ’સીમરન કૌર’ બેઠી હતી. જેની અદાઓ અને સુંદરતા પાછળ રાહુલ રીતસર ઘેલો હતો. આ અહીંયા ક્યાંથી ? અને રાહુલની બહેન? મારું મગજ રીતસર ચકરાવે ચડ્યું.

"રાહુલ આજની ૩૦ મિનિટ પુરી થઈ ગઈ છે. સો મારે જવું પડશે. આપણે કાલે મળીશું ભાઈ. આ સમયે અને આ જ જગ્યાએ." સીમરન ઉભી થતાં બોલી.

મારા મગજમાં લાઈટ થઈ. ’આ દેવી છે કે શું ?’

"હાય, દેવી. થોડીવાર બેસ ને . હું હજુ આવ્યો છું." મેં કહ્યું.

તે સીમરનના કેરેક્ટરનો મેકઅપ ઉતારી ઓરીજનલ મોડીફાઈડ રોબોટના સ્વરૂપમાં આવતાં બોલી. "સોરી, ક્રિષ્ના મારે જવું પડશે. રાહુલે મને રેન્ટ પર લીધી હતી. બીજું હું હજુ એકસાથે બે પર્સન જોડે ડાયલોગ માટે હજુ રેડી નથી. એન્ડ તું ફ્રી હોય ત્યારે આપણે મળીએ. તું મારો ફર્સ્ટ ફ્રેન્ડ છે. એટલે સ્પેશ્યલ છે. મને તારી સાથે મારા એક્સપિરિયન્સ શેર કરવા ગમશે."

"શ્યોર, હું ફ્રી હોઈશ ત્યારે જણાવીશ." તે મને અને રાહુલને ગળે મળીને જઈ રહી હતી.

અચાનક પાછળ ફરીને કહ્યું. "તને બધી સોશ્યલ અને રિલેશન એપમાં ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલી છે. તું એક્સેપ્ત કરી લેજે.."

મેં હકારમાં માથું હલાવ્યું.

"રાહુલ આ બધું શું છે....? તારી ગમતી મોડેલને તું બહેન બનાવીને ભાડે લે છે...મિન્સ તું ગાંડો થઈ ગયો છે કે શું ?"

"ચિલ યાર. તું આટલું બધું મન પર ના લે. આ જસ્ટ ફોર ફન માટે છે. આમપણ હું થોડા દિવસથી સાવ લોનલી ફીલ કરતો હતો સો.... બટ આઈ લાઈક ઈટ. આ એક્સપિરિયન્સ બહુ મજેદાર રહ્યો." તે મને સમજાવતાં બોલ્યો.

"એટલે ? કયો એક્સપિરિયન્સ ?"

"તું બહુ વિચારમાં. દેવીને સીમરન તરીકે રેન્ટ પર લેવાનો. એની કંપનીમાં મને બહુ મજા પડે છે. એટલે કે એ મારી ફીલિંગ્સ મારા થોટ્સને બહુ સારી રીતે સમજી શકે છે." તે બોલ્યો.

"વોટ, રાહુલ દેવી એ રોબોટ્સ છે માણસ નથી.. યાર તું તારા પ્રોબ્લેમ મારા જોડે ઈવન આપણાં ગ્રુપમાં પણ શેર કરી શકે છે ? અમે તારા ફ્રેન્ડ્સ છીએ ? એક મિનિટ તું અમને ફ્રેન્ડ્સ માને છે કે નહીં ?" હું કંઈપણ વિચાર્યા વગર બોલી રહ્યો હતો.

"અફકોર્સ, તું મારો બેસ્ટ ફ્રેન્ડ છે. ઈવન હેપ્પી અને મીરા પણ. પરંતુ અમુક વાતો લાઈફમાં કોઈ જોડે શેર ના થઈ શકે. ફ્રેન્ડ જોડે પણ નહીં. કોઈપણ આર્ટિસ્ટ ક્રિએટિવ રાક્ષસ હોય છે. અમુક વિચારોનું શેરિંગ કોઈ જોડે કરવા જાવ તમને વિકૃત કે સાયકોનું લેબલ લાગી જશે. તું હજુ બીજાની જેમ એ રાક્ષસને સમજવા કે સહન કરવા કેપેબલ નથી. અને હું તને કોઈ સંજોગોમાં ગુમાવવા નથી માંગતો. તને મારાથી નફરત થઈ જશે. બેટર છે એ દેવીના સ્ટોરેજમાં સેફ રહે. ટાસ્ક પૂરો કરી.બપોરે જમવાના સમયે કેન્ટીનમાં મળીએ." આટલું બોલીને તે ચાલ્યો ગયો. **(ક્રમશઃ)**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૩૦-૦૧-૨૦૨૧, શનિવાર, પોષ વદ-૨, સૂર્યોદય-૭-૨૮, સૂર્યાસ્ત-૬-૩૨, જૈન નવકારશી-૮-૧૬, આજની રાશિ : સિંહ (મ.ટ.), નક્ષત્રઃ મઘા

**- શુભ ચોઘડીયા -**

૮-૫૧ થી શુભ ૧૦-૧૪ સુધી,૧૩-૦૦ થી ચલ-લાભ-અમૃત,૧૭-૧૦ સુધી, ૧૮-૩૩ થી લાભ-૨૦-૧૦ સુધી, ૨૧-૪૭ થી શુભ-અમૃત-૨૫-૦૦ સુધી

**- શુભ હોરા-**

૮-૨૩ થી ૯-૧૮ સુધી, ૧૧-૦૯થી ૧૩-૫૬ સુધી, ૧૪-૫૧થી ૧૫-૪૭ સુધી ૧૭-૩૮થી ૨૦-૪૨ સુધી

સૂર્ય–કુંભ
ચંદ્ર–કર્ક
મંગળ–ધન
બુધ–કુંભ
ગુરુ–ધન
શુક્ર–મેષ
શનિ–મકર
રાહુ–મિથુન
કેતુ–ધન
હર્ષલ–મેષ
નેપ્ચ્યુન–કુંભ
પ્લુટો–મકર

## રાશીફળ

» મેષ(અ.લ.ઈ.) :- વ્યવસાય ક્ષેત્રે નવી મેળવવાની પ્રયત્નો ફળવાના મહત્વકાંક્ષા પૂર્ણ થવાની જાહેર જીવનમાં જોડાયાની તક ઉભી થાય.

» વૃષભ(બ.વ.ઉ.) :- આવક કર્તા ખર્ચ ન વધે તેનું ધ્યાન રાખજો વિદશ જવાની તક મલે. શેર સટ્ટાથી દૂર રહેજો.

» મિથુન(ક.છ.ઘ.) :- મહત્વના કાર્યોમાં સફળતા મલવાની રાજકીય લાભ મલે. ભાગીદારોને સહકાર દેવો. મિલ્કત બાબત જાળવવું.

» કર્ક(ડ.હ.) :- ઝડપી પરિવતનની ઈચ્છા ફળવાની મિત્રોનો સાથ મલવાનો અધિકારી વર્ગનો સહકાર સારો રહેશે. કર્જ ન કરવું.

» સિંહ(મ.ટ.) :- સમસ્યાઓનો સામનો કરવામાં સફળતા મલવાની કર્મચારી વર્ગનો સહકાર સારો રહે. શેર સટ્ટામાં લાભ.

» કન્યા(પ.ઠ.ણ.) :- રોજીંદા કાર્યને વળગી રહેજો વધુ પડતી લાલચથી દૂર રહેજો મિલ્કતના પ્રશ્નોમાં લાભ રહે. પ્રવાસ થાય.

» તુલા(ર.ત.) :- આવક વધારવાના પ્રયત્નો ફળવાના જીવનશૈલીમાં અદ્‌ભૂત પરિવર્તન થાય. નોકરીમાં ચીવટ રાખવી.

» વૃશ્ચિક(ન.ય.) :- મક્કમ મનોબળ સફળતા તરફ લઈ જશે. નવી યોજનામાં લાભ. ઉપરા વર્ગને સાથ સહકાર દેવો.

» ધન(ભ.ધ.ફ.ઢ.) :- જીવન સાથીનો સહકાર સારો રહે. ઉધારીથી દૂર રહેજો શેર સટ્ટામાં સાવધાની રાખવી જરૂરી.

» મકર(ખ.જ.) :- માનસિક તનાવ કારણ વગરનો રહે. આવકનું પ્રમાણ જળવાઈ રહે. વિદેશોથી સારો લાભ મલે.

» કુંભ(ગ.શ.સ.) :- લગ્નજીવનમાં મતભેદો ટાળવા નોકરી વ્યવસાયમાં કોઈ ન ધારેલો લાભ સામાજીક કાર્યમાં સફળતા.

» મીન(દ.ચ.ઝ.) :- વારસાગત પ્રશ્નોમાં અનુકુળતા રહે. ભાઈ-બહેનોથી સહકાર મલે. નોકરીમાં સ્થાનફેરની ઈચ્છા ફળવાની.

# એક સારા દિવસની ઈશ્વરીય શુભકામનાઓથી થતી શરૂઆત

अजीब दास्ताँ है ये
कहाँ शुरू कहाँ ख़तम
ये मंज़िलें है कौन सी
न वो समझ सके न हम

કેટલીક સવાર વધુ ખાસ હોય છે, કેમકે કુદરત તેને વધુ સારી બનાવવા માટે ઘણી વસ્તુઓ, વ્યક્તિઓને આપણી આસપાસ ગોઠવે છે. સવાર પ્રત્યેનું આકર્ષણ એક ટાળી ન શકાય તેવો ઉન્માદ છે. એમાંય શિયાળો હળવી ફૂંક મારતો હોય.

ઘઉંના ખેતરો ઉપર આછી ઝાકળ બાઝી છે. ઠંડા પવનના વેગ સાથે આમથી તેમ જુલતી તેની ડૂંડીઓ પર જન્મ લઈ રહેલા ઘઉં પણ જુમી રહ્યા છે. ખેતર પરથી વહી જતી લ્હેરખીઓમાં પેસી જતી ઝાકળની ભિનાશ કોઈ ઝાડ પર લટકાઈ જવાની છે. ખેતરને શેઢે અમથી ઉગેલી બોરડીમાં તાજા ફૂટેલા ને હજુ પાક્યા નથી તેવા પીળા બોરનું આખું ઝુંડ નાહી ને કેવું પરવારી ગયું છે!

રસ્તે ચરતી રેઢિયાળ ગાયના લચી પડેલા આંચળની સ્થિરતાનો વિચાર કર્યા વગર દોડયે જતી ગાય આગળ વળાંક ઉપર શાંત થઈને ફરી ચરવા લાગી ગઈ. તેના મોં માંથી નીકળતા ધુમાડા હવામાં ઓસ થઈને ઓગળી ગયા. ઊગ્યા પહેલાનો સૂરજ ક્ષિતિજે તેની કેસરી જાજીમ ક્યારે પાથરી ગયો હશે!

થોડે દૂર મેદાનમાં ભેંસને ચારવા લઈ જતી છોકરીની ઉડતી ગરમ સાલના ફુમતાં, ખેતરમાં ઉભેલો ચાડીયો, ચાડીયાના ખભે બેસેલા પતરંગા, શાંત સવારે દૂરના એક ઝુંપડામાંથી આવતો ગાયના ભાંભરવાનો અવાજ, તળાવમાં ડૂબકી ખાઈ રહેલા બતકો, અને કપાસના ખેતરમાં ઊગી નીકળેલા કપાસના સફેદ ગોટા.. ઓહો! કેટલું નૈસર્ગિક વૈવિધ્ય છે. કુદરત અહીં છૂટે હાથે વહેરાયેલી પડી છે. ખીજળાની ડાળીએ લટકતો સુઘરીનો માળો, કાયમ થોડું-થોડું સુકાતું તળાવ, તળાવને કાંઠે ફરતા મોર અને ઢેલ, જાંખરા પર કાચરી ઉતારી ગયેલા સાપની વિશાળ કાચરી, એક ખુલ્લા ખેતરમાં દોડાદોડ કરતા ગલુડિયા, પોષી પૂનમનો આથમી રહેલી ચાંદ, ખેતરમાં કામે જતી સ્ત્રીઓ, કપાસનું ખેતર અને ખેતરમાં બાંધેલ વાડ અને વાડમાં બેસેલી વાંઢ.

થોડાંક ઊંટ અને જાજા ઘેટાં. ઘેટાંની માલકણ અને માલકણ નો ધણી. ખેતરની મધ્યમાં વાડ બાંધીને વસેલી વાંઢ પર શિયાળો છો ને ક્રૂરતા આચરે પણ ભરવારણ તેને સોટી લઈને વીંજવા ઉભી છે. ઊંટ અને તેની ઊંટડીઓ, તેના બોતડાઓ કોઈ અગમ-નિગમના વિચારમાં નિમગ્ન અવસ્થામાં સ્થિર ઉભા રહ્યા છે. ઉગુ-ઉગુ થતો સૂરજ તેની ચામડીને કુમળો સ્પર્શ કરી રહ્યા છે. બકરાંના કાન પસવારતી ભરવાડની દીકરીના કાનની વારી પર પડતા સૂર્યના પ્રકાશથી થતો ચમકારો આંખને આંજી દે છે. તાપણા પાસે બીડી ફૂંકતો ભરવાડ તેના ઘેટાં તરફ વારંવાર જોયા કરે છે. આકાશમાં ઉડા-ઉડ કરતા કુંજના ટોળાઓનો તીખો અવાજ જોઈને ડરી જતું ગાડરૂં વાડ માંથી નાસી જવા મથી રહ્યું છે.



"બિન, ઓ બિન.."

મારા તરફ આગળ ધસી આવતી ભરવારણનો જુલતો ઘાઘરો તેના શરીરને શોભી રહ્યો છે.

"હા, બોલોને..શું કામ છે?"

" બિન, આંખનો કોઈ દાક્તર વોય તો કયોને... માર હાહુની આંખ્યું દુઃખે સ."

"હા, જાણી ને કહું... ક્યાંથી આવો છો?"

" દુવારકાથી...અમાર નેહ ના હંધાય આવ્યા સ અમે, વાંઢું લઈ લઈને..."

મેં જવાબમાં હસીને આગળ ચાલ્યા કર્યું. મને જોઈને ફરી ભાગમભાગ કરતું ઘેટાંના બચ્ચા પર વ્હાલ આવ્યું. ફરીથી હું સફર પર લાગી ગઈ.

કેટલી હરી ભરી સવાર. દિવસને ખુશખુશાલ બનાવવા માટે આટલું ઈનફ છે. જીવન પાસે આનાથી વધુ અપેક્ષા રાખવી નકામી છે. દરેક સવાર ને good mroning કહી ને નહીં પણ આસપાસ નજર કરીને જોઈએ તો કુદરતના દરેક તત્વનો અણુએ અણુ તમારી સવારને ’શુભ’ બનાવતો હોય છે.. તમે પણ જુઓને જરાક આજુબાજુમાં ક્યાંક સારી સવાર પડી જ હશે!

(તમારા અભિપ્રાયો pateljigna1190@gmail.com પર મોકલી શકો છો.)



જિજ્ઞા પટેલ
“ચરૈવેતિ ચરૈવેતિ”

# સ્મૃતિ કે નિશાની ?


યાદ કે યાદની નિશાની ! એવું કહેવાય છે કે કોઈ બાબત યાદ રાખવી તેના કરતા લખીને રાખવી તે વધુ સારું, જેથી કદાચ કંઈક બાબત ભૂલી જવાય તો સમયસર યાદ ન આવી શકે ત્યારે લખેલું કામ લાગે. પણ સામાન્ય રીતે એવું બનતું હોય છે કે જ્યારે જરૂર પડે છે ત્યારે લખેલું શોધવા બેસવાનો અથવા લખેલું વાંચીને પણ આપણે કોઈ કામ શરૂ કરીએ તેવું બનતું હોતું નથી. તો સવાલ એ છે કે સ્મૃતિ મહત્વની કે નિશાની ?

જ્યારે કોઈ ઘટના આપણી આસપાસ બને છે તો તેને નોંધવી ચોક્કસ જરૂરી છે, જેટલી જરૂરિયાત તેને કાગળ પર નોંધવાની છે તેટલી જ તેને મનમાં એટલે કે આપણી સ્મૃતિમાં નોંધવાની પણ છે જ.

નિશાની સામાન્ય રીતે દેખીતા સ્વરૂપમાં હોય છે જેમ કે ક્યારેક કોઈ વસ્તુ હોય તો ક્યારેક ચિહ્ન. આ દરેક નિશાનીનો સમાવેશ ફિઝિકલ સ્વરૂપમાં થાય છે. ક્યારેક ભૂકંપ, પૂર કે બીજી કોઈ હોનારત આવે તો આવી નિશાનીઓ પૃથ્વીના પેટાળમાં ક્યાંય નાબૂદ થઈ જતી હોય છે. આવા સમયે જો જે તે યાદી આપણા મનમાં ન હોય તો હેરાન પરેશાન થવાનો સમય આવે છે.

આનાથી બિલકુલ ઉલટું કામ સ્મૃતિનું હોય છે. સ્મૃતિ એટલે યાદ. અમુક સમય પહેલા મેળવેલી માહિતીને તાજી કરવી એટલે સ્મૃતિ. માણસનું મન અને મનની શક્તિઓ અકલ્પનીય અને ખૂબ વિશાળ છે જેની કોઈ સીમા પણ નથી. આપણા મનની મેમરીમાં દસથી સો ટીબી મેમરી સમાય શકે છે, એક ટીબી(ટેરા બાઈટ) એટલે એક હજાર ગીગાબાઈટ. જોકે માણસદીઠ યાદ રાખવાની ક્ષમતા જુદી જુદી હોય છે. તેમ છતાંય મગજ સહેજ પણ હેંગ થયા વગર કામ કરી શકે છે. હા, એ વાત અલગ છે કે

આવું સુપર ડુપર કમ્પ્યુટર આપણી પાસે જ હોવા છતાંય આપણે ફિઝિકલ મેમરી કલેકશનમાં એટલા તો ગળાડૂબ હોઈએ છીએ કે ક્યારેક તો વર્તમાન અને વાસ્તવિક સ્મૃતિનું કોઈ મૂલ્ય જ નથી રહેતું. રામાયણમાં હનુમાનજી જ્યારે સીતામાતાને પ્રભુશ્રી રામ તરફથી અંગૂઠી રૂપે નિશાની મળે છે ત્યારે એ સ્મૃતિ સીતામાતાને ખુશ ચોક્કસ કરી દે છે પરંતુ તે પહેલાં સીતામાતાને રક્ષણ માટેની આશા તો શ્રી રામ માટેની માનસિક યાદથી જ જીવંત રહે છે



શાહ ધ્વનિ
ધ્વનિના સથવારે

અત્યારના સમયમાં વાતવાતમાં ફોટો લેતા લોકોની ખુશી પણ ફોટોમાં જ સમાઈ જતી હોય છે. ફોટો લેતા સમયે જે તે વસ્તુઓને તેના મૂળ સ્વરૂપમાં જોઈને સ્મૃતિમાં સેવ કરવાનું તો ભાગ્યે જ કોઈને યાદ રહેતું હોય છે.બાકી બધા જોતાવેંત ફોટો ને વીડિયો ની ભાગદોડમાં લાગી જાય છે. આવી જ યાદો ઘણીવાર કોઈના જીવનનો સહારો બની જતી હોય છે.

ક્યારેક ક્યાંક ફરવા ગયા હોય તો સૌંદર્યને જીવંત માણવાની બદલે વિડિયોઝ અને ફોટોસથી ડીવાઈસની મેમરી ભરાઈ જાય પણ એમાંથી કશુંક ક્યારેક સ્મૃતિપટમાં યાદ કરવાનો સમય આવે ત્યારે કશું જ યાદ ન આવે તેનો શો અર્થ ! જ્યારે માણવા રૂબરૂ ગયા ત્યારે મેમરી કેચ કરવા સમય કાઢ્યો અને હવે એ મેમરી જોવાનો સમય પણ નથી ને તે જોયા વગર ખુશીની એ ક્ષણ યાદ પણ નથી હોતી આમ કરવાથી વર્તમાનનો સમય તો બગાડવાનો જ ઉપરાંત જ્યારે તે ઘટના બની તેને ન માણી તેથી ભૂતકાળનો પણ બગડ્યો..આનાથી વધુ શરમજનક બીજું શું હોય શકે ! આવી જ ઘણી મેમરી કેચ કરવા જતાં ઘણાએ પોતાનો જીવ ગુમાવ્યો હોય તેવું વારંવાર જોવા મળે છે અને એટલે જ આવા ઘણા હેતુથી જોતા એવો નિષ્કર્ષ મળે કે ફોટો, વીડિયો કે બીજી કોઈ યાદ એકથી કરવા કરતાં તેને મનમાં જ સેવ કરીને રાખવાથી એની ટાઈમ, એની વેર અને એ પણ કોઈપણ સંજોગોમાં યાદ કરીને ભૂતકાળની એ મજાને ફરીથી જીવંત સ્વરૂપમાં માણી શકાય છે શરત બસ એટલી કે તેના માટેની યાદ મનની મેમરીમાં જ સ્ટોર થયેલી હોવી જોઈએ.

speakdhwani@gmail.com 9426690753

### વિદેશમાં નોકરીને બહાને હજારો લોકો સાથે ૬૪ બેન્ક ખાતા વડે છેતરપિંડી

# ૬૪ બેન્ક ધારકોને છેતરનાર ચાર વિદેશી નાગરિકની ધરપકડ

### આરોપીએ ૪૮ દેશના ૨૭ હજાર લોકોના ડેટા એકઠા કરેલા:૧૦ કરોડ નાઇજીરિયાના બેન્ક એકાઉન્ટમાં થયા ટ્રાન્સફર

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૯

વિદેશમાં નોકરીને બહાને હજારો લોકો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરવા બદલ સાયબર પોલીસે ચાર વિદેશી નાગરિકની પુણેથી ધરપકડ કરી હતી. પકડાયેલા આરોપીઓમાં ત્રણ નાઈજીરિયનનો સમાવેશ હોઈ તેમણે છેતરપિંડી આચરવા ૬૪ બેન્ક એકાઉન્ટ્સનો ઉપયોગ કર્યો હતો. આરોપીઓએ ૪૮ દેશના ૨૭,૦૦૦ લોકોના ડેટા એકઠા કર્યા હતા અને અત્યાર સુધીમાં ૨,૦૦૦ લોકોનો તેમણે સંપર્ક સાધ્યો હતો. આરોપીઓએ છેતરપિંડી આચરી મેળવેલી રકમમાંથી ૧૦ કરોડ રૂપિયા નાઈજીરિયાની બેન્કના એકાઉન્ટમાં ટ્રાન્સફર થયા હોવાનું પણ પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું. સાયબર પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ ઓગનસાકીન ઉર્ફે માઈકલ ઓલાયેની (૩૨), સોતોમીવા થોમ્પસન (૨૫), ઓપેયેમી ઓડેલે ઓગનમોરોટી (૨૬) અને ઓગસ્ટીન ફ્રાન્સિસ વિલિયમ્સ (૨૨) તરીકે થઈ હતી. ચારેય આરોપી પુણેના ઉન્ડ્રી વિસ્તારમાં રહેતા હતા, એમ પોલીસે જણાવ્યું હતું. ચેમ્બુર વિસ્તારમાં રહેતો વિશાલ માંડવકર નામનો યુવક વિવિધ વેબસાઈટના માધ્યમથી વિદેશમાંની હોટેલમાં નોકરી શોધી રહ્યો ત્યારે હિલ્ટન હોટેલ એન્ડ સ્યૂટ કેનેડા ખાતે નોકરી અંગેની જાહેરાત પર તેની નજર પડી હતી. આ જાહેરાતમાં આપેલા ઈ-મેઈલ આઈડી પર તેણે પોતાનો બાયોડેટા પાઠવ્યો હતો. બાદમાં તેને ઉપરોક્ત હોટેલમાં નોકરી લાગી હોવા સંદર્ભેનો એપોઈન્ટમેન્ટ લેટર પાઠવાયો હતો. ઉપરાંત માર્ક બ્રાઉન નામના ડિપ્લોમેટનો મોબાઈલ નંબર પાઠવીને સંપર્ક સાધવાનું વિશાલને કહેવામાં આવ્યું હતું. વિશાલે મોબાઈલ નંબર પર સંપર્ક સાધતાં તેને એમ્પ્લોયમેન્ટ ઓથોરાઈઝેશન, વિઝા ફી, પ્રોગ્રામ ફી અને બેઝિક ટ્રાવેલિંગ ફી પેટે વિવિધ બેન્ક એકાઉન્ટમાં પૈસા ભરવાનું કહીને રૂ. ૧૭.૨૨ લાખની છેતરપિંડી આચરવામાં આવી હતી, જેને પગલે વિશાલે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી અને ગુનામાં સંડોવાયેલા ત્રણ નાઈજીરિયન સહિત ચાર જણને પુણેથી ઝડપી પાડ્યા હતા. આરોપીઓ પાસેથી ૧૪ મોબાઈલ, ચાર લેપટોપ, પાંચ રાઉટર, બે ઈન્ટરનેશનલ મોબાઈલ નંબરના સિમકાર્ડ તથા અન્ય મતા જપ્ત કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર આરોપીઓએ ગુના આચરવા માટે ૧૨ ભારતીય બેન્કમાંના ૬૪ જેટલા એકાઉન્ટનો ઉપયોગ કર્યો હતો. આ બેન્ક એકાઉન્ટ્સ મહારાષ્ટ્ર સહિત દિલ્હી, પશ્ર્ચિમ બંગાળ, ઓડિસા, ઉત્તર પ્રદેશ, આસામ વિગેરે ખાતે છે. આમાંના ૧૧ બેન્ક એકાઉન્ટની માહિતી પોલીસે મેળવી હોઈ તેમાં કરોડો રૂપિયાનું ટર્નઓવર થયું હોવાનું તપાસમાં જાણવા મળ્યું હતું. આરોપીઓએ ૪૮ દેશના ૨૭,૦૦૦ લોકોના ડેટા એકઠા કર્યા હોવાનું તેમના લેપટોપની તપાસમાં જણાયું હતું. આમાં મોટા ભાગના વિદેશી નાગરિકો છે. આરોપીઓએ ૨,૦૦૦ લોકોનો સંપર્ક સાધ્યો હોઈ ૨,૫૦૦ લોકોના પાસપોર્ટના ડેટા તથા અન્ય ગુપ્ત માહિતી આરોપીઓ પાસેથી મળી આવી હતી, એમ પોલીસ અધિકારીએ કહ્યું હતું.

# મુંબઈગરા આનંદો. ૧લી ફેબ્રુઆરીથી સર્વ પ્રવાસીઓ લોકલમાં મુસાફરી કરી શકશે



ચક્રવાત ટીમ મુંબઈ તા ૨૯

આખરે મુંબઈની લાઈફલાઈન ગણાતી લોકલમાં ૧લી ફેબ્રુઆરીથી તમામ મુસાફરોને પ્રવાસ કરવાની છૂટ રાજ્ય સરકારે જાહેરાત કરી છે જો કે સાથે સાથે કોરોના ન ફેલાય તે માટે ખાનગી ઓફિસના સમયમાં ફેરફાર કરવાની વિનંતી મુખ્યપ્રધાને કરી છે. આમ ૧૧ મહિના બાદ લોકલ માં તમામ પ્રવાસીઓ પ્રવાસ કરી શકશે. ખાસ કરીને કામ કરતા લોકોને આનાથી સૌથી વધુ રાહત મળશે. મુંબઈની ત્રણ માર્ગની લોકલ માં રોજના અંદાજે ૮૬ લાખ લોકો મુસાફરી કરે છે. આથી જ તેને લાઈફલાઈન કહેવાય છે. કોરોના બાદ લાગુ થયેલા લોકડાઉન ને કારણે આશરે ૬ મહિના લોકલ સંપૂર્ણપણે બંધ રહી હતી. ત્યારબાદ કોરોના ને ધ્યાનમાં રાખી ઈમરજન્સી સેવામાં કામ કરતા કર્મચારીઓ માટે આંશિક શરૂ કરાઈ હતી. જો કે ૨૯ જાન્યુઆરીથી ત્રણ માર્ગની તમામ ટ્રેન પૂરી સંખ્યામાં દોડાવવાનો નિર્ણય લીધો હતો જો કે સર્વ પ્રવાસીઓ માટે ફેબ્રુઆરી ૧લી થી પરવાનગી આપી છે. આમ છતાં મુસાફરોએ સોશ્યલ ડિસ્ટન્સ તેમ જ કોરોના guideline નું ૬ મહિના સુધી પાલન કરવું પડશે. ફરજિયાત માસ્ક પહેરવું પડશે. આમ લોકલ બધા માટે ભલે શરૂ થઈ પરંતુ ભીડને કારણે કોરોનાની વધુ એક લહેર ન આવે તેનું ધ્યાન રાખવું પડશે.

જો કે લોકલ માં તમામ પ્રવાસીઓ માટે શરતો લાગુ કરાઈ છે. જેમ કે પહેલી લોકલ શરૂ થાય ત્યારથી સવારે ૭ વાગ્યા સુધી ત્યાર બાદ બપોરે ૧૨ થી ૪ અને રાત્રે ૯ થી છેલ્લી ટ્રેન સુધી તમામ પ્રવાસીઓને પરવાનગી આપી છે. બાકીના સમયમાં સરકારની માર્ગદર્શિકા પ્રમાણે જ મુસાફરો પ્રવાસ કરી શકશે.

# ૪૧૦ કરોડનું બિલ્ડરનું કૌભાંડ : ઈડી દ્વારા ઓમકાર ગ્રુપના ચેરમેન અને ડિરેક્ટરની ધરપકડ

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૯

ઈડી (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ) એ મુંબઈના સૌથી જાણીતા અને સૌથી મોટા બિલ્ડરોમાંના એક ઓમકાર ગ્રુપના અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટરની ધરપકડ કરી છે. બંનેને શનિવાર સુધી ઈડીની કસ્ટડીમાં રાખવામાં આવશે. જો કે આ ગ્રુપ દ્વારા ૨૨ હજાર કરોડનું કૌભાંડ અચરવામા આવ્યાનું ચર્ચાય રહ્યુ છે.પરંતુ ગ્રુપ દ્વારા તે નકારવામા આવ્યુ છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ઓમકાર બિલ્ડર્સ ગ્રુપના ચેરમેન કમલ ગુપ્તા અને મેનેજિંગ ડિરેક્ટર બાબુલાલ વર્માની કરોડોના સ્લમ રિહેબિલિટેશન પ્રોજેક્ટ (એસઆરએ) ફ્રોડ કેસમાં ધરપકડ કરી છે. ઓમકાર જૂથ પર ઝૂંપડપટ્ટી પુનર્વસન પ્રોજેક્ટ માટે યસ બેંક પાસેથી રૂ .૪૫૦ કરોડના રોકાણ સહિત અનેક બેંકો પાસેથી હજારો કરોડ રૂપિયા ઉધાર લેવાનો આરોપ છે. ઔરંગાબાદ આર્થિક ગુના શાખા (ઇડબ્લ્યુ) માં દાખલ કરવામાં આવેલી એફઆઈઆર ૪૧૦ કરોડ રૂપિયાની એફઆઈઆર સાથે સંબંધિત હોવાનું કહેવાય છે. સોમવાર અને બુધવારે ઈડીએ ઓમકાર ગ્રુપની ૧૦ ઓફીસ પર દરોડા પાડ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર ઈડી અધિકારીઓની શોધખોળ કર્યા બાદ સંબંધિત સંસ્થાની કચેરીઓ અને ગુપ્તા-વર્માના નિવાસસ્થાનોમાં ભ્રષ્ટાચારને લગતા મોટા પ્રમાણમાં દસ્તાવેજો મળી આવ્યા હતા. ઈડી દ્વારા બાબુલાલ વર્મા અને કમલ ગુપ્તાની ૨૭ જાન્યુઆરીની બપોરે પૂછપરછ કરવામાં આવી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે બંને તપાસમાં સહકાર આપી રહ્યા ન હતા, ત્યારબાદ બંનેની ધરપકડ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૯ માં, ઓમકાર ગ્રુપ અને ગોલ્ડન એજ ગ્રુપ ઓફ કંપનીઝ વિરુદ્ધ મુંબઇ હાઈકોર્ટમાં એક અરજી કરવામાં આવી હતી. બંને કંપનીઓએ ઝૂંપડપટ્ટીવાસીઓના નામે બનાવટી દસ્તાવેજો બનાવીને મોટો કૌભાંડ આચર્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. ઓમકાર ગ્રુપ અને ગોલ્ડન એજ ગ્રુપ ઓફ કંપનીઝ વિરુદ્ધ દસ્તાવેજો બનાવટી હોવાનો આરોપ લગાવતા મુંબઈ હાઈકોર્ટમાં એક અરજી કરવામાં આવી હતી. અરજીમાં એવો પણ આરોપ મૂકવામાં આવ્યો છે કે ઓમકાર ગ્રુપના અધિકારીઓને સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી (એસઆરએ) ના અધિકારીઓ દ્વારા પ્રોજેક્ટના વિકાસ માટે લેટર ઓફ ઈન્ટેન્ટ (એલઓઆઈ) મેળવવા માટે મદદ કરવામાં આવી હતી. એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે એલઓઆઈનો ઉપયોગ વિવિધ બેંકો પાસેથી કરોડો રૂપિયા ઉધાર લેવા માટે કરવામાં આવી રહ્યો છે. મુંબઈની સૌથી મોટી રીઅલ એસ્ટેટ કંપની ઓમકાર ગ્રુપ મુંબઇ પરામાં પ્રીમિયમ રીઅલ એસ્ટેટ પ્રોજેક્ટમાં કામ કરે છે. આ સંસ્થા વર્લીમાં તેના પ્રતિષ્ઠિત ઓમકાર ૧૯૭૩ પ્રોજેક્ટ માટે જાણીતી છે. આ બિલ્ડિંગમાં ઘણા મોટા લોકોએ ફ્લેટ ખરીદ્યો છે. ઓમકાર ગ્રુપ એ એસઆરએ પ્રોજેક્ટમાં સૌથી મોટી રીઅલ એસ્ટેટ કંપની છે.

# મહારાષ્ટ્રમાં ૨૮ ફેબ્રુઆરી સુધી લોકડાઉન લંબાવ્યું

### કોરોના સંકટ હજી પૂરૂં નથી થયું



ચક્રવાત ટીમ, મુંબઈ ૨૯

રાજ્યમાં કોરોના સંકટ હજી પૂરેપૂરુ ટળ્યુ ન હોવાથી મહારાષ્ટ્ર સરકારે પ્રતિબંધિત ઝોનમાં લોકડાઉન વધારવાનો નિર્ણય લીધો છે. મહારાષ્ટ્રમાં કોરોનાના વધતા જતા ખતરાને ધ્યાનમાં રાખીને લોકડાઉન લંબાવ્યાની જાહેરાત કરવામાં આવી છે. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૧ સુધી રાજ્યના કન્ટિમેન્ટ ઝોનમાં પ્રતિબંધો જાળવવામાં આવશે. રાજ્ય સરકારે આ સંદર્ભમાં એક પરિપત્ર જારી કર્યો છે. લોકડાઉનમાં વધારો કરતી વખતે રાજ્ય સરકાર દ્વારા સમય સમય પર જારી કરાયેલા આદેશો લાગુ થશે. ૩૦ સપ્ટેમ્બર અને ૧૪ ઓક્ટોબરે, મિશન બીગ અગેન અંતર્ગત કેટલાક પ્રતિબંધોને હળવા કરવામાં આવ્યા હતા. તેમાં આપેલ મંજૂરી તે બધું રાબેતા મુજબ ચાલુ રહેશે. જો કે, કન્ટિમેન્ટ ઝોનમાં લોકડાઉન જાળવવામાં આવશે. નાગરિકોએ કોરોના પૃષ્ઠભૂમિ પર જાહેર સ્થળોએ માસ્ક બંધનકર્તા ,સામાજિક અંતર જાળવવાની જરૂર અને હાથ ધોવા જેવી સૂચનાઓનું પાલન કરવું જરૂરી છે. બ્રિટનમાં કોરોના વાયરસનું નવુ સ્ટ્રેન સામે આવ્યું છે. વિશ્વના તમામ દેશોમાં કોરોનાના નવા સ્ટ્રેન જાતો મળી આવ્યા પછી ભારતમાં ઘણા સ્થળોએ નવી કોર્નાના સ્ટ્રેન જોવા મળતા.આ પૃષ્ઠભૂમિની સામે, મહારાષ્ટ્ર સરકારે લોકડાઉન ૩૧ જાન્યુઆરી, ૨૦૨૧ સુધી લંબાવવાનો નિર્ણય લીધો હતો. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે જણાવ્યુ છે કે જો લોકડાઉન દેશના કોઈ પણ રાજ્યમાં લાગુ કરવામાં આવે તો હવે તેને કેન્દ્ર સરકારની મંજૂરી લેવી પડશે. કોરોનાની પૃષ્ઠભૂમિ પર કેન્દ્ર દ્વારા નવી કોવિડ દિશાનિર્દેશો જારી કરવામાં આવી હતી. તદનુસાર, રાજ્યોએ હવે કન્ટેન્ટ ઝોન સિવાયના અન્ય વિસ્તારોમાં લોકડાઉન માટે કેન્દ્ર સરકારની પરવાનગી લેવી પડશે. તેથી કન્ટેન્ટ ઝોનમાં ફક્ત આવશ્યક સેવાઓની મંજૂરી હોવી જોઈએ. તેમજ, કન્ટિમેન્ટ ઝોન માર્કિંગ થવું જોઈએ, એમ કેન્દ્રીય ગૃહમંત્રાલયે જણાવ્યું હતું.

# દેવપક્ષના અક્ષરપ્રકાશને જાલીનોટ પ્રકરણમાં ૧૦ વર્ષની સજા

ચક્રવાત ટીમ ભાવનગર, તા.૨૯

ભાવનગર ગત તા.૨૨-૩-૨૦૧૫ ના રોજ ભાવનગરમાં પોલીસે જાલી નોટ પ્રકરણમાં ઝડપાયેલ શખ્સો સામેના કેસમાં ડિસ્ટ્રીક્ટ કોર્ટે ભુપતભાઈ પોપટભાઈ ઝાંપડીયાને આજીવન કેદ અને દેવપક્ષના સ્વામી ધર્મવિહારીદાસજીના શિષ્ય અને વડતાલના આચાર્ય રાકેશપ્રસાદજીના દિક્ષીત ઢસા ગુરૂકુળના સંચાલક સ્વામી અક્ષરપ્રકાશદાસજી જેવો વખતો વખત અનેક વિવાદોથી જોડાયેલા હોય છે તેમને ૧૦ વર્ષ કેદની સજા ફટકારેલ છે સાથે ભાવનગર ના મહેન્દ્ર સિંહ જીતુભા ગોહિલ તથા કાવાભાઈ મેપાભાઈ મેર ને પણ દશ વર્ષ કેદની સજા કરવામાં આવી છે.

# થાણે અને મીરા-ભાઈંદર મહાનગરપાલિકાને આખરે ડો. બાબાસાહેબ આંબેડકર સાંસ્કૃતિક કેન્દ્ર માટે મંજૂરી

ચક્રવાત ટીમ,મુંબઈ ૨૯

થાણે અને મીરા-ભાઈંદર મહાનગરપાલિકા વિસ્તારના ડો. બાબાસાહેબ આંબેડકર કલ્ચરલ સેન્ટરને સામાજિક ન્યાય અને વિશેષ સહાય પ્રધાન ધનંજય મુંડેએ મંજૂરી આપી અને ટેન્ડર પ્રક્રિયા દ્વારા કામગીરી શરૂ કરી દીધી છે. આ સંદર્ભે મંત્રાલયમાં એક બેઠક મળી હતી. ધારાસભ્ય પ્રતાપ સરનાઈકે માંગ કરી હતી કે ઝડપથી વિકસી રહેલા થાણે અને મીરા-ભાઈંદર મહાનગરપાલિકા વિસ્તારોમાં આ કેન્દ્રની સ્થાપના કરવામાં આવે.તેવી માગણી વિધાનસભ્ય પ્રતાપ સરનાઈકે કરી હતી આ બિલ્ડિંગમાં વિપસાના કેન્દ્ર, એક પુસ્તકાલય અને આવાસ પણ હશે. બંને દરખાસ્તોને મંજૂરી આપતી વખતે, સામાજિક ન્યાય પ્રધાન મુંડેએ આશ્વાસન આપ્યુ હતુ કે જો જરૂર પડે તો સરકાર આ કેન્દ્રો માટેના ભંડોળ ઓછુ પડવા નહિ દેશે. છેલ્લા ઘણા સમયથી વિલંબમા પડેલા વિધાનસભ્ય પ્રતાપ સરનાઈકે સામાજિક ન્યાય પ્રધાન ધનંજય મુંડે દ્વારા ડો.બાબાસાહેબ આંબેડકર સાંસ્કૃતિક કેન્દ્રની તાત્કાલિક મંજૂરી બદલ મુંડેનો આભાર માન્યો. થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન હદમાં આનંદ નગર ખાતે મહાનગરપાલિકા સુવિધા પ્લોટ પર ૯ કરોડ ૭૫ લાખના ખર્ચે ડો.બાબાસાહેબ આંબેડકર કલ્ચરલ સેન્ટરની સ્થાપના કરવામાં આવશે. ૯૦% ભંડોળ રાજ્ય સરકાર તરફથી મળશે અને ૧૦% ભંડોળ થાણે મહાનગરપાલિકા દ્વારા પૂરા પાડવામાં આવશે. આ બિલ્ડિંગના નિર્માણ પછી તે થાણે મહાનગરપાલિકાના કબજામાં રહેશે અને તેની સંભાળ થાણે મહાનગરપાલિકા દ્વારા લેવામાં આવશે. આ માટે થાણે મહાનગરપાલિકાની સામાન્ય સભા દ્વારા મંજૂરી આપવામાં આવી છે. મીરા-ભાઈંદર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં મહેસૂલ વિભાગની જમીન સોશિયલ જસ્ટિસ ડિપાર્ટમેન્ટને સોંપવામાં આવી છે અને ત્યાં રૂ .૧૩ કરોડનો ખર્ચ થવાની સંભાવના છે. જેમાંથી ૯૦% ખર્ચ રાજ્ય સરકાર અને ૧૦% મીરા-ભાઈંદર મહાનગરપાલિકા ઉઠાવશે. મીરા-ભાઈંદર મહાનગરપાલિકાની સામાન્ય સભાએ પણ તેની મંજૂરી આપી દીધી હોવાનું જણાવાયું હતું.

### બૃહદ મુંબઈ ગુજરાતી સમાજના પ્રતિનિધી મંડળે ગર્વનરની મુલાકાત લીધી



આજે (ગુરુવાર) બૃહદ મુંબઈ ગુજરાતી સમાજના પ્રતિનિધી મંડળે રાજ્યના ગર્વનર ભગતસિંહ કોશિયારીની મુલાકાત લીધી હતી. હેમરાજ શાહપ્રાજેશ દોશી તેમજ પ્રતિનિધી મંડળે ગર્વનરને બે પુસ્તકો ભેટ આપી અંધેરીમા ગુજરાતી સમાજ ભવનની મુલાકાત લેવાનું આમંત્રણ આપ્યુ હતુ.ગવનરે ગુજરાતી સમાજ ભવનની મુલાકાત લેવાનું તેમજ રાસ ગરબાના કાર્યક્રમ જોવા જરૂર આવશેનું આશ્વાસન આપ્યુ છે.

# ગુજરાતી થિયેટર અભિનેતા અને નાટ્યકાર અરવિંદ જોશીનું નિધન



ચક્રવાત ટીમ, મુંબઈ ૨૯

બોલિવૂડ અભિનેતા શર્મન જોશીના પિતા અને ગુજરાતી થિયેટર અભિનેતા અને નાટ્યકાર અરવિંદ જોશીનું આજે સવારે વૃદ્ધાવસ્થામાં નિધન થયું છે. તેણે સવારે જુહુ, નાનાવતી હોસ્પિટલમાં સવારે ૩ વાગ્યે અંતિમ શ્વાસ લીધા. તે ૮૪ વર્ષનો હતો. તેમના પછી પત્ની, પુત્ર શર્મન જોશી અને પુત્રી માનસી જોશી છે. ટેલિવિઝનની દુનિયામાં માનસી પણ એક મોટું નામ છે. તે અભિનેતા રોહિત રોયની પત્ની છે. અરવિંદ જોશીએ ઘણી હિટ ગુજરાતી ફિલ્મોમાં અભિનય કર્યો હતો. જો કે, તેઓ એક ગુજરાતી થિયેટર કલાકાર અને ગુજરાતી નાટ્ય લેખક તરીકે જાણીતા હતા. હિન્દી મૂવીઝની વાત કરીએ તો તેણે ઈત્તેફાક, શોલે, અપમન કી આગ, ખારીદાર, થિકના, નામ જેવી ઘણી ફિલ્મોમાં સહાયક અભિનેતા તરીકે નાના સહાયક ભૂમિકાઓ ભજવી. તેણે અનેક હિન્દી સિરિયલોમાં પણ અભિનય કર્યો હતો. આઈકોનિક મૂવી શોલેમાં અરવિંદે સંજીવ કુમાર ઉર્ફે ઠાકુરના મોટા પુત્રની ભૂમિકા નિભાવી હતી. તે અને ઠાકુરના પરિવારના કેટલાક અન્ય સભ્યોની ગબ્બર દ્વારા હત્યા કરવામાં આવી હતી. આર્ટ જગતના ઘણા લોકોએ તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. અભિનેતા પરેશ રાવલે ટ્વીટ કરીને અરવિંદ જોશીના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. અરવિંદ જોશીનું નિધન ભારતીય થિયેટરને મોટું નુકસાન છે. તેમણે પ્રતિભાશાળી અભિનેતા, એક મહાન નાટ્યકાર, શુદ્ધ માણસના ખોટ પર સંવેદના વ્યક્ત કરી છે.

# મુંબઈગરાના વીજળીના બિલમાં એડિશનલ ટ્રાન્સમિશન ચાર્જિસપેટે ૫૦ રૂપિયા ચાર્જ કરાશે

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૯

મોંઘવારી વચ્ચે મુંબઈગરાને હવે વધારાના વીજ બિલનો શોક લાગવાનો છે. મુંબઈગરાઓના વીજ બિલમાં હવે એડિશનલ ટ્રાન્સમિશન ચાર્જિસપેટે પચાસ રૂપિયાનો વધારો થવાની શકયતા છે. ખારઘર-વિક્રોલીમાં નવી ટ્રાન્સમિશન લાઈન નાખવામાં આવી રહી છે. આ ટ્રાન્સમિશન લાઈનના ખર્ચપેટે એડિશનલ ટ્રાન્સમિશન ચાર્જિસ વસૂલવા માટે ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશને મંજૂરી આપી છે. મુંબઈમાં વીજળીની માગણી સામાન્ય રીતે ૩૫૦૦ મેગાવૉટની આસપાસ છે. મહાપારેષણ આ રાજ્ય સરકારની કંપની દ્વારા ૨૨૦૦થી ૨૫૦૦ મેગાવૉટ વીજળીનો પુરવઠો કરવામાં આવે છે. આગામી સમયમાં વધનારી વીજળીની માગને ધ્યાનમાં લઈને એડિશનલ ટ્રાન્સમિશન લાઈન નાખવાનું કામ કરવામાં આવી રહ્યું છે. આમાં ૪૦૦ કેવી ક્ષમતાની ટ્રાન્સમિશન લાઈનનો સમાવેશ છે. આ ટ્રાન્સમિશન લાઈન ઊભી કરવા માટે ખારઘર-વિક્રોલી ટ્રાન્સમિશન પ્રા. લિ. કંપનીની સ્થાપના કરવામાં આવી હતી. આ કંપની દ્વારા ટ્રાન્સમિશન લાઈનનું કામ અદાણી ટ્રાન્સમિશનને આપવામાં આવ્યું છે. ખારઘર-વિક્રોલીમાં નવી ટ્રાન્સમિશન લાઈનના ખર્ચપેટે એડિશનલ ટ્રાન્સમિશન ચાર્જિસ વસૂલવા માટે મંજૂરી આપવામાં આવી છે. ટ્રાન્સમિશન લાઈનનું કામ સામાન્ય રીતે માર્ચ ૨૦૨૨માં પૂર્ણ થવાની શકયતા છે. આનું કામ પૂર્ણ થયા બાદ એડિશન ટ્રાન્સમિશન ચાર્જિસ વસૂલવાની શરૂઆત કરવામાં આવશે. ટ્રાન્સમિશન લાઈનનો ખર્ચ આશરે ૨૨૦૦ કરોડ રૂપિયા છે. એક વર્ષમાં એડિશનલ ટ્રાન્સમિશન ચાર્જિસપેટે ૨૫૦ કરોડ રૂપિયા વસૂલ કરવામાં આવશે.

# વેલેન્ટાઈન દિવસના ૧૪ ફેબ્રુઆરીથી મુંબઈ-અમદાવાદ વચ્ચે તેજસ એક્સપ્રેસ ફરી ચાલુ થશે

ચક્રવાત ટીમ ,મુંબઈ ૨૯

કોરોના વાઈરસ નિયંત્રણમાં આવ્યા પછી તબક્કાવાર રેલવે મંત્રાલય લાંબા અંતરની મેલ-એક્સપ્રેસ ટ્રેનની સર્વિસ ચાલુ કરી રહી છે, જે અંતર્ગત મુંબઈ-અમદાવાદ વચ્ચેની સૌથી વધારે જાણીતી તેજસ એક્સપ્રેસને ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૧થી ફરી ચાલુ કરાશે, એમ સત્તાવાર જણાવાયું હતું. ગયા વર્ષે ઑક્ટોબર મહિનામાં મુંબઈ-અમદાવાદ વચ્ચે તેજસ એક્સપ્રેસ ચાલુ કરવામાં આવી હતી, પરંતુ પ્રવાસીઓ તરફથી નબળો પ્રતિભાવ મળ્યા પછી ૨૪ નવેમ્બરથી ટ્રેનસેવા બંધ કરવામાં આવી હતી. આમ છતાં આગામી ૧૪ ફેબ્રુઆરીના વેલેન્ટાઈન દિવસથી મુંબઈ-અમદાવાદ વચ્ચે તેજસ એક્સપ્રેસ (નંબર ૮૨૯૦૨/૮૨૯૦૧) ચાલુ કરવામાં આવશે, એમ ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટૂરિઝમ કોર્પોરેશન (આઈઆરસીટીસી)ના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. ટ્રેનના પરિવહન દરમિયાન કોરોના વાઈરસની કેન્દ્ર સરકારની માર્ગદર્શિકાનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવશે. એટલું જ નહીં, મુંબઈ સેન્ટ્રલથી અમદાવાદ વચ્ચેના તમામ સ્ટેશન વચ્ચે તમામ સેફ્ટી પ્રોટોકોલનું પાલન કરવામાં આવશે. શરૂઆતના તબક્કા દરમિયાન તેજસ એક્સપ્રેસ અઠવાડિયામાં ચાર દિવસ મુંબઈ-અમદાવાદ વચ્ચે દોડાવાશે, જેમાં શુક્રવાર, શનિવાર, રવિવાર અને સોમવારનો સમાવેશ થાય છે, જ્યારે મુંબઈ સેન્ટ્રલ સહિત અન્ય સ્ટેશન પર પહોંચવા અને ઉપડવાનો સમય અગાઉની જેમ જ રહેશે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

# ક્રૂડ પામતેલમાં ૪૦,૭૭૦ ટનના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧,૦૭,૫૫૦ ટનના સ્તરે

ચક્રવાત ટીમ, મુંબઈ,૨૯


વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૮૦૯૧૦ સોદામાં રૂ. ૧૮૮૬૦.૧૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં એકંદરે તેજીનો માહોલ હતો. માત્ર ગોલ્ડ-પેટલનો વાયદો મામૂલી ઘટ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને વધી આવ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં ક્રૂડ પામતેલમાં ૪૦,૭૭૦ ટનના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧,૦૭,૫૫૦ ટનના સ્તરે પહોંચ્યો હતો. સીપીઓ, કોટન, મેન્થા તેલ અને રબરના વાયદાના ભાવમાં સુધારા સામે કપાસ ઘટી આવ્યું હતું. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૯૩૩૮૯ સોદાઓમાં રૂ. ૧૧૮૮૮.૫૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૬૨૪ ખૂલી, ઊપરમાં રૂ. ૪૯૧૫૯ અને નીચામાં રૂ. ૪૮૬૨૪ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫૦૨ વધીને રૂ. ૪૯૧૨૬ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૧૪ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૯૫૧૩ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૮૪૪ થયા હતા, જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૩૦ વધીને બંધમાં રૂ. ૪૯૧૦૨ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૬૮૬૪૧ ખૂલી, ઊપરમાં રૂ. ૭૦૬૮૨ અને નીચામાં રૂ. ૬૮૩૫૩ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૬૩૯ વધીને રૂ. ૭૦૨૩૪ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ. ૨૫૨૫ વધીને રૂ. ૭૦૧૦૯ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ. ૨૪૮૬ વધીને રૂ. ૭૦૦૯૪ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૯૯૮૭ સોદાઓમાં રૂ. ૨૮૩૮.૨૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૩૮૨૮ ખૂલી, ઊપરમાં રૂ. ૩૮૪૭ અને નીચામાં રૂ. ૩૮૦૧ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૭ વધીને રૂ. ૩૮૩૪ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૩૭૭૩ સોદાઓમાં કુલ રૂ. ૪૯૯.૨૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જાન્યુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ. ૨૦૭૧૦ ખૂલી, ઊપરમાં રૂ. ૨૦૯૪૦ અને નીચામાં રૂ. ૨૦૭૦૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૦ વધીને રૂ. ૨૦૭૬૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૯૪૫.૮ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે ૯૦ પૈસા વધીને બંધમાં રૂ. ૯૪૬ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ. ૯૮૪.૯ ખૂલી, ઊપરમાં રૂ. ૯૮૪.૯ અને નીચામાં રૂ. ૯૭૫.૨ રહી, અંતે રૂ. ૯૭૯.૨ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૧૧૯૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૧૯૬.૫ અને નીચામાં રૂ. ૧૧૮૮ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯.૫૦ ઘટીને રૂ. ૧૧૯૦.૫ ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૭૧૩૦ સોદાઓમાં કુલ રૂ. ૫૦૧૬.૫૭ કરોડ ની કીમતનાં ૧૦૨૨૭.૬૬૪ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૧૬૬૨૫૯ સોદાઓમાં કુલ રૂ. ૬૮૭૧.૯૯ કરોડ ની કીમતનાં ૯૮૭.૯૮૪ ટન, ક્રૂડ તેલમાં ૧૯૨૫૮ સોદાઓમાં રૂ. ૧૦૯૧.૪૫ કરોડનાં ૨૮૫૩૧૦૦ બેરલ્સ, કોટનમાં ૭૭૨ સોદાઓમાં રૂ. ૧૦૦.૦૨ કરોડનાં ૪૭૭૭૫ ગાંસડી, સીપીઓમાં ૨૮૯૬ સોદાઓમાં રૂ. ૩૯૩.૮૪ કરોડનાં ૪૦૭૭૦ ટન.

# ભાજપ નેતા અને ભૂતપૂર્વ મુખ્ય સંસદીય સચિવ રામપાલનું રાજીનામું

(જી.એન.એસ.)ચંડીગઢ,તા.૨૯

હરિયાણા ભાજપના નેતા અને ભૂતપૂર્વ મુખ્ય સંસદીય સચિવ રામપાલ માજરાએ કેન્દ્ર સરકારના નવા કૃષિ કાયદાઓનો વિરોધ કરી રહેલા ખેડૂતો સાથે એકજૂટતા દર્શાવવા પક્ષમાંથી રાજીનામું આપ્યું હતું. તેમણે પત્રકારોને કહ્યું કે હું આ કાયદાઓનો વિરોધ કરનારા ખેડૂતોની સાથે સંપૂર્ણ રીતે ઉભો છું. મને લાગે છે કે આ કાયદા માત્ર ખેડૂત વિરોધી જ નથી પરંતુ જો તેનો અમલ કરવામાં આવે તો તેનો સમાજના અન્ય વર્ગ પર પણ વિપરીત પ્રભાવ પડે છે. તેમણે પુષ્ટિ કરી હતી કે નવા કૃષિ કાયદાઓને લઈને તેમણે ભાજપમાંથી રાજીનામું આપી દીધું છે.

# મુંબઈના વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર એસટી બસ પલટી : ડ્રાઈવર ફરાર, કંડક્ટરને તાબામા



ચક્રવાત ટીમ, મુંબઈ ૨૯

મુંબઈના વેસ્ટર્ન એક્સપ્રેસ વે પર ગોરેગાંવ પુલ પર અકસ્માત સર્જાતાં એસ.ટી. બસ.પલટી ખાઈ જતા પશ્ચિમ એક્સપ્રેસ વે પરનો ટ્રાફિક થોડા સમય માટે જામ થઈ ગયો હતો. અકસ્માત બાદ એસટી ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો, જ્યારે કંડક્ટરને પોલીસ દ્વારા તાબામાં લેવામાં આવ્યો હતો. સદનસીબે, આ દુર્ઘટનામાં કોઈને ગંભીર ઈજા પહોંચી નથી. મુંબઈ વેસ્ટર્ન એક્સપ્રેસ વે પર ગોરેગાંવ પુલ પર રાત્રે એક એસટી બસ પલટી થઈ હતી. દહિસર વિસ્તારથી મુંબઈ જતા માર્ગ પર બસ પલટી ગઈ હતી. અકસ્માત સમયે ત્રણ લોકો એસટી બસમાં મુસાફરી કરી રહ્યા હતા. તેમાંથી એકને ઈજા થઈ હતી. અકસ્માત બાદ બસ ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો, પરંતુ પોલીસે કંડકટરને તાબામા લેવામા આવ્યો છે. એસટી અકસ્માતનું ચોક્કસ કારણ હજી જાણવા મળ્યું નથી.વેસ્ટર્ન એક્સપ્રેસ વે પર એસટી બસ પલટી ખાઈ ગઈ હતી, જેના કારણે થોડા સમય માટે ટ્રાફિક જામ સર્જાયો હતો. તે પછી રસ્તોથી પલટાઈ ગયેલી બસને હટાવવામા આવી હતી. અકસ્માત બાદ એસટી બસ ચાલક ભાગી જતા અકસ્માતનું સાચું કારણ જાણી શકાયું નથી.

# મુંબઈમાં હવે સ્ટ્રીટ પાર્કિંગ, ટ્રાફિક પોલીસની નવી પહેલ : કફ પરેડ વિસ્તારમાંથી ત્રણ દરખાસ્તો



ચક્રવાત ટીમ, મુંબઈ ૨૯

જૂની બિલ્ડિંગ હોવાથી, ત્યાં કોઈ પાર્કિંગની પૂરતી જમીન ન હોવાથી સુવિધા ઉપલબ્ધ્ધ નથી, મહાનગરપાલિકા દ્વારા ઉભા કરવામાં આવેલ પાર્કિંગની જગ્યા પણ બિલ્ડિંગથી ઘણી દૂર છે. પરિણામે, મકાનની બહાર રસ્તા પર વાહનો પાર્ક કરવા સિવાય કોઈ વિકલ્પ નથી. ટ્રાફિક પોલીસને આવી ફરિયાદોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.ફરિયાદો મળતાંની સાથે જ, તમામ માપદંડની તપાસ કર્યા પછી આવા રહેવાસીઓને પાર્કિંગ નહીં હોવા છતાં પણ પાર્કિંગની જગ્યા આપવાનો વિકલ્પ છે. તે મુજબ ટ્રાફિક પોલીસ દ્વારા નવી સ્ટ્રીટ પાર્કિંગ પહેલનો અમલ કરવામાં આવશે. મુંબઈમાં લગભગ ૩૬ લાખ વાહનો છે. તેની તુલનામાં, પરિવહન પ્રણાલી અપૂરતી છે. કેટલીક રહેણાંક મંડળીઓના નાગરિકોએ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે ગેરકાયદે પાર્કિંગ પર કાર્યવાહી દરમિયાન જગ્યા ન હોવાથી તેમના વાહનો ક્યાં પાર્ક કરવા.? તેમજ વૈકલ્પિક વ્યવસ્થાની પણ માંગ કરી હતી. તેથી પોલીસે આવા નાગરિકો માટે વૈકલ્પિક સ્ટ્રીટ પાર્કિંગ લાગુ કરવાની પહેલ શરૂ કરી છે. ટ્રાફિક પોલીસના જણાવ્યા મુજબ જો આ દરખાસ્ત આવે તો રસ્તા પર ટ્રાફિક ભીડની ચકાસણી કર્યા બાદ તેમને લીલી ઝંડી આપવામાં આવશે, વાહન આવા પાર્કિંગ, વાહન વ્યવસાયિક સંસ્થાઓ સિવાયના વાહનો પાર્ક કરવામાં ન આવે અને રાહદારીઓને અગવડતા ન પડે તેમ, આયોજન કરી પરવાનગી આપવામા આવશે. હાલમાં, કફ પરેડ વિસ્તારમાંથી સ્ટ્રીટ પાર્કિંગની મંજૂરી માંગતી ત્રણ દરખાસ્તો આવી હોવાનું ટ્રાફિક પોલીસે જણાવ્યું હતું. તે સુનિશ્ચિત કરવામાં આવશે કે અરજદારો પાસે ખરેખર પાર્કિંગ નથી. ટ્રાફિક વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, જાહેર પાર્કિંગ આ સ્થળથી દૂર છે કે કેમ, કેટલા વાહનો સંબંધિત સ્થળોએ પાર્ક કરી શકાશે, જેથી ટ્રાફિકને અડચણ ન આવે, તેની ચકાસણી અને મંજૂરી આપવામાં આવશે, તેમ પરિવહન વિભાગના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. આ સ્ટ્રીટ પાર્કિંગ માટે પાલિકાને ફી ચૂકવણી કરવી પડશે. વાહનની સલામતી માટે અન્ય વાહનો ત્યાં પાર્ક કરવામાં આવશે નહીં, જવાબદારી સંબંધિત સોસાયટી પર રહેશે. અત્યારે ટ્રાફિક પોલીસ આ પ્રોજેક્ટને હંગામી ધોરણે અમલમાં મૂકીને મુંબઈમાં શરૂ કરવાનો પ્રયાસ કરી રહી છે.

# સાંગલીની હોટલમાં હાઈપ્રોફાઈલ સેક્સ રેકેટનો પર્દાફાશ

### પોલીસ ઇન્સ્પેક્ટર સહિત છ જણની અટક ,બે યુવતીનો છૂટકારો

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૯

સાંગલી જિલ્લાના આટપડી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરને હાથકડી લગાવાઈ છે. સાંગલી શહેર નજીક કરનાલ રોડ પર આવેલી હોટલ રણવીર ખાતે આવેલી હાઈ પ્રોફાઈલ સેક્સ રેકેટનો પર્દાફાશ કરવામા આવ્યો હતો. પોલીસ ઈન્સ્પેક્ટર સહિત છ લોકોની અટક કરવામાં આવી હતી. બે મહિલા પિડિતાને મુક્ત કરવામાં આવી છે.. આ અંગે સાંગલી રૂરલ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. સાંગલી જિલ્લાના કરનાલ રોડ પર હોટલ રણવીર પર પોલીસે દરોડો પાડ્યો હતો. પકડાયેલા આરોપીઓમાં પોલીસ ઈન્સ્પેક્ટર, હોટલના માલિક અને આટપડી પોલીસ સ્ટેશનના એજન્ટ શામેલ છે. હોટલ પર દરોડામાં બે યુવતીઓ પણ મળી આવી હતી. અટપડી પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર અરૂણ દેવકર, હોટલના માલિક રાઘવેન્દ્ર શેટ્ટી, રવિન્દ્ર શેટ્ટી, રાજેશ યાદર, શિવાજી વાઘલે અને સત્યજીત પંડિતની અટક કરવામાં આવી હતી. બે મહિલાઓને મહિલા સુધારણા સુવિધા કેન્દ્રમાં મોકલવામાં આવી છે. એક સેક્સ રેકેટમા પોલીસ ઈન્સપેક્ટરની અટક થતાં જિલ્લામાં હલચલ મચી ગઈ છે. હોટલ પર પીટા હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. આ અંગે સાંગલી રૂરલ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે.

# પુણેની પ્રસિદ્ધ ચિતળે ઉત્પાદનો ફ્રેન્ચાઈઝીના ધોરણે હવે મુંબઈમાં ઉપલબ્ધ



ચક્રવાત ટીમ, મુંબઈ ૨૮

પુણે એટલે શહેરની અનેક વિશિષ્ટતામાંથી ચિતળેની બાકરવડી યાદ આવે છે. આ બાકરવડી અને ચિતળેની વિવિધ પ્રકારની મીઠાઈઓ અને નમકીન પદાર્થો હવે મુંબઈમાં પણ ચિતળે એક્સપ્રેસના માધ્યમથી મળશે. મુંબઈમાં દાદર પશ્ચિમ ખાતે રાનડે રોડ પર ચિતળે એક્સપ્રેસ નામે ચિતળે ઉદ્યોગ સમૂહની ફ્રેન્ચાઈઝી ખોલવામાં આવી છે. મરાઠીના અવ્વલ સુપરસ્ટાર અંકુશ ચૌધરી, અને ચિતળે ગ્રુપના કેદાર ચિતલે, ગિરીશ ચિતલે, સંજય ચિતલે અને મુંબઈની પ્રથમ ફ્રેન્ચાઈઝીનાં આરતી અને અતિન કાંબળેને હસ્તે આજ રોજ (ગુરુવારે)શુભારંભ થયો.છે. છેલ્લાં ૬૨ વર્ષ મીઠા અને નમકીન પદાર્થોના સ્વાદને ચિતળે ઉદ્યોગ સમૂહ પરિપૂર્ણ રીતે સંતોષી રહ્ય છે. તેમાંય ચિતળે બંધુની સૌથી લોકપ્રિય ભાકરવડી છે.ભાકરવડી અને વિવિધ પ્રકારની મીઠાઈઓ અને નમકીન પદાર્થો અમેરિકા, ઈઝરાયલ અને સિંગાપોર જેવા અનેક દેશોમાં નિકાસ થાય છે. આ જ પદાર્થ હવે મુંબઈગરાને મુંબઈની પ્રથમ ફ્રેન્ચાઈઝી, અર્થાત, ચિતળે એક્સપ્રેસના માધ્યમથી ઉપલબ્ધ થશે. રાનડે રોડ, દાદર પશ્ચિમ, મુંબઈમા ચિતળે એક્સપ્રેસ આરતી અને અતિન કાંબળે ચલાવી રહ્યાં છે. ચિતળે ઉદ્યોગ સમૂહના ભાગીદાર શ્રી કેદાર ચિતળેએ જણાવ્યું હતું કે ચિતળે એક્સપ્રેસ અમારો નવો ઉપક્રમ હોઈ તેના દ્વારા અમે જેની શેલ્ફ લાઈફ સારી છે એવાં ઉત્પાદનો પુણે ખાતેથી આખા દેશમાં સર્વત્ર મોકલીએ છીએ. આ ઉત્પાદનો હવે ફ્રેન્ચાઈઝી ધોરણે ઉપલબ્ધ કરીશું. મુંબઈની આ પ્રથમ ચિતળે એક્સપ્રેસ છે. અહીં દહીં, શ્રીખંડ, ઘી જેવાં દૂધ અને દુગ્ધજન્ય ઉત્પાદનો, ભાકરવડી, ચેવડો જેવા નમકીન, આંબા બરફી, કાજુકતલી, પેંડા પણ ઉપલબ્ધ છે. મુંબઈના દરેક ઉપનગરોમાં એક ચિતળે એક્સપ્રેસ શરૂ કરવાનું અમારું લક્ષ્ય છે.હવે ચિતળેની બાકરવડી કે શ્રીખંડ હવે મુંબઈના દાદરમાં મળશે. ૨૮મી જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ રાનડે રોડ પર ચિતળે એક્સપ્રેસનો આરંભ થયો છે.

# મુંબઈનું સૌથી મોટું ડ્રગ રેકેટ પકડાયુ

ચક્રવાત ટીમ, મુબઈ ૨૯

એનસીબીએ મુંબઈના સૌથી મોટા એલએસડી ડ્રગ્સ રેકેટને નષ્ટ કરવામાં સફળતા મેળવી છે. ૨૭ જાન્યુઆરીથી મુંબઈમાં એક ઓપરેશન કર્યુ હતુ.. આના માધ્યમથી મુંબઈનું સૌથી મોટું એલએસડી ડ્રગ રેકેટનો નાશ કરવામાં આવ્યો છે. તેમાંથી એલએસડીના ૩૩૬ બ્લોટ, અડધો કિલો ગાંજો કબજે કરવામાં આવ્યો હતો. આ કેસમાં ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓમાં એક એન્જિનિયર છે જે ટીસીએસમાં નોકરી કરે છે. તેનું નામ અરબાઝ શેખ હોવાનું બહાર આવ્યું છે. તેમને ડ્રગ્સ સપ્લાય કરનારા સૂરજ સિંહની પણ ધરપકડ કરવામાં આવી છે. જપ્તીમાં ૨૧૫ એલએસડી બ્લોટ, , ૬ ગ્રામ કોકેઈન અને અડધો કિલો ગાંજો ઝડપાયો હત એનસીબી દ્વારા નેરૂલના એક ફ્લેટમાં છાપો મારવામા આવ્યો હતો.. ગાંજાના સેવન માટે એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ડાર્કવેબ પર વિદેશથી ડ્રગ્સની ખરીદી કરવામાં આવી રહી હતી. અરબાઝ શેખ આ કેસમાં પેડલર છે અને ડીજે તરીકે પણ કામ કરે છે. ત્રણેય આરોપીઓ પાસેથી કુલ ૩૩૬ બ્લોટ, એલ.એસ.ડી., ૪૩૦ ગ્રામ ગાંજો અને ૬ ગ્રામ કોકેઈન જપ્ત કરાઈ છે. છેલ્લા ઘણા દિવસોથી, બોલિવૂડમાં ડ્રગ કનેક્શનો પ્રકાશમાં આવ્યા છે. આ કેસમાં અનેક અભિનેતાઓને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા હતા. દરમિયાન એનસીબીના અધિકારીઓએ કાર્યવાહી હાથ ધરી હતી. આમાં મુંબઈમાં ચાલતા ડ્રગ રેકેટનો પર્દાફાશ થયો છે. ધરપકડની હાલમાં તપાસ કરવામાં આવી રહી છે અને અનેક સૂત્રધારોની માહિતી મળી આવી છે.

# સાંગલીમા સગીરા પર બળાત્કારના આરોપીને ૧૦ વર્ષની સજા

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૯

સગીર વયની છોકરીને લાલ્ચ બતાવી અને જાતીય શોષણ કરવા બદલ આરોપીને ૧૦ વર્ષની જેલની સજા ફટકારી છે. કવથેમહાકલના એક યુવકને દસ વર્ષની કેદની સજા ફટકારી છે. આરોપીની ઓળખ અજય શિંદે તરીકે થાય છે. સાંગલી જિલ્લા સેશન્સ કોર્ટે સજા સંભળાવી છે. સાંગલી જિલ્લાના કવથેમહાકલ તાલુકાની કુચી ખાતે એક સગીર બાળકીનું અપહરણ કરાયું હતું. આ ઘટના ૧૬ જૂન, ૨૦૧૬ ના રોજ બની હતી. આ કેસમાં કવળેમહાંકલ પોલીસે પરભણીથી પીડિત છોકરી સાથે અજય શિંદેની ધરપકડ કરી હતી. અજય શિંદે વિરુદ્ધ કવથેમહંકલ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. આ કેસની સુનાવણી સાંગલી જિલ્લા સેશન્સ કોર્ટમાં ચાલી રહી હતી. જિલ્લા સેશન્સ કોર્ટે ગુરુવારે સાક્ષીઓ અને ઉપલબ્ધ પુરાવાના આધારે અજય શિંદેને આ કેસમાં દોષી ઠેરવ્યા છે. તેને ૧૦ વર્ષની સખત કેદ અને ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. દંડ ભરવામાં નહીં આવે તો તેને એક વર્ષની સખત કેદની સજા પણ કરવામાં આવી છે. આ સજાને ડિસ્ટ્રિક્ટ સેશન્સ જજ ડી.એસ. હાતરોટે આપી હતી.

### પોતાના ભાડા ખર્ચીને જીવના જોખમે ગોડાઉન સુધી લેવા જવુ પડે છે. ગ્રામ્ય વિસ્તારના કેન્દ્રની મહીલાઓને ભારે હાલાકી પ્રાંત કચેરીને રજુઆત કરાઈ

# ઉનામા આંગણવાડીઓમાં રાંધણ ગેસ સમયસર ન મળતા રોષ

ચક્રવાત ટીમ ઊના, તા.૨૯

ઉના શહેર અને ગ્રામ્ય વિસ્તારની આંગણવાડી કેન્દ્ર માટે અગાઉના અધિકારી દ્વારા વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ પહેલાથી જ એક સાથે બે રાંધણગેસની બોટલ (ગેસ સીલીન્ડર) ઘટક કક્ષાએ ડીલેવરી (લેવા) જવાની વ્યવસ્થા કરવામાં આવતી હતી. અને આંગણવાડી કેન્દ્રમાં સવારનો નાસ્તો અને બપોરનો નાસ્તો અન્ય બીજાની જગ્યાએ બળતણનો ઉપયોગ કરી બનાવી આપવાની ફરજ પડતી હતી. અને સરકાર દ્વારા નક્કી થયેલ પરિપત્ર મુજબ ત્રણ ગેસ સીલીન્ડરને બદલે માત્ર બે જ ગેસ સીલીન્ડર એક સાથે આપવામાં આવી રહ્યા છે. આંગણવાડી સંચાલકોએ પોતાની ફરજ આંગણવાડીએ નિભાવવાને બદલે ગેસ સીલીન્ડરની લાઈનમાં ઉભા રાખવામાં આવતા હોવાની અને આ માટે કોઈ અલગથી ખર્ચ પણ આપવામાં આવતો ન હોવાની ચોકાવનારી વિગત બહાર આવી છે. બીજા પાસેથી ખાલી સીલીન્ડર રિફલીંગ માટે લઈ જવાની ફરજ પડતી હોય છે. ખાનગી વાહનોમાં ગેસ સીલીન્ડર સાથે જીવના જોખમે પરિવહન કરવાની ફરજ પાડવામાં આવતી હોય અને પરિવહન ખર્ચ પણ આપવામાં આવતો ન હોય અને આ માટેનો વાહતુક ખર્ચ આંગણવાડી વર્કરને અંદાજે ૨૦૦ થી ૫૦૦ રૂપિયા જેવી મોટી રકમ દર વર્ષે આંગણવાડી વર્કર બહેનોને પોતાના ખિસ્સામાંથી આપવા પડે છે. તેમજ દુર્ઘટના પણ બનવાની શક્યતા રહે છે તે જવાબદારી કોની ત્યારે આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવા ઉના પ્રાંત અધિકારીને કરવામાં આવેલ છે. દિવસેને દિવસે ડીજીટલ બનતા આ જમાનામાં આંગણવાડી વર્કર બહેનોને બાકાત રખાયા હોવાનો ધાટ જોવા મળી રહ્યો છે. અને સરકાર દ્વારા આપેલ સ્માર્ટફોનનો યોગ્ય ઉપયોગ જેવો કે રાંધણગેસ માટે જે તે કંપની દ્વારા ઓનલાઈન બુકિંગ સેવા મળતી હોય ત્યારે સરકાર દ્વારા આપવામાં આવેલ મોબાઈલ નંબર અને રાંધણ ગેસ ગ્રાહક નંબર મુજબ જે તે ગેસ સીલીન્ડર વિતરક (એજન્સી) દ્વારા ઓનલાઈન બુકિંગ સેવા કાર્યરત કરવામાં આવતો નથી. આંગણવાડી કેન્દ્રમાં અંદાજે વર્ષ એટલે કે ૨૦૨૦ માં ખુબજ મોટે પાયે હોબાળો મચતા એક વર્ષ પહેલા એક સાથે બે રાંધણગેસની બોટલ (ગેસ સીલીન્ડર) ઘટક કક્ષાએથી ફાળવવામાં આવેલ અને સીધા આંગણવાડી કેન્દ્ર સુધી ડીલેવરી (પહોચતા) કરવાની વ્યવસ્થા સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી દ્વારા કરવામાં આવી હતી. ત્યાર બાદ આજ દિવસ સુધી ચાલુ વર્ષ આંગણવાડી વર્કર બહેનોને આંગણવાડીમાં નાસ્તો તેમજ સુખડી બનાવવા બળતણ વપરાશ માટે રાંધણગેસની બોટલ (ગેસ સીલીન્ડર) ની જરૂરીયાત હોવા છતાં કચેરી દ્વારા આજ દિવસ સુધી કોઈ વ્યવસ્થા કરવામાં આવેલ નથી. તેમજ કોઈ આ માટે સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી દ્વારા કોઈ લેખિત જાણ પણ કરવામાં આવેલ ન હોવાની માહિતી મળેલ છે. તાજેતરમાં આંગણવાડી વર્કર બહેનો વચ્ચે ચર્ચાઓનો દોર શરુ થયો છે અને અનેક સવાલો જેવા કે, ગેસ સીલીન્ડર વિતરક (એજન્સી) દ્વારા આંગણવાડી કેન્દ્ર સુધી પહોચતા થશે કે આંગણવાડી વર્કર દ્વારા જીવના જોખમે ખાનગી વાહન મારફત ગેસ સીલીન્ડર લેવા માટે ગેસ સીલીન્ડર વિતરક (એજન્સી) નાં ગોડાઉન ઉપર લેવા જવાની ફરજ પડશે આ માટે કોઈ વાહતુક ખર્ચ (ગોડાઉનથી આંગણવાડી સુધી) રાંધણગેસની બોટલ (ગેસ સીલીન્ડર) પહોચાડવા માટે અલગથી ચૂકવી શકાશે કે કેમ અને કેટલી નિયત મર્યાદામાં આ રકમનું ચુકવણું થશે આ માટે કોઈ લેખિત જાણ કે માર્ગદર્શન આપવમાં આવશે કે કેમ ? અત્રે એ વાત પણ ઉલ્લેખનીય છે કે, જો આંગણવાડી વર્કર દ્વારા ઓનલાઈન બુકિંગ કરવામાં આવે તો ભવિષ્યમાં કોઈ ગેરરીતી જેવી કે આંગણવાડી માટે આપવમાં આવતા ગેસ સીલીન્ડર કોઈ અન્ય ત્રાહિત વ્યક્તિ દુરઉપયોગ ના કરે અને ખુબ મોટો ભ્રષ્ટાચાર થતા હોય તેના પર અંકુશ લગાવી શકાય છે.

# ઊના દેલવાડા રોડ પર બાઈક અકસ્માતમાં યુવાનને ગંભીર ઈજા થતા સારવાર હેઠળ

ચક્રવાત ટીમ ઊના, તા.૨૯

ઊના દેલવાડા રોડ પર નવાબંદર ગામથી ઉના તરફ બાઈક પર આવતો યુવાનને અકસ્માત નડતા યુવાનને માથાના ભાગે ગંભીર ઈજા પહોચતા સારવાર અર્થે ઉના સરકારી હોસ્પીટલે ખસેડવામાં આવેલ વધુ સારવાર માટે ખાનગી હોસ્પીટલે રીફર કરાયેલ છે.

નવાબંદર ગામે રહેતા ભરતભાઈ રણશીભાઈ પરમાર ઉ.વ.૩૦ નવાબંદર ગામેથી ઉના તરફ બપોરના સમયે બાઈક પર એકલો આવતો હતો. એ વખતે દેલવાડા રોડ પર અચાનક બાઈક અકસ્માત થતાં નીચે પટકાતા માથાના ભાગે ગંભીર ઈજા થતાં લોહીલોહાણ અને બેભાન હાલતમાં ઢળી પડતા રસ્તા પરથી પસાર થતાં વાહન ચાલકો એકત્ર થઈ ગયા હતા. અને ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સરકારી હોસ્પીટલે ખસેડવામાં આવેલ જ્યાથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પીટલે ખસેડવામાં આવેલ છે. જોકે આ બાઈક અકસ્માતમાં યુવાનેને ગંભીર ઈજા થયેલ હોવાનું જાણવા મળેલ છે.

# ગઢપુરના પાર્ષદની આંતરરાષ્ટ્રિય માનવાધિકાર એસો.માં નિમણૂંક



ચક્રવાત ટીમ બોટાદ, તા.૨૯

ગઢડા, ગોપીનાથજી દેવ મંદિરના પૂર્વ પૂજારી અને હાલ સર્વોપરી ગૌશાળાના સંચાલક એવા પાર્ષદ સંજય ભગતની આંતરરાષ્ટ્રીય માનવાધિકાર એસો. માં પ્રદેશ પ્રભારી તરીકે નિમણુંક થતા ગઢડા ખાતે સન્માન સમારોહ યોજાયો હતો, આજરોજ કમલમ હોલ ખાતે સંતો એસ.પી.સ્વામી, ઘનશ્યામવલ્લભદાસજી સ્વામી, બ્રહ્મચારી સ્વામિ, છપૈયા સ્વામિ તેમજ શહેરના નામાંકિત ડો.જી.વી. કાળથીયા, જગન્નાથજી રથયાત્રા સમિતિના પ્રમુખ ચંદ્રકાન્તભાઈ, અગ્રણી વકીલ સંજયભાઈ ઠાકર, રાજકીય આગેવાન, સામાજીક અગ્રણી અને પાર્ષદો, બ્રાહ્મણો તેમજ સામાજિક આગેવાનો તેમજ આંતરરાષ્ટ્રીય માનવાધિકાર એસો. ના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષે અનિલકુમાર સિહજી ની વિશેષ ઉપસ્થિતિ માં સંજય ભગતને સન્માન કરી શુભકામનાઓ પાઠવી.

# ભાલકામાં આહીર સમાજનો સન્માન સમારોહ ફેરવાયો ચૂંટણીસભામાં



ચક્રવાત ટીમ, તા.૨૯

સોમનાથ સાંનિધ્યે ભાલકાતીર્થના આંગણે ભાજપ સમર્થીત આહીર સમાજનો સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં પદાધિકારીઓના સન્માનની સાથે અગ્રણીઓએ સોમનાથ ભુમિ પરથી ચુંટણીનું રણશીંગુ ફુંકી આગામી સ્થાનીક સ્વરાજયની ચુંટણીમાં ભાજપ તરફી મતદાન માટે આહવાન કર્યુ હતુ. આહીર સમાજના સૂચક સન્માન સમારોહથી કોંગ્રેસમાં સન્નાટા સાથે જીલ્લાના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. આ સમારોહમાં જીલ્લાભરમાંથી મોટી સંખ્યામાં આહીર સમાજના લોકો ઉપસ્થિત રહયા હતા. તાજેતરમાં ભાજપ પાર્ટીમાં પ્રદેશ અને જીલ્લાઓના નવા હોદેદારોની ટીમો જાહેર કરી છે જેમાં અુમક જીલ્લાઓમાં આહીર સમાજના મોભીઓની મહત્વના સ્થાને વરણી કરી છે. જેને લઈ સોમનાથમાં આહીર સમાજના ઈષ્ટદેવ શ્રી કૃષ્ણના ભાલકેશ્વર મંદિરના પટાંગણમાં ભાજપ સમર્થીત જીલ્લા આહીર સમાજ દ્વારા મોભીઓને સન્માન કરવાનો સમારોહ યોજાયો હતો. જેમાં આહીર સમાજના પ્રદેશ મંત્રી રઘુભાઈ આહીર, ભાજપના પ્રદેશ પ્રવક્તા ભરત ડાંગર, દ્વારકા જીલ્લા પ્રમુખ ખીમાભાઈ જોગલ, અમરેલીના મહામંત્રી પીઠાભાઈ નકુમ, જુનાગઢના મહામંત્રી હિરેન સોલંકી ઉપરાંત અન્ય સમાજના સ્થાનીક અગ્રણીઓ એવા પ્રદેશ મંત્રી ઝવેરીભાઈ ઠકરાર,પાર્લામેન્ટરી બોર્ડના સભ્ય એવા સાંસદ રાજેશ ચુડાસમા, જીલ્લા પ્રમુખ માનસિંગ પરમાર, મહામંત્રી ડો.વઘાસીયા, સરમણભાઈ સોલંકી, વજુભાઈ વાજા સહિતના મહાનુભાવોનું મોમેન્ટો આપી અદકેરૂ સન્માન કરાયુ હતુ. આ કાર્યક્રમમાં કેબીનેટ બેઠકના કારણે ગેરહાજર રહેલા સોરઠનું પ્રતિનિધિત્વ કરતા મંત્રી જવાહરભાઈ ચાવડા અને રાજકોટના નાગદાન ચાવડાએ શુભેચ્છા સંદેશ મોકલ્યા હતા. આ સમારોહ આગેવાનોના ઉદબોધન પરથી ચુંટણી સભામાં પલટાયો હતો. જેમાં આહીર સમાજના આગેવાન રાજશીભાઈ જોટવા સહિતના આગેવાનોએ પોતાના ઉદબોધનમાં જણાવેલ કે, ભાજપ પાર્ટીમાં કાર્યકર્તાએ કરેલ પરીશ્રમની કદર હમેંશા થતી રહી છે. જેનો દાખલો તાજેતરમાં દ્વારકા જીલ્લા ભાજપ પ્રમુખ તરીકે સમાજના જોગલભાઈની વરણી છે.

# બરવાળા શહેરની આંગણવાડી નં.૪ અને પની આજુબાજુમાં ગંદકીનું સામ્રાજય



ચક્રવાત ટીમ બોટાદ, તા.૨૯

બોટાદ જિલ્લાના બરવાળા શહેર માં આંબેડકર નગર ૨ માં આવેલ આંગણવાડી નંબર ૪ અને ૫ માં ગંદકીનું સામ્રાજ્ય જોવા મળેલ આ આંગણવાડીમાં નાના બાળકો રમતા હોય છે ભણતા હોય છે તો આ ગંદકીને લઈ કોઈ બાળકનું સ્વાસ્થ્ય બગડે તો આ બાળકો ના સ્વાસ્થ માટેના જવાબદાર કોણ તેવા પ્રશ્નો લોક મુખે ચર્ચાય રહ્યા છે આ આંગણવાડી ની ચારે દિશામાં ગંદકી અને મોટા બાવળ જોવા મળેલ છે અને અહી ગુજરાત સરકાર ના સ્વચ્છ ભારત મિશન ના લીરે લીરા જોવા મળ્યા હતા છતા પણ તંત્ર ઘોર નિંદ્રામાં સૂતું હોય તેવું લાગી રહયું છે આ આંગણવાડી મા નાના બાળકો બિમાર પડે તો જવાબદાર કોણ? જેવા સવાલો ઊભા થઈ રહ્યા છે.

# ચેન્નાઈમાં ઓક્શનમાં દરેક ટીમના ૧૩ મેમ્બરને મળશે એન્ટ્રી : બે કોરોના ટેસ્ટ ફરજિયાત



(જી.એન.એસ.)ચેન્નાઇ,તા.૨૮

ઇન્ડિયન પ્રીમિયર લીગની ૧૪મી સીઝન માટેનું મિની ઓક્શન ૧૮ ફેબ્રુઆરીએ ચેન્નાઈમાં થશે. સ્પોર્ટ્સ વેબસાઈટ ક્રિકબઝના જણાવ્યા અનુસાર બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા)ના સીઈઓ હેમાંગ અમિને હરાજીને લગતા નિયમો અંગે ૮ ફ્રેન્ચાઈઝને મેઈલ કર્યો છે. હરાજીમાં દરેક ફ્રેન્ચાઈઝમાંથી ફક્ત ૧૩ સભ્યો ભાગ લઈ શકશે. ઉપરાંત, બધા સભ્યોએ ૨ આરટી-પીસીઆર ટેસ્ટ કરાવવા પડશે. બંને ટેસ્ટનો રિપોર્ટ નેગેટિવ આવો જરૂરી છે.

બુધવારે મોકલેલા મેઈલ મુજબ, ફ્રેન્ચાઈઝ માલિકોને ચેન્નાઈમાં ક્વોરન્ટીનમાં રહેવાની જરૂર રહેશે નહીં. તેઓએ બે વાર કોરોના ટેસ્ટ કરાવવો પડશે. પ્રથમ ટેસ્ટ હરાજીના ૭૨ કલાક પહેલા અને બીજો ટેસ્ટ ચેન્નઈની ગ્રાન્ડ ચોલા હોટલમાં પહોંચ્યા બાદ લેવામાં આવશે. બંને ટેસ્ટનો રિપોર્ટ નેગેટિવ આવે ત્યારબાદ જ સભ્યોને સ્થળે પ્રવેશ આપવામાં આવશે. હેમાંગ અમીને કહ્યું કે ટ્રેડિંગ વિંડો બંધ કરવાની તારીખ પણ લંબાવી દેવામાં આવી છે. હવે તે ૧૧ ફેબ્રુઆરીએ સાંજે ૫ વાગ્યે બંધ થશે. તે ૧૮ ફેબ્રુઆરીએ હરાજી બાદ ફરીથી ખૂલશે. ખેલાડીઓ ૧૪મી સીઝન માટે ૧૧ ફેબ્રુઆરી સુધીમાં નોંધણી કરાવી શકે છે.

# દ. આફ્રિકાના ફાસ્ટ બોલરે રબાડાએ માત્ર ૪૪ ટેસ્ટમાં મેળવી ૨૦૦ વિકેટ



કરાચી,તા.૨૯

દક્ષિણ આફ્રિકાના ફાસ્ટ બોલર કાગિસો રબાડાની ટેસ્ટમાં ૨૦૦ વિકેટ પુરી થઈ છે. તેણે ૪૪મી મેચ અને ૮૧૫૪ બોલે આ સિદ્ધિ મેળવી છે. તે સૌથી ઓછી બોલમાં ૨૦૦ વિકેટ લેવા બાબતે ત્રીજા નંબરે છે. વકાર યુનુસે ૭૭૩૦ બોલ પર આ રેકોર્ડ બનાવ્યો હતો. મેચના ત્રિજા દિવસે પાકિસ્તાન ૩૭૮ રને ઓલઆઉટ થયું હતું. દ.આફ્રિકાએ પ્રથમ ઈનિંગ્સમાં ૨૨૦ રન બનાવ્યા હતા. આ રીતે પાકિસ્તાનને ૧૫૮ રનની લીડ મળી હતી. રમત સમાપ્ત થતા સુધીમાં દક્ષિણ આફ્રિકાએ બીજી ઈનિંગ્સમાં ૪ વિકેટે ૧૮૭ રન બનાવી લીધા છે. ટીમનો સ્કોર એક સમયે ૧૭૫ રન હતો. પાકિસ્તાને ૧૦ રનમાં ૩ વિકેટ ખેરવીને મેચમાં પકડ મેળવી હતી.

# ઈંગ્લેન્સ સામે પ્રથમ ટેસ્ટ માટે પ્લેઈંગ ઈલેવન



(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૨૮

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ચાર ટેસ્ટ મેચોની સિરીઝનો પ્રારંભ ૫ ફેબ્રુઆરીથી થશે અને પ્રથમ મેચ ચેન્નઈમાં રમાશે. આ ટેસ્ટ મેચ માટે ટીમ ઈન્ડિયાના પૂર્વ ઓપનર ગૌતમ ગંભીરએ પોતાની પસંદગીની પ્લેઈંગ ઈલેવનની પસંદગી કરી છે. આ ટેસ્ટ સિરીઝ રવિન્દ્ર જાડેજા, મોહમ્મદ શમી જેવા ખેલાડી ઈજાને કારણે ઉપલબ્ધ નથી, તેવી સ્થિતિમાં તેણે જે ટીમ પસંદ કરી છે તે ખુબ સંતુલિત જોવા મળી રહી છે.

ઈંગ્લેન્ડની ટીમ મજબૂત ટીમ છે અને શ્રીલંકા વિરુદ્ધ ટેસ્ટમાં જીત મેળવ્યા બાદ તેનું મનોબળ ઉચું છે. ઈંગ્લેન્ડ વિરુદ્ધ જીત મેળવવા માટે પ્લેઈંગ ઈલેવનની પસંદગી સાવધાનીપૂર્વક કરવી પડશે અને ભારતે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પહોંચવા માટે ઈંગ્લેન્ડને હરાવવુ પડશે. હવે ગંભીરે પોતાની પ્લેઈંગ ઈલેવનની પસંદગી કરી છે. તેમાં તેણે ઓપનિંગની જવાબદારી રોહિત શર્માની સાથે શુભમન ગીલને આપી છે.

**ગૌતમ ગંભીરની પ્લેઇંગ ઇલેવન**

રોહિત શર્મા, શુભમન ગિલ, ચેતેશ્વર પૂજારા, વિરાટ કોહલી, અજિંક્ય રહાણે, રિષભ પંત, અક્ષર પટેલ, આર અશ્વિન, કુલદીપ યાદવ, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ.

# આધ્યાત્મિક ગુરૂ ઓશો પર બનાવાશે ફિલ્મ લીડ રોલમાં જોવા મળશે એક્ટર રવિ કિશન



(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૮

છેલ્લા અમુક વર્ષોથી બોલિવૂડમાં આધ્યાત્મિક ગુરુ ઓશો રજનીશ પર ફિલ્મ બનવાની ચર્ચા ઘણા વેગથી ચાલી રહી હતી. ડિરેક્ટર શકુન બત્રા આની પ્લાનિંગ કરી રહ્યા હતા, જેનું નિર્માણ કરણ જોહર કરવાના હતા. ફિલ્મમાં આમિર ખાન અને આલિયા ભટ્ટ કાસ્ટ થવાની ચર્ચા પણ હતી. જોકે હજુ સુધી આના પર કોઈપણ પ્રકારનું ઓફિશિયલ અનાઉન્સમેન્ટ થયું નથી. આ વચ્ચે રવિ કિશને બાજી મારી લીધી છે. આમિર ખાનથી પહેલાં રવિ કિશન હવે વેલજી ભાઈ ગાલા નિર્મિત ફિલ્મ 'સિક્રેટ્સ ઓફ લવ'માં ઓશો રજનીશના રોલમાં સ્ક્રીન પર દેખાશે.

વેલજીભાઈએ આપેલી માહિતી અનુસાર, છેલ્લા ૩૦ વર્ષથી હું ઓશોનો સન્યાસી છું અને હું તેમની સ્ટોરીને લોકો સુધી બને એટલી જલ્દી પહોંચાડવા માગું છું. ઘણું વિચાર્યા બાદ મને ખ્યાલ આવ્યો કે તેમની સ્ટોરીને ફિલ્મ મારફતે લોકો સુધી પહોંચાડી શકાય છે. માટે મેં આ નિર્ણય લીધો. મેં તેમના ઘણા પ્રવચન સાંભળ્યા છે, તેમને જણાવેલું મેડિટેશન કર્યું છે. તેમની સાથે જોડાયેલી દરેક નાની વસ્તુથી હું જાણકાર છું, માટે ફિલ્મમાં વધુ પ્રોબ્લેમ ન થઈ. મારા મુજબ ઓશો આ સદીના બેસ્ટ મેન છે અને આ સદીના લોકોએ તેમના વિશે જરૂર જાણવું જોઈએ.

રવિ કિશન વિશે વેલજી ભાઈ જણાવે છે કે, 'આ ફિલ્મમાં અમે ઓશો સાથે જોડાયેલા ત્રણ મોટા ફેઝ દેખાડવાના છીએ જેના માટે ત્રણ અલગ-અલગ એક્ટર લીધા છે જયેશ કપૂર, વિવેક મિશ્રા અને રવિ કિશન. જ્યારે ઓશો રજનીશ અમેરિકા ગયા હતા જ્યાં તેમને ઝેર આપવામાં આવ્યું તે રોલમાં રવિ કિશન દેખાશે. રવિને સાઈન કરતા પહેલાં અમે અમુક એક્ટર્સના લુક ટેસ્ટ કર્યા હતા જોકે રવિ કિશનથી બેટર ઓશોના રોલમાં કોઈ ફિટ ન થઈ શક્યું.

# બિગ બોસઃ રાખી સાવંત અભિનવ શુક્લાના અન્ડરગાર્મેન્ટ્સ કાપતી જોવા મળી



(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૮

બિગ બોસમાં ઘણી વખત સ્પર્ધકો એવા કામ કરે છે, જે ખોટું કામ કરતા હોય એમ લાગે છે, પરંતુ તે પછી કંઈક એવું થાય છે જે વધુ ભયંકર અને આઘાતજનક થઈ જાય છે. સ્વાભાવિક રીતે, સ્પર્ધકોના આવા કામોની પણ આકરી ટીકા કરવામાં આવે છે. બિગ બોસ ૧૪ માં, ફરીથી કંઈક એવું બન્યું કે તમે આવું વિચાર્યું પણ નહીં હોય કે તે ખરેખર મનોરંજનના નામે કરવામાં આવી રહ્યું છે. ખરેખર, બિગ બોસની લાઈવ ફીડનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં રાખી સાવંત અભિનવ શુક્લાના અન્ડરગાર્મેન્ટ્સ કાપતી જોવા મળી રહી છે. બધા જાણે છે કે રાખી સાવંત લોકોનું ધ્યાન આકર્ષિત કરવા માટે વારંવાર નાટકો ભજવે છે. એક તરફ તે અભિનવ શુક્લાના અન્ડરગાર્મેન્ટ્સ કાપી રહી છે, તો બીજી તરફ તે ટાસ્ક દરમિયાન અભિનવ શુક્લા સાથે ફ્લર્ટ કરતી પણ જોવા મળી છે. બિગ બોસ ૧૪ નો આ વીડિયો જ છહ્વૈહક્રદૃજ. ષ્ઠરક્રદ્બ નામના સોશ્યલ મીડિયા હેન્ડલ દ્વારા શેર કરવામાં આવ્યો છે. વીડિયોમાં રાખી સાવંતને એકલા ડ્રોઈંગ એરિયામાં એકલી જતી જોવા મળી રહી છે. ત્યારબાદ તેણીને ત્યાં અભિનવ શુક્લાના અન્ડરગાર્મેન્ટ્સ શોધે છે અને તેને કાપતી નજરે પડે છે. અભિનવના ચાહકોને રાખીનું આ વર્તન એકદમ કંટાળાજનક લાગ્યું છે. તે રાખી સાવંત ઉપર ગુસ્સે છે અને તેણે આ કૃત્ય માટે તેના પર જોરદાર ઠપકો આપ્યો છે. હાલ બિગ બોસ ૧૪ ના વીકએન્ડ એપિસોડ દરમિયાન જ્યારે પત્રકારો દ્વારા રાખીને પૂછવામાં આવ્યું ત્યારે તેણે અભિનવ શુક્લાને પ્રેમ કરવાનો દાવો કર્યો હતો. આ ખુલાસો થયો ત્યારથી રુબીના દિલીક રાખી સાવંત સાથે અંતર રાખી રહી છે.

# નોરા ફતેહીનો ડાન્સ વીડિયો થયો વાયરલ



(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૮

નોરા ફતેહી પોતાની ડાન્સ સ્ટાઈલને લઈને સોશિયલ મિડીયામાં ટ્રેન્ડ થતી રહે છે. તેમના ગીતો પર લાખો વ્યૂઝ આવે છે. આવુ એક ગીત ફિલ્મ મરજાવાનું એક તો કમ જિંદગાની, ઉસસે ભી કમ હે જવાની, જેના પર નોરાએ અદભૂત ડાન્સ કરીને સોશિયલ મીડિયા પર હડકંપ મચાવી દીધો છે. બ્લૂ ટ્રેકસૂટ પહેરેલ આ વીડિયોમાં ડાન્સર્સ તેજસ અને ઈશ્પ્રીતની સાથે તેમની ડાન્સ સ્ટાઈલ ખુબ વાયરલ થઈ રહી છે. નોરા ડાન્સર સાથે આ ગીતને ખુબ એન્જોય કરતી જોવા મળી રહી છે. હંમેશાની જેમ આ ગીતમાં પણ તેમના ડાન્સ સ્ટેપ એટવા પરફેક્ટ લાગી રહ્યા છે કે ફેન્સ તેના પર કોમેન્ટ કરવાથી પોતાની જાતને રોકી શકતા નથી. ફિલ્મ મરજાવામાં દર્શાવેલા આ ગીત માટે નોરાએ બહુ મહેનત કરી હતી.

તેમણે પાણીમાં ભીંજાયને ઘણા મુશ્કેલ શોટ આપ્યા હતા. જણાવવામાં આવી રહ્યું છે કે ગીતમાં હાઈ હીલ પહેરીને ડાન્સ કરવાથી નોરાના પગમાં સોજો આવી ગયો હતો. આ ઉપરાંત સેટ ઉપર ગરમી હોવાને કારણે નોરાનો મેકઅપ વાંરવાર ખરાબ થઈ જતો હતો. આટલી મુશ્કેલી હોવા છતા નોરાએ પુરા ડેડીકેશન સાથે આ ગીતમાં અદભૂત પર્ફોમન્સ આપ્યું અને દર્શકોથી ખુબ પ્રેમ મેળવ્યો. તમને જણાવી દઈએ કે મુળ રૂપથી આ ગીત સાગર ફિલ્મનું છે જેને સપના મુખર્જીએ ગાયું હતું.

તેને ફિલ્મ મરજાવામાં રિમિક્સ કરીને નોરા ફિલ્માવવામાં આવ્યું છે. ડાંસ ઉપરાંત નોરા પોતાના ડ્રસેને લઈને પણ બધાનું ધ્યાન આકર્ષિત કરતી રહે છે. નોરાએ સફેદ મોતી જડિત બ્લાઉઝમાં પોતાના લેટેસ્ટ લૂકની તસવીર સોશિયલ મીડિયા ઉપર શેર કરી છે. જે ઝડપથી વાયરલ થઈ રહી છે. એ વાત તો હજુ સામે નથી આવી કે નોરા એ ક્યાં ગીત માટે આ લૂક અપમાન્યો હતો કે પછી ફોટોશૂટ માટે, પરંતુ તસવીરોને જોઈને ફેન્સ ખુબ પ્રશંશા કરી રહ્યા છે.

# દક્ષિણ કોરિયન અભિનેત્રી સોંગ યુ જુંગના થયેલા અચાનક નિધનથી ચકચાર

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૮

દક્ષિણ કોરિયન અભિનેત્રી સોંગ યુ જુંગના અચાનક નિધનથી વિશ્વભરના કે-ડ્રામા ચાહકો દુઃખી છે. ૨૫ જાન્યુઆરીએ આ ખબર સામે આવી હતી કે ૨૬ વર્ષની આ અભિનેત્રીનું ૨૩ જાન્યુઆરીએ નિધન થઈ ગયું છે. સમાચાર એજન્સી અનુસાર આ સમાચારની પુષ્ટિ કરવામાં આવી છે. એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે સોંગ યુ જુંગે ૨૩ જાન્યુઆરી ૨૦૨૧ ના ??રોજ આ દુનિયાને અલવિદા કહ્યું હતું અને ૨૫ મી જાન્યુઆરીએ તેમનો અંતિમ સંસ્કાર તેના પરિવારની ઈચ્છા મુજબ ખૂબ મૌન સાથે કરવામાં આવ્યો હતો.

સોન્ગએ ૨૦૧૩ ના સિટકોમ ગોલ્ડન રેઈનબોથી અભિનયની શરૂઆત કરી હતી, જેમાં તે કિમ યો જંગ અને જંગ ઈલ વૂ જંગની સાથે જોવા મળી હતી. આ ફિલ્મમાં તેણે કેટલાક વાસ્તવિક ભાવનાત્મક દ્રશ્યો આપ્યા હતા. તેણે બીજી શ્રેણી 'મેક એ વિશ (૨૦૧૪') માં પોતાના અભિનય માટે દર્શકોનું ધ્યાન આકર્ષિત કર્યું. તેની ટૂંકી કારકિર્દીમાં, સોંગે તેની કે-ડ્રામા ભૂમિકાઓ અને સંગીત વિડિયો પ્રોડક્શન્સથી લોકપ્રિયતા મેળવી. તે છેલ્લે ૨૦૧૭ માં 'કેબીએસ સ્કૂલ' માં ટીવી પર જોવા મળી હતી. આ સિરિયલ તેની સાથે કિમ સે જોંગ અને કિમ જંગ હ્યુન સાથે જોવા મળી હતી. તાજેતરમાં જ, તે ૨૦૨૦ માં સોંગ નાઈવની હાઉ ડૂ આઈ ફોર ફીમેલ લીડ માટેના મ્યુઝિક વીડિયોમાં જોવા મળી હતી. તે તેની કારકિર્દીની અનેક જાહેરાતોમાં પણ જોવા મળી હતી.

# એક્ટર કાર્તિક આર્યન પોતાની આવનારી ફિલ્મ ધમાકાને લઈને ચર્ચામાં




(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૭

બોલિવૂડ એક્ટર કાર્તિક આર્યન આ દિવસોમાં પોતાની આવનારી ફિલ્મ ધમકા લઈને ચર્ચામાં છે. કેટલાક દિવસો પહેલા જ તેમણે આ ફિલ્મનું શૂંટિંગ પુરૂ કર્યું હતુ. મીડિયા રિપોર્ટ પ્રમાણે આ પણ કહેવામાં આવ્યું છે કે એક્ટરે આ ફિલ્મનું શૂટિંગ માત્ર ૧૦ દિવસમાં પુરૂ કરીને અનોખો રેકોર્ડ બનાવ્યો છે. હવે ધમાકાને લઈને નવા વાત સામે આવી છે. સામે આવેલી વીગતો અનુસાર ઓટીટી પ્લેટફોર્મ નેટફ્લિક્સની સાથે મળીને ફિલ્મની ડીલ કરી છે. સુત્રોનું માનિએ તો કાર્તિકની ફિલ્મને પોડ્યુસર્સને નેટફ્લિક્સને લગભગ ૮૫ કરોડમાં વેચી છે. ધમાકા કાર્તિકની મોસ્ટ અવેટેડ ફિલ્મોમાની એક છે. એવામાં મેકર્સ તેને જલદીથી જલદી રિલીઝ કરવાનું વિચારી રહ્યા છે. જણાવવામાં આવી રહ્યું છે કે આ ફિલ્મ જૂનમાં રિલિઝ કરવામાં આવી શકે છે. આવનારા કેટલાક દિવસોમાં પ્રોડક્શન હાઉસ અને ઓટીટી પ્લેટફોર્મની વચ્ચે ફાઈનલ પેપરવર્ક થવાની આશા છે.

ધમાકામાં કાર્તિક આર્યન સાથે સુપર-૩૦ ફેમ એક્ટ્રેસ મૃણાલ ઠાકુર જોવા મળશે. રામ માધવાનીએ આ ફિલ્મનું ડાયરેક્શન કર્યું છે. કેટલાક દિવસો પહેલા પોતાના જન્મ દિવસના અવસરે કાર્તિકે આ ફિલ્મનું પહેલુ પોસ્ટર ફેન્સ સાથે શેર કર્યું હતું. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો કાર્તિકની પાસે આ સમયે ઘણા સારા ઈન્ટરેસ્ટિંગ પ્રોજોક્ટ છે. ધમાકા ઉપરાંત તે દોસ્તાના-૨ અને ભૂલ ભૂલૈયા-૨ જેવી ફિલ્મોમાં જોવા મળશે. આ ફિલ્મોની લોકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

# રાજકોટના મવડીમાં પાસે આઈસર-એક્ટિવા વચ્ચે અકસ્માત : એક્ટિવાચાલકનું મોત

રાજકોટ,તા.૨૯

રાજકોટના મવડીમાં આઈસરે એક્ટિવાને ઉલાળતા ખાનગી સ્કૂલમાં ક્લાર્કની નોકરી કરતા કશ્યપ ભટ્ટનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ પોલીસને થતાં માલવીયાનગર પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃતદેહને પીએમ માટે હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી. આઈસર ચાલક અકસ્માત સર્જી ફરાર થઈ ગયો હતો.



આઈસર નંબર GJ-3-BT-9894 મવડી વિસ્તારમાં આવેલા ફાયર બ્રિગેડ નજીકથી પસાર થઈ રહ્યું હતું. દરમિયાન પૂરપાટ ઝડપે આવતા આ આઈસરે GJ-3-KB-2378 નંબરના એક્ટિવાને ઉલાળ્યું હતું. જેને પગલે એક્ટિવાની સાથે તેના ઉપર સવાર કશ્યપ પણ ફંગોળાયો હતો. ઘટનાને પગલે સ્થાનિકો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા. અને પોલીસ તથા ૧૦૮ને જાણ કરવામાં આવી હતી. માલવિયાનગર પોલીસ સ્ટેશનના PSI બી.બી. રાણાએ જણાવ્યું હતું કે, મૃતક રાજકોટના ગોપાલનગરમાં રહે છે અને મવડી પાસે આવેલી મોદી સ્કૂલમાં ક્લાર્ક તરીકે ફરજ બજાવતા હતા. બપોરે ઘરેથી સ્કૂલે જતા હતા ત્યારે આઈસરે અડફેટે લીધા હતા. આથી તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નીપજ્યું હતું. આઈસર ચાલક પોતાનું વાહન મૂકી ફરાર થઈ ગયો છે.

# ફાયર સેફ્ટિ મુદ્દે હાઈકોર્ટ લાલઘૂમ : ફાયર સેફ્ટિ વિનાની ૧૫૧ હોસ્પિટલોમાં દર્દીને દાખલ કરવા પર પ્રતિબંધ

## શહેરની ૨૨૦૦ પૈકી ૭૦૦ હોસ્પિટલોમાં ફાયર સેફ્ટી એનઓસી નહીં

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૨૯

અમદાવાદમાં ફાયર સેફ્ટી મુદ્દે ચોંકાવનારા આંકડા સામે આવ્યા હતા. શહેરના ચીફ ફાયર ઓફિસરે ગુજરાત હાઈકોર્ટમાં ફાયર સેફ્ટી મુદ્દે એક સોગંદનામું રજૂ કર્યું હતું, જેમાં ચોંકાવનારા આંકડાથી ખળભળાટ મચી જવા પામ્યો હતો. ચીફ ફાયર ઓફિસરે સોગંદનામામાં આપેલી માહિતી પ્રમાણે, શહેરની ૨૨૦૦ પૈકી ૭૦૦ હોસ્પિટલોમાં ફાયર સેફ્ટી એનઓસી નહીં હોવાનો ખુલાસો થયો હકો, આ સિવાય ૨૩૮૫ પૈકી ૧૮૫ ટ્યૂશન ક્લાસમાં ફાયર એનઓસી નથી. શહેરની ૧૨૦૦ હોટલ રેસ્ટોરન્ટ પૈકી ૪૫૦માં ફાયર એનઓસી નથી. શહેરના ઘણા એવા હાઈરાઈઝ બિલ્ડીંગમાં એનઓસી ન હોવાનો ખુલાસો પણ થયો હતો. અમદાવાદમાં ૬૦ મોલ પાસે ફાયર સેફ્ટીનો અભાવ હોવાની હકીકત પણ સામે આવી હતી. આજે ગુજરાત હાઈકોર્ટે ફાયર સેફ્ટી મુદ્દે એએમસીની ઢીલી કામગીરી પર સવાલો ઉઠાવ્યા હતા અને ગુજરાત હાઈકોર્ટે એએમસીને ફટકાર પણ લગાવી હતી. આ દરમિયાન હાઈકોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો કે, અમદાવાદમાં ૧૫૧ હોસ્પિટલમાં ફાયર સેફ્ટી જ નથી. જેને લઈ હાઈકોર્ટે અમદાવાદ કોર્પોરેશનને આદેશ આપ્યો છે કે, આ ૧૫૧ હોસ્પિટલ વિરૂદ્ધ તાત્કાલિક નોટિસ ઈશ્યુ કરો. અને આ તમામ હોસ્પિટલોમાં જો ફાયર સેફ્ટી ના હોય તો દર્દી દાખલ નહીં કરી શકે. ત્યાં જ હોઈકોર્ટે તમામ હોસ્પિટલોને ફાયર સેફ્ટી મામલે ૨૪ ફેબ્રુઆરી સુધીનું અલ્ટીમેટમ પણ આપ્યું છે. જો આ ૧૫૧ હોસ્પિટલોમાં ૨૪ ફેબ્રુઆરી સુધીમાં ફાયર સેફ્ટીનો અમલ કરવામાં ના આવે તો તાત્કાલિક ધોરણે તેમના વિરૂદ્ધ કાર્યવાહી કરવાનો હાઈકોર્ટે આદેશે આપ્યો છે.

# મુળી તાલુકાના વિરપર ગામે યુવાન તથા યુવતીનો સજોડે આપઘાત

ચક્રવાત ટીમ મુળી,તા.૨૯

ચુંટણીની તૈયાર વચ્ચે સુરેન્દ્નગર જીલ્લાના મુળી તાલુકામા હદય કંપાવી ઘટના સામે આવી હતી જેમા મુળી તાલુકાના વિરપર ગામની સીમમાં એક યુવાન તથા યુવતીનો લાશ મળી આવી હતી. વિરપર ગામથી દુર એટલે કે વગડા વિસ્તારમા બંન્નેના મૃતદેહ હોવાથી આત્મહત્યાનો સમય જાણવા નથી મળી શક્યો પરંતુ સ્થાનિકો દ્વારા મુળી પોલીસને ઘટનાની જાણ કરતા જ પીએસઆઈ સહિતનો સ્ટાફ વિરપર ગામે દોડી જઈ તપાસ હાથ ધરી હતી



જેમા પ્રાથમિક તપાસ દરમિયાન યુવાન તથા યુવતિ પ્રેમ પ્રકરણમાં હોય અને આત્મહત્યા કરી હોવાનુ બહાર આવ્યુ છે સાથે યુવતિના ગળામાં મંગળસૂત્ર હોવાથી યુવતિ પરણિત હશે અથવા તો આત્મહત્યા પહેલા મૃતક યુવાનના હાથથી મંગળસુત્ર પહેરી બાદમા બંન્નેએ મોત વ્હાલુ કર્યાં હોવાની વિગતો સામે આવી હતી.

# પાટડી ના પીપળીધામ ખાતે કૌટુંબિક ભત્રીજા દ્વારા કાકી પર દુષ્કર્મ

ચક્રવાત ટીમ સુરેન્દ્રનગર,તા.૨૯

પાટડી તાલુકા ના પીપળી ગામે મહિલા ને કૌટુંબિક ભત્રીજા માવજીભાઈ ઈશ્વર ભાઈ વાણીયા એ ખાવામાં કંઈક ભેળવી દઈ બેભાન કરી દુષ્કર્મ આચરી ને વિડિઓ કલીપ ઉતારી લઈ અને તે વિડિઓ કલીપ દ્વારા મહિલા ને વારંવાર ધમકીઓ આપી અને કહેલ કે તારા માં હવે રસ નથી તારી છોકરી ને મોકલજે. ત્યારબાદ માવજીભાઈ વાણીયા ની પત્નીએ તથા માતાએ મહિલા ના ઘેર જઈને વિડિઓ કલીપ બતાવી વાઈરલ કરવાની ધમકીઓ આપતા કંટાળી ને મહિલા એ ઘરમાં પડેલ જૂની ગોળીઓ ખાઈ લઈને આત્મહત્યા નો પ્રયાસ કર્યો હતો. ગંભીર હાલત માં મહિલા ને પાટડી અર્થે સારવાર માટે લઈ જવાઈ ત્યાર બાદ હાલત લથડતા સી.યુ.શાહ હોસ્પિટલ સુરેન્દ્રનગર ખાતે મહિલાને લઈ જવાઈ ત્યાં મહિલા ભાનમાં આવતા માવજીભાઈ, તથા તેમની પત્ની દુર્ગાબેન માવજીભાઈ, તથા માતા અમરબેન ઈશ્વરભાઈ વાણીયા વિરુદ્ધ રહે. પીપળી વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. જેની આગળ ની તપાસ હાલ બજાણા પોલીસ સ્ટેશન ના ઈન્ચાર્જ પી.એસ.આઈ વી.એન.ચૌધરી ચલાવી રહયા છે.

# મતગણતરીની તારીખ અલગ-અલગ રાખવાના નિર્ણયને હાઈકોર્ટમાં પડકાર

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૨૯

સ્થાનિક સ્વરાજની ચૂંટણી મામલે હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી છે. ચૂંટણીપંચે બહાર પાડેલા પરિપત્રને હાઈકોર્ટમાં પડકારાયો છે. મહાનગરોની ચૂંટણીનાં પરિણામ બાદ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની ચૂંટણીનું મતદાન થાય તો મુક્ત અને ન્યાયી ચૂંટણીપ્રક્રિયા પ્રભાવિત થઈ શકે એવી અરજદારે કોર્ટમાં રજૂઆત કરી છે. સાથે જ અરજદારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની મતગણતરીની તારીખ એક જ રાખવી જોઈએ એવી રજૂઆત કરી છે. હાઈકોર્ટ દ્વારા આગામી દિવસોમાં સુનાવણી હાથ ધરાશે.

સ્થાનિક સ્વરાજ્યની અલગ અલગ ચૂંટણીને લઈને ગુજરાત કોંગ્રેસ-પ્રમુખ અમિત ચાવડાએ ટ્વીટ કર્યું હતું કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને અમે તૈયાર છીએ. વર્ષ ૨૦૧૫માં હાઈકોર્ટેના આદેશ બાદ પણ ભાજપના દબાણમાં મતગણતરીની અલગ અલગ તારીખ જાહેર કરાઈ છે. ચૂંટણીપંચના આ નિર્ણયને અમે કોર્ટમાં પડકારીશું.

# રાજુલા તાલુકામાં બર્ડફલુની શક્યતા

## ગ્રામ્ય વિસ્તારોમાં પક્ષીઓનાં મોત થતાં ભોપાલ લેબમાં નમૂના મોકલાયા

ચક્રવાત ટીમ રાજકોટ તા.૨૯

જિલ્લાનાં રાજુલા તાલુકાનાં ગ્રામ્ય પંથકમાં જુદા જુદા સ્થળોએ શંકાસ્પદ હાલતમાં પશુ-પક્ષીઓ મૃત્યુ પામતા હોવાની જાણ થતાં પશુ ચિકિત્સકોની ટીમોએ મૃત પશુ-પક્ષીનાં સેમ્પલ ભોપાલ ખાતેની પશુ પ્રયોગશાળામાં તપાસઅર્થે મોકલી આપેલ છે. રાજુલા તાલુકાના ગામડાઓમાં પશુ-પક્ષીઓ મૃત્યુ પામેલ પક્ષીઓમાં બર્ડફલુ હોવાની શંકાના કારણે પશુપાલન વિભાગ દ્વારા તકેદારીના પગલાઓ ભરવામાં આવી રહ્યા છે.

# સુરત : લબ્ધી પ્રિન્ટમાં આગથી લાખોનું નુકશાન

## અશ્વિનીકુમાર રોડ પર ફેક્ટરીમાં આગ લાગતા ૩૫ વ્યક્તિને રેસ્ક્યુ કરી ફાયર બ્રિગેડે બચાવ્યા

ચક્રવાત ટીમ રાજકોટ તા.૨૯


અહીંના અશ્વિનીકુમાર રોડ પર આવેલી લબ્ધી પ્રિન્ટ નામની કાપડની ફેક્ટરીમાં આજે સાંજે અચાનક આગ ફાટી નીકળતા ફાયર બ્રિગેડની ટીમ દ્વારા ૮ થી વધુ ફાયર ફાઈટરોની મદદથી ભિષણ બનેલ આગ પર કલાકોની જહેમત બાદ કાબુ મેળવાયેલ. અચાનક ફેકટરીમાં આગ ફાટી નીકળતા ફેકટરીના શ્રમિકોને સલામત રીતે બહાર કાઢી લેવાયા હ તા. આગમાં ફસાયેલ ૩૫ જેટલી વ્યક્તિઓને ફાયર બ્રિગેડ દ્વારા રેસકયુ કરી સલામત રીતે બહાર કઢાયા હતા.

આગ બૂઝાવવાની ચાલતી કામગીરી દરમ્યાન ચીફ ફાયર ઓફિસર વસંત પરીખ ગૂંગળામણ થતા ઈજાગ્રસ્ત બનતા સત્વરે સારવારઅર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ. લબ્ધી પ્રિન્ટમાં લાગેલ ભિષ આગથી લાખો રૂપિયાના નુકશાનનો અંદાજ દર્શાવવામાં આવી રહ્યો છે.

# વિકાસની રસધાર : ૫૫ કરોડના શીલજ ઓવરબ્રિજની લાઈટ ૯ દિવસમાં જ થઈ બંધ

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૨૯

શહેરમાં એક મહિનામાં અનેક ઉદઘાટન થયા. સરકારી કામોની તડામાર તૈયારીઓ દેખાતી હતી, જેને કારણે બ્રિજ અને અન્ય કામકાજમાં ક્યાંક વ્યક્તિગત હાજરીમાં તો ક્યાંક ઓનલાઈન લોકાર્પણ કાર્યક્રમ યોજાયા હતા. એમાં અમદાવાદના થલતેજથી શીલજ તરફ રેલવે ઓવરબ્રિજનું પણ ઉદઘાટન થયું હતું, પરંતુ ઉદઘાટનના બે દિવસ રોશનીથી ઘેરાયેલા ઓવરબ્રિજને હજી ૯ દિવસ પૂરા



નથી થયા ત્યાં લાઈટો બંધ થઈ ગઈ છે. અમદાવાદ થલતેજથી શીલજ તરફ જતા ઓવરબ્રિજને તાજેતરમાં ગૃહમંત્રી અમિત શાહે ઓનલાઈન લોકાર્પણ કર્યું હતું. લોકાર્પણને આજે ૯ દિવસ પૂરા થયા છે. ત્યારે લોકાર્પણના સમયે સમગ્ર ઓવરબ્રિજને રોશનીથી ઝગમગાટ કરવામાં આવ્યો હતો.

લોકો બ્રિજની રોશની અને ઝગમગાટ જોવા આવતા હતા. લોકાર્પણ થયાના ૯ દિવસમાં લગાવેલી રોશની તો નથી, પરંતુ બ્રિજ પર લાગેલી પોલ લાઈટ પણ સંપૂર્ણ બંધ થઈ ગઈ છે, જેને કારણે બ્રિજ અંધકારમાં છવાઈ ગયો છે અને રાતે મોડા પસાર થતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. અમદાવાદ શહેરમાં એક પછી એક બ્રિજનું લોકાર્પણ થઈ રહ્યું છે, ત્યારે ૨૧ જાન્યુઆરીના રોજ શહેરના થલતેજ-શીલજને જોડતા રાંચરડા ચાર રસ્તા પર રેલવે ઓવરબ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણી અંતર્ગત ચૂંટણીપંચ દ્વારા ગાઈડલાઈન જાહેર

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૨૯

કોરોના સંકટ વચ્ચે ગુજરાતની સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે, ત્યારે રાજ્યના ચૂંટણી પંચે પણ જીવલેણ વાઈરસના સંક્રમણથી બચવા માટે કેટલીક ગાઈડલાઈનો જાહેર કરી છે. આથી કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચે જાહેર કરેલી ગાઈડ લાઈનનું પાલન કરીને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલી ગાઈડલાઈન અનુસાર, સ્થાનિક સ્વરાજની ચૂંટણીના ડોર ટૂ ડોર પ્રચાર માટે માત્ર ૫ વ્યક્તિઓને જ મંજૂરી આપવામાં આવી છે. જ્યારે શક્ય હોય, ત્યાં સુધી ડિજિટલી અભિયાન કરવા સૂચન કરવામાં આવ્યું છે. જ્યારે માસ્ક પહેરવા અને સોશિયલ ડિસ્ટન્સ જેવા નિયમોનું પાલન કરવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.

આ સિવાય કોરોના સંક્રમિત ઉમેદવારે ઓનલાઈન ડિજિટલી પ્રચાર કરવાનો રહેશે. આ માટે નોડલ અધિકારીઓને સમગ્ર કોવિડ ગાઈડલાઈનનું પાલન કરાવવાની જવાબદારી સોંપવામાં આવી છે.

# મોરબીમાં શરૂ થશે ફોર વ્હીલર વાહન માટેની G.J. 36 AC (એસી) નવી સીરીઝ

## પસંદગીના નંબર ઓનલાઇન ઇ-ઓકશનથી ફાળવવામાં આવશે

મોરબી જિલ્લામાં ફોર વ્હીલર વાહન માટે નવી સીરીઝ બહાર પાડવામાં આવી છે જેમાં આ સીરીજ GJ-36- AC- ૦૦૦૧ થી ૯૯૯૯ ની પસંદગીના નંબર તા.૧૮-૦૨-૨૦૨૧થી ઓનલાઈન ઈ-ઓકશનથી ફાળવવામાં આવશે. ફોર વ્હીલર પ્રકારના વાહનો માટે પસંદગી નંબર મેળવવા માટે નિયત ફી રૂ ૫૦૦૦/- તથા ગોલ્ડન નંબરની ઓછામાં ઓછી ફી રૂ.૨૫૦૦૦/- તથા સીલ્વર નંબરની ઓછામાં ઓછી ફી રૂ. ૧૦૦૦૦/- સરકાર દ્વારા નકકી કરેલ છે. પસંદગી નંબર માટે અરજી જે વાહનોનો ટેક્ષ/કર મોરબી આર.ટી.ઓ કચેરી ખાતે ભરપાઈ કરવામાં આવેલ હોય અને નોંધણી માટે અધિકારીની સહી થયેલ હોય તેવા જ ફોર્મને પસંદગી નંબર માટે ધ્યાને લેવામાં આવશે. પસંદગીના નંબરો મેળવવા માટે તા. ૦૧/૦૨/૨૦૨૧ સુધી https://parivahan.gov.in/fancy/ ઉપર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે તથા તા.૧૭/૦૨/૨૦૨૧ ના રોજ સવારે ૦૯:૦૦ થી તા.૧૮/૦૨/૨૦૨૧ ના રોજ ૧૬:૦૦ કલાક સુધી ઓનલાઈન ઈ-ઓક્શન ખુલ્લુ રહેશે અને તા. ૧૮/૦૨/૨૦૨૧ ના રોજ ૧૭:૦૦ કલાકે કોમ્પ્યુટર દ્વારા જનરેટ થયેલ ઈ-ઓક્શનનું પરિણામ નોટીસ બોર્ડ તેમજ પરીવહન સાઈટ પર ઓનલાઈન પણ જોઈ શકાશે.

# રાજ્યમાં ૧૦ થી વધુ શહેરોમાં તાપમાન ૧૦ ડીગ્રીથી નીચે

ચક્રવાત ટીમ રાજકોટ તા.૨૯

રાજ્યમાં ગત સપ્તાહથી શરૂ થયેલ ઠંડીનો ચમકારો આજે પણ યથાવત રહ્યો હતો. રાજ્યમાં ઠંડાટાર રહેતા ૧૦ થી વધુ શહેરોમાં નીચલા તાપમાનનો પારો ૪ થી ૧૦ ડીગ્રી વચ્ચે નોંધાવા પામ્યો હતો. નલિયા, ગાંધીનગર, ડીસા અને કેશોદમાં લોકોને અસહ્ય ઠંડીનો અનુભવ થવા પામેલ હતો. રાજ્યમાં તા. ૧ થી ૫ ફેબ્રુઆરી દરમ્યાન અસહ્ય ઠંડીમાંથી થોડી રાહતનો અનુભવ થયો પરંતુ તા. ૫ થી ૮ દરમ્યાન વાતાવરણમાં પલ્ટાની શક્યતાના કારણે ફરી તાપમાનનો પારો ગગડશે.

રાજ્યમાં આજે સૌથી વધુ ઠંડી નલિયા કચ્છ ખાતે ૪.૩, ગિરનાર ૪.૯, ગાંધીનગર ૬.૮, ડીસા ૭.૯, કેશોદ ૮.૩, કંડલા એરપોર્ટ ૯.૬, અમરેલી ૯.૮, જૂનાગઢ ૯.૯, વિદ્યાનગર ૯.૯, વલસાડ ૧૦, દિવ ૧૦.૩, વડોદરા ૧૦.૪, મહુવા ૧૦.૭, ભાવનગર ૧૧, રાજકોટ ૧૧.૧, અમદાવાદ ૧૧.૨, સુરેન્દ્રનગર ૧૧.૮, વેવરાળ ૧૨.૮, દ્વારકા ૧૩.૮ અને ઓખા ૧૫.૬ ડીગ્રી તાપમાન નોંધાયું હતું. રાજ્યમાં તા. ૧ થી ૫ વચ્ચે તાપમાનમાં વધારો નોંધાયા બાદ ફરી થોડો ફેરફાર જોવા મળશે.

# સોમનાથના દરિયામાં કાચની ટનલ મુકાશે, પ્રવાસીયો નિહાળી શકશે દરિયાઈ સૃષ્ટી

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૨૯

ગીર સોમનાથના યાત્રાધામ સોમનાથમાં પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે સરકાર અને ટ્રસ્ટ કટિબદ્ધ છે. ત્યારે હવે સોમનાથના દરિયામાં કાચની ટનલ મૂકવામાં આવશે તેવા એક સમાચાર સામે આવી રહ્યા છે. પ્રવાસીઓ માટે દરિયાઈ સૃષ્ટીને નિહાળવા માટે આ ટનલ બનાવાશે. ૩૦૦ કરોડના ખર્ચે પ્રવાસનને વેગ મળે તેવા પ્રોજેક્ટ હાથ ધરાયા છે. ત્રિવેણી દેહોત્સર્ગથી સમાકાઠે કેબલ બ્રિજ, વોટર સ્પોટ્સ, રેસ્ટોરન્ટ સહિતની સુવિધાઓ ઘાટ પણ કરવામાં આવશે. પાર્કિંગ ડોરમેટરી વચ્ચે થીમ આધારિત કેવ મ્યુઝિયમ બનશે. સોમનાથ ખાતે અધ્યતન બસ સ્ટેશન પણ તૈયાર કરાશે. અત્રે નોંધનીય છે કે, યાત્રાધામ સોમનાથમાં પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે સરકાર અને ટ્રસ્ટ નવા નવા પ્રયત્નો કરી રહ્યા છે. જેથી સોમનાથમાં કાચની ટનલથી દરિયાઈ જીવસૃષ્ટિ જોઈ શકાશે. પ્રવાસીઓને આકર્ષવા આગામી સમયમાં ૩૦૦ કરોડથી વધુના કામો હાથ ધરાશે. ત્રિવેણી દેહોત્સર્ગથી સામાકાંઠે કેબલ બ્રિજ, વોટર સ્પોર્ટસ, રેસ્ટોરન્ટ સહિતની સુવિધાઓ સાથે ઘાટને સુશોભીત કરાશે. જેમાં પાર્કિંગ ડોરમેટરી વચ્ચે થીમ આધારિત કેવ મ્યુઝિયમ બનશે. આ સાથે સોમનાથ એસટી બસ સ્ટેન્ડનું રેલ્વે સ્ટેશન સામે સ્થળાંતર કરી ત્યાં નવું અદ્યતન બસ સ્ટેશન બનાવવામાં આવશે. સોમનાથમાં આઈઆઈટીએ ચિંધેલા સ્થળોએ પુરાતત્વ વિભાગનું નિરીક્ષણ ચાલું છે. ત્રિવેણીમાં સામાકાંઠે ઘાટ બનાવાશે. પીએમ મોદી ચેરમેન બન્યા બાદ નવા કામો માટેનો નિર્ણય બેઠકમાં જ લેવાયા છે.




# જંત્રી રિવાઈઝ નહી થવા મુદ્દે સુપ્રિમ કોર્ટે રાજ્ય સરકારની કાઢી ઝાટકણી

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૨૯

રાજ્યમાં જમીન-મકાનોની ખરીદી સમયે ચુકવાતી જંત્રીમાં છેલ્લા ૧૦ વર્ષથી કોઈ જ વધારો નહી કરાયો હોવા મુદ્દે સુરતના અરજદારે સુપ્રિમ કોર્ટમાં અરજી કરતા સુપ્રીમ કોર્ટે કેન્દ્રીય નાણા મંત્રાલય, રાજ્ય સરકાર, સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ, સુરત કલેક્ટર, મહેસુલ વિભાગ અને શહેરી વિકાસ વિભાગને નોટિસ ફટકારી છે, કોર્ટે વધુ સુનાવણી છ અઠવાડીયા બાદ મુકરર કરી છે. આ કેસની વિગત એવી છે કે સુરતના ખેડૂત ભીખુભાઈ જગુભાઈ પટેલે જંત્રી રિવાઈઝ કરવા મુદ્દે હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરી હતી પણ હાઈકોર્ટે આ અરજી જેન્યુઈન નહી હોવાનું કહીને ફગાવી હતી. હાઈકોર્ટ બાદ ભીખુભાઈએ સુપ્રિમ કોર્ટમાં અરજી કરતા સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકાર સહિતનાને નોટિસ ફટકારી છે. અરજદારે અરજીમાં જણાવ્યુ છે કે જંત્રીનો ઉપયોગ માત્ર સ્ટેમ્પ ડ્યુટી માટે જ નથી થતો પણ અલગ અલગ ૨૦ કાયદામાં તેનો ઉપયોગ થાય છે. વર્ષ ૨૦૧૧થી ગુજરાત સરકારે જંત્રીને રિવાઈઝ કરી જ નથી જેના પગલે એક સમાંતર અર્થતંત્ર ઊભુ થઈ રહ્યુ છે અને સરકાર તેનું બજેટ બેલેન્સ કરવા માટે અન્ય જીવનજરુરી ચીજો સહિતની વસ્તુઓ પર ટેક્સ વધારી રહી છે. જંત્રી ઓછી હોવાના કારણે ખેડૂતોને દસ્તાવેજ નીચો બને છે અને ઉપરના બે નંબરના નાણાં લેવા પડે છે.

# ૨૦૧૩ના ખૂન કેસમાં પાંચેય આરોપીને આજીવન કેદની સજા

## એક રબારી મહિલા સહિત ચાર રબારી પુરુષો એ આહિર પુરુષને ઉતાર્યો હતો મોતને ઘાટ

ચક્રવાત ટીમ વંથલી,તા.૨૯

વંથલી સેશન્સ કોર્ટે આજે વર્ષ ૨૦૧૩માં થયેલ ખૂન કેસમાં પાંચ આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી હતી.

૨૦૧૩માં થયેલ હુમલામાં ખેતર માલિક અને ગંભીર ઈજાઓના પગલે મૃત્યુ થયું હતું. આ ઘટનાની ફરિયાદ માણાવદર પોલીસ સ્ટેશનમાં કલમ ૩૦૨, ૫૦૪,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯ આ મુજબનો ગુનો નોંધી માણાવદર પોલીસે આરોપીઓની ધરપકડ કરી હતી. આ કેસમાં આજરોજ સેશન્સ કોર્ટ વંથલીના એડિશનલ સેશન્સ જજ પદ્મનાભ વ્યાસ સાહેબ ની કોર્ટે અલગ-અલગ ૨૩ જેટલા મૌખિક પુરાવા અને ૩૮ જેટલા દસ્તાવેજી પુરાવાના અભ્યાસના અંતે તમામ આરોપીઓને આજીવન કેદ અને પ્રત્યેક આરોપીને રૂપિયા ૧૦ હજારનો દંડ ફટકાર્યો હતો. સેશન્સ કોર્ટ વંથલીના આ મહત્વના ચુકાદા થી ફરિયાદી પક્ષ માં ખુશીનો માહોલ છવાયો હતો તો આરોપી પક્ષે ફફડાટ મચી જવા પામ્યો હતો.